بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ**



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧/નવેમ્બર/૨૦૧૭**

**સફરુલ મુઝફ્ફર–રબીઉલ અવ્વલ શરીફ**

**હિજરી સન : ૧૪૩૯**

**વર્ષ : ૧૪, અંક : ૧૧, સળંગ અંક : ૧૬૭**

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**Web. :www.barkatekhwaja.net**

**Email : anjuman2006@hotmail.com**


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/– |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/– |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/– |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/– |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/– |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/– |


**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## અનુક્રમણિકા


01 મીલાદુન્નબી صلی اللہ علیہ وسلم મનાવવા વિશે વહાબિયત પહેલાંના અરબના ઉલમાના ફત્વાઓ 02

02 કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન 06

03 (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત 10

04 હદાઈકે બખ્શિશ 13

05 સીરતે રસૂલે મુખ્તાર صلی اللہ علیہ وسلم 15

06 ઈખ્તિયારાતે મુસ્તફા صلی اللہ علیہ وسلم 18

07 વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી : પયગમ્બરે ઈસ્લામ صلی اللہ علیہ وسلم 22

08 હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત 30

09 ગુનાહોનો ઈલાજ 33

10 માહે મુહર્રમથી આપણે શું શીખ્યા ? 35

11 હઝરત મુહમ્મદ વાસેઅ رحمۃ اللہ علیہના હાલાત તથા ખૂબીઓ 39

12 આ'લા હઝરત رضی اللہ عنہના ઈમાન તથા યકીનની પુખ્તતાની ઝલકો

13 ઈમામ અહમદ રઝા : શૈખુલ ઈસ્લામકી નઝરમેં 43

14 બરકાતે ખ્વાજાની ટપાલ 48


## જશ્ને મીલાદ હમ મનાએંગે



જશ્ને મીલાદ હમ મનાએંગે
રબ સે સદકા નબીકા પાએંગે
દૂર દિલ કી સિયાહી કરને કો
બઝ્મે સરકાર હમ સજાએંગે
દેખકર કબ્ર મેં હૂઝરકો હમ
નઅતે સલ્લે અલા સુનાએંગે
જો ભી જલતે હૈં નઅતે સરવરસે
કબ્રમેં વહ જલાએ જાએંગે
નઅતે સરકાર જો નહીં પઢ્તે
હમ પઢ કર ઉન્હેં પઢાયેંગે
મૈં યહાં આસ લે કે બેઠા હૂં
મુઝકો તયબહમેં કબ બુલાએંગે
ગરચે મુઝકો ઠુકરા દે ઝમાના
મેરે આકા મુઝે નિભાએંગે
કાશ ! મહશરમેં આપ ફર્મા દેં
આ જા 'શાકિર' તુઝે બચાએંગે

(સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)

# મીલાદુન્નબી ﷺ મનાવવા વિશે.... વહાબિયત પહેલાંના અરબના ઉલમાના ફત્વાઓ...

તંત્રી લેખ...

નિષાર તેરી ચહલ પહલ પર હઝારોં ઈદે રબીઉલ અવ્વલ
સિવાયે ઈબ્લીસ કે જહાંમેં સભી તો ખુશિયાં મના રહે હૈં !

વર્તમાનકાળના સઊદી નજદી વહાબી જેમણે સેંકડો વરસથી હિજાઝ મુકદ્દસની ભૂમિ અરબ પર જે સુન્ની ઉષ્માની તુર્કી હુકૂમત હતી જેમના સમયમાં સેંકડો વરસો સુધી નબીએ કરીમ ﷺની મીલાદ શરીફ શાનો શૌકતથી મક્કા–મદીના તેમજ અરબ દેશોમાં મનાવવામાં આવતી હતી. તે સુન્ની ઉષ્માની હુકૂમતને અંગ્રેજોના જોરે બગાવત કરીને જબરદસ્તી લગભગ **ઈ.સ. ૧૯૨૩** પછી પચાવી પાડી અને આ મુહમ્મદ અબ્દુલ વહહાબ નજદી ગુસ્તાખે રસૂલના ચેલાઓ સઊદીઓએ વહાબિયતનો ફેલાવો કર્યો. હુઝૂર ﷺની ગુસ્તાખીઓ કિતાબોમાં લખી તેમજ હરમૈન શરીફૈનના મોતબર્રક સ્થળો, અહલે બયત તથા હઝરત ઉષ્માનગની તથા અન્ય સહાબા رضوان الله تعالیٰ علیہم اجمعین નાં મઝારોને બુલડોઝરો વડે તોડી જન્નતુલ મા'લા તથા જન્નતુલ બકીઅને મેદાનમાં ફેરવી દીધાં. અને નબી વલીની તા'ઝીમને તથા તેમનાથી મદદ માગવાને શિર્ક ઠરાવ્યું, મીલાદુન્નબી ﷺ મનાવવાને હરામ ઠરાવ્યું.....વગેરે. આજે હિંદુસ્તાનમાં તેમના ચેલાઓ વહાબી, ગૈર મુકલ્લિદ, દેવબંદી..... વગેરે એવું કહીને લોકોને ગુમરાહ કરવાનો પ્રયત્ન કરે છે કે, "અરે ! જ્યાંથી ઈસ્લામનો ઉદ્ભવ થયો ત્યાં તો મીલાદુન્નબી (ﷺ) નથી મનાવાતો, ત્યાંના ઉલમા તો હરામ કહે છે, તો પછી આપણે કઈ રીતે મનાવી શકીએ ?!" પણ વહાબિયત પહેલાં હરમૈન શરીફૈન (મક્કા–મદીના)ના ઉલમાના મીલાદુન્નબી ﷺ મનાવવા વિશે શું હુકમો છે તેને વાંચો અને વહાબી દેવબંદીઓના દુષ્પ્રચારથી ફેલાતી ગુમરાહીને દૂર કરો.

## મીલાદુન્નબી ﷺ વિશે વહાબિયત પહેલાંના અરબના ઉલમાના ફત્વાઓ

અત્રે અરબના ઉલમાના ફત્વા ટૂંકાણમાં રજૂ કરીએ છીએ જેને હિ.સ. ૧૨૮૮ (ઈ.સ. ૧૮૭૧)માં મોલ્વી અબ્દુર્રહીમ સાહબ દહેલ્વી મેળવી લાવ્યા હતા અને તેને કિતાબ "રૌઝતુન્નઈમ"માં અંતના ભાગમાં છાપ્યા હતા. સવાલ આ પ્રમાણે છે :–

**સવાલ** : શું કહો છો તમે, અલ્લાહ તમારા પર રહમ કરે કે હઝરત ﷺનો મૌલુદ પઢવો અને ખાસ ઝિક્રે વિલાદતના સમયે કયામ કરવો, દિવસ નક્કી કરવો, મકાનને ડેકોરેટ કરવું (સજાવવું), ખુશ્બુ લગાડવી, કાંઈક કુર્આનમાંથી પઢવું, મુસલમાનોને ખાવા ખવડાવવું જાઈઝ છે કે નહીં ? એના પર સવાબ મળે છે કે નહીં !

## મક્કા શરીફના ઉલમાનો જવાબ

**જવાબ** : મીલાદ શરીફ વર્ણવેલ રીતે કરવામાં આવે તો સારા મુસ્તહબોમાંથી છે. એનો "મુન્કિર"

(નકારનારો) "બિદઅતી" છે. કેમ કે તેણે ઈન્કાર કર્યો એવી ચીજનો જે અલ્લાહ અને મુસલમાનોની નજીક સારી છે. જેમ કે ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہની હદીષમાં આવ્યું છે કે, "જે ચીજને મુસલમાન સારી જાણે તે અલ્લાહની નજીક પણ સારી છે." અને મુસલમાનોથી મુરાદ કામિલ મુસલમાન છે જેઓ આમિલ પણ હોય. અને અરબ તથા મિસ્ર તથા શામ (સીરિયા) અને રોમ તથા ઉન્દલુસના સર્વ ઉલમાએ મીલાદ શરીફને સારી જાણી છે. પૂર્વજ બુઝુર્ગોથી આજ સુધી એ "ઈજમાઅ" થઈ ગયો છે. અને જે ચીજ ઈજમાઅથી સાબિત થાય તે હક્ક઼ હોય છે. હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું, "મારી ઉમ્મત ગુમરાહી પર એકમત થશે નહીં." જેથી શરીઅતના હાકિમે જોઈએ કે મીલાદ શરીફના મુન્કિર (નકારનાર)ને શિક્ષા આપે. અને અલ્લાહ ખૂબ જાણનાર છે.

**ફત્વો આપનાર મક્કા શરીફના ઉલમાનાં નામો :** ★ સિરાજે હન્ફી : અબ્દુર્રહમાન ★ મુફતીએ શાફઈ : અહમદ દહલાન ★ મુફતીએ હંબલી : હસન ★ અબ્દુર્રહમાન જમાલ : હનફી ★ હસન તૈયબ : હનફી ★ મુહમ્મદ શરક઼ી : મુફતીએ માલિકી ★ સુલૈમાન ઈસા ★ અબ્દુલ ક઼ાદિર ખૂકીર ★ ઈબ્રાહીમ અલ્ફિતન ★ મુહમ્મદ જારુલ્લાહ ★ અહમદ દાગિસ્તાની ★ અબ્દુલ ક઼ાદિર શમ્સ ★ અબ્દુર્રહમાન આફંદી ★ અહમદ અબુલ ખૈર ★ અબ્દુલ ક઼ાદિર સખીની ★ મુહમ્મદ સઈદ ★ અબ્દુલ મુત્તલિબ ★ અહમદ કમાલ ★ મુહમ્મદ સઈદ અલ્અદીબ ★ અલી જૂદા ★ સૈયદ અબ્દુલ્લાહ કૌશક ★ હુસૈન અરબ ★ ઈબ્રાહીમ નવ મૂસા ★ અહમદ અમીન ★ શયખ ફિરદૌસ ★ અબ્દુર્રહમાન અજમી ★ અબ્દુલ્લાહ મશાત ★ અબ્દુલ્લાહ ક઼માશી ★ મુહમ્મદ બિલ્સબીલ ★ મુહમ્મદ સિયૂતી ★ અલી રહીતી ★ મુહમ્મદ સાલેહ ઝવારી ★ અબ્દુલ્લહ ઝવારી ★ મુહમ્મદ હબીબુલ્લાહ ★ અહમદ ખરાવી ★ અબ્દુલ્લાહ ઝવારી ★ સુલૈમાન ઉક઼બા ★ ઉમર સૈયદ શતી ★ અબ્દુલ હમીદ દાગિસ્તાની ★ મુસ્તફા અફીફી ★ મન્સૂર ★ મન્શાવે ★ મુહમ્મદ રાઝી.

## મદીના મુનવ્વરાના ઉલમાનો જવાબ

"તો જાણી લો કે જે કાંઈ કહેવામાં આવે છે મીલાદ શરીફમાં ખાવા ખવડાવવું અને પાક ચીજોનો ખર્ચ કરવો અને વિલાદત શરીફના ઝિક્ર વખતે ઉભા થવું અને ખુશી પ્રદર્શિત કરવી (જેમ કે પેંડા, મીઠાઈ વહેંચવી) એમાં શંકા નથી કે આ **સારી બિદઅત** તથા **મુસ્તહબ** છે અને **મહાન ફઝીલતવાળુ મુસ્તહન કાર્ય** છે. એનો **ઈન્કાર તે જ કરશે કે જે બિદઅતી હશે** જેથી એનું કહ્યું સાંભળવું જોઈએ નહીં. બલ્કે ઈસ્લામનો હાકિમ એને તઅઝીર એટલે સજા આપે. અને અલ્લાહ સારી રીતે જાણે છે. અને રહમતે કામિલા મોકલે અલ્લાહ આપણા સરદાર મુહમ્મદ ﷺ પર, અને એમની આલ પર અને અસ્હાબ પર, અને સલામ મોકલે.

**જવાબ આપનાર મદીના શરીફના ઉલમા :** ★ મુહમ્મદ અમીન ★ જઅફર હુસૈની બરઝંજી ★ અબ્દુલ જબ્બાર ★ જમાલુદ્દીન સૈયદ ★ ઈબ્રાહીમ બિન ખિયાર ★ યુસૂફ સૈયદ ★ સૈયદ મુહમ્મદ અલી ★ સૈયદ અબ્દુલ્લાહ બિન સૈયદ અહમદ ★ મુહમ્મદ ઈબ્ને અહમદ રિફાઈ ★ ઉમર બિન અલી ★ અલી હરીરી ★ સૈયદ મુસ્તફા ★ અહમદ સિરાજ ★ હસન અદીબ ★ અબ્દુલ બરકાત ★ અબ્દુલ ક઼ાદિર મશાત સૈયદ સાલિમ અહમદ અહબશી ★ મુહમ્મદ નૂર સુલૈમાની ★ અબ્દુર્રહીમ અલ્બરઈ ★ મુહમ્મદ ઉષ્માન કરદી ★ ક઼ાસિમ ★ અબ્દુલ અઝીઝ હાશમી ★ યૂસુફ રૂમી ★ મુહસિન ★ મુબારક ઈબ્ને સઈદ ★ હામિદ ★ મુહમ્મદ ★ હાશિમ બિન હસન ★ અબ્દુલ્લાહ ઈબ્ને અલી ★ અબ્દુર્રહમાન સફૂરી.

## જિદ્દાના ઉલમાનો જવાબ

''તો જાણી લો કે મૌલુદ શરીફ પઢવું (સવાલમાં) વર્ણવેલ રીતે એ શરીઅતની રૂએ સારી બિદઅત તથા મુસ્તહબ છે. **ઈન્કાર એનો એ જ કરશે જેના દિલમાં નિફાક઼નો હિસ્સો હશે.** અને કેવી રીતે ઈન્કાર કરે છે ?! જયારે અલ્લાહ તઆલા ફર્માવે છે : ذٰلِكَ وَمَنْ يُّعَظِّمْ شَعَآئِرَ اللّٰهِ فَاِنَّهَا مِنْ تَقْوَى الْقُلُوْبِ ﴿٣٢﴾ ''અને જે અલ્લાહની નિશાનીઓની તા'ઝીમ કરે તો એ દિલોની પરહેઝગારીથી છે.'' (સૂરએ હજ્જ, ૨૨/૩૨) અને અલ્લાહ સારી રીતે જાણે છે.

**જવાબ આપનાર જિદ્દાના ઉલમા :** ★ અલી બિન અહમદ બા સબરૈન ★ અબ્બાસ બિન જઅફર બિન સિદ્દીક઼ ★ અહમદ ફત્તાહ ★ મુહમ્મદ સુલૈમાન ★ અહમદ હબ્લસ ★ મુહમ્મદ સાલેહ ★ અહમદ ઉષ્માન ★ અહમદ બિન અજલાન ★ મુહમ્મદ સદક઼ા ★ અબ્દુર્રહીમ બિન મુહમ્મદ ઝુબૈદી.

## હદીદાના ઉલમાનો જવાબ

વર્ણવેલ વસ્તુઓ સાથે મીલાદ શરીફ પઢવી જાઈઝ છે, બલ્કે મુસ્તહબ છે, કરવાવાળાને સવાબ મળશે. ઘણા બધા આલિમોએ કિતાબો લખી છે અને લોકોને મીલાદ શરીફ મનાવવા પ્રોત્સાહિત કરેલ છે. અને તેમણે કહ્યું છે કે **મીલાદ શરીફનો મુન્કિર (નકારનાર) કોઈ નથી હોતો સિવાય બિદઅતી. એટલે કે બિદઅતી જ મીલાદ શરીફનો ઈન્કાર કરે છે.** જેથી શરીઅતના હાકિમો (ઈસ્લામી બાદશાહે) જોઈએ કે ઈન્કાર કરનારને સજા આપે.

**જવાબ આપનાર હદીદાના ઉલમા :** ★ અલ ફક઼ીર ઈલલ્લાહ યહયા બિન કરમ ★ અલી શામી ★ અલી બિન અબ્દુલ્લાહ ★ મુહમ્મદ બિન સાલિમ આલીશ ★ મુહમ્મદ ઈબ્રાહીમ હશીરી ★ મુહમ્મદ બિન અબ્દુલ્લાહ ★ મુહમ્મદ બિન દાઉદ બિન અબ્દુર્રહમાન ★ અલી ઈબ્ને ઈબ્રાહીમ ઝુબૈદી ★ અલી ઈબ્ને મુહમ્મદ હબ્બાબ ★ અહમદ બિન મુહમ્મદ ઈબ્નુલ ખલીલ ★ અબ્દુર્રહમાન બિન અલી હઝરમી.

## મીલાદ શરીફ વિશે ચારેવ મઝહબ તથા મસ્લકના ઉલમાના જવાબો

**સવાલ :** મીલાદ શરીફ મનાવવું તથા ક઼યામ કરવો જાઈઝ છે કે નહીં ?

**જવાબ :** મુસલમાનોનો સર્વ ઈસ્લામી શહેરોમાં એના પર અમલ છે. અને **જે જાહિલ બદબખ્ત મના કરે તેનો કોઈ વિશ્વાસ નથી.** *(મુફ્તીએ હનફી–મક્કા)*

- ❑ જમહૂર (બહુમતિ) આગલા પાછલાઓએ આ અમલને સારો જાણ્યો. *(બીજા હનફી મુફ્તી)*
- ❑ જે હનફીએ લખ્યું તે ઘણુ જ દુરુસ્ત છે. *(મુફ્તી માલિકી)*
- ❑ મૌલાનાનો જવાબ અમન મઝહબ છે. કોઈને એમાં ઈન્કાર નથી. *(બીજા માલિકી મુફ્તી)*
- ❑ મીલાદ શરીફનો અમલ સારો છે, કેમ કે એમાં એહસાન છે, અને કુર્આનની ક઼િરાઅત તથા અલ્લાહનો ઝિક્ર તથા ખુશી આનંદ એ હુઝૂર ﷺની મહોબ્બત દર્શાવે છે, અને બેદીનો તથા કાફિરોને જલાવવું

છે. તેઓ જોઈને રશ્ક (એક પ્રકારની ઈર્ષા) કરે છે. અને મીલાદ શરીફ તથા કયામ હમેશાં મુસલમાન કરતા રહ્યા છે. અમુકે મુસ્તહબ શબ્દથી અને અમુકે સારી બિદઅત દર્શાવેલ છે. *(મુફતીએ શાફઈ)*

- ❑ હા ! મૌલુદનો અમલ મુસલમાનોના ઈજમાઅથી જાઈઝ છે. અને વિલાદતના ઝિક્રના સમયે ઉભા રહેવું અદબ છે, સારું છે. કોઈ શરીઅતની બાબતની વિરૂધ્ધ નથી. અને ઈમામ અહમદના અમલથી એનું જાઈઝ હોવું નીકળે છે કે એમની સમક્ષ ઈબ્રાહીમ બિન તહમાનનો ઝિક્ર થયો. તકીયાથી કમર અલગ કરીને સીધા થઈને બેઠા અને ફર્માવ્યું કે એવું ન જોઈએ કે સાલેહ લોકોનો ઝિક્ર થાય અને અમે તકીયો લગાડીને બેસી રહીએ ! ઈબ્ને અકીલે કહ્યું, એટલા માટે જ્યારે બાદશાહનો હુકમ સંભળાવવામાં આવે છે તો લોકો ઉભા થઈ જાય છે, તો પછી મૌલુદ શરીફમાં કયામનો મસ્અલો તો એનાથી અફઝલ જ થયો. બસ, જેણે કયામ ન કર્યો જ્યારે લોકો એ જ મૌલુદ (કયામ કર્યો) તો તેણે જુલ્મ કર્યો, તે ધમકાવવાના પાત્ર છે. *(હંબલી મુફતી)*
- ❑ ચારેવ મઝહબોના ઉલમાનો એના પર ઈજમાઅ છે, પછી જે એમનાથી વિખૂટો થઈને એકલો બને તેનો કૌલ મરદૂદ છે *(ખતીબો મુદર્રિસે હરમ)*
- ❑ ઘણો જ સાચો જવાબ છે. એનો વિરોધી તે જ થશે જેની બીનાઈ (આંખોની દષ્ટિ) હક્ક તઆલાએ મિટાવી. *(ઈમામે મસ્જિદુલ હરામ)*
- ❑ મક્કાના મુફતીઓએ જે કાંઈ જવાબ આપ્યો છે એના પર વિશ્વાસ છે અને એમની તરફ રુજૂઅ કરવું (એને માનવું) વાજિબ છે. *(મૌલાના રહમતુલ્લાહ)*
- ❑ જે કાંઈ આ કાગળ (મીલાદ શરીફ, કયામ વિશે) લખ્યું છે સહીહ છે, કાંઈ શક નથી. (મોલ્વી મુહમ્મદ અબ્દુલહક્ક. આ આલિમ હિંદુસ્તાનથી હિજરત કરીને અરબમાં સ્થાયી છે. આલિમ, આમિલ, સૂફી, સાહિબે કલ્બે સલીમ, અલ્લાહ તઆલા એમના ઈલ્મમાં બરકત કરે)

યાદ રાખશો કે અમો આ જૂના તથા નવા ફત્વા હરમૈન શરીફૈન (મક્કા–મદીના)ના ઉલમાના એટલા માટે નકલ કરી આપ્યા કે અમુક ઉલમાએ એહલે સુન્નત એના તરફ છે કે મક્કા મદીનાના ઈજમાઅને દલીલ માને છે, ત્યાં સુધી કે ઈમામ બુખારીએ તો એ ઠરાવી આપ્યું કે દલીલ (હુજ્જત) છે. બુખારીનું લખાણ એ દર્શાવી રહ્યું છે કે હરમૈનની એકમતિ ઈજમાઅ છે.

આ ઉપરાંત બગદાદ શરીફના એ સમયના ઉલમાના અનેક ફત્વા મીલાદ શરીફ મનાવવું જાઈઝ હોવા વિશે આવેલા છે. તે ઉપરાંત દિલ્હી, બરેલી, રામપુર, ફિરંગી મહલના ફત્વાઓ મીલાદ શરીફ મનાવવાનું જાઈઝ હોવા પર આપ્યા હતા જે 'ગાયતુલ મરામ' નામની કિતાબમાં **હિ.સ. ૧૨૭૧ (ઈ.સ.૧૮૫૭)**માં છપાયા હતા. વધુ વિગત માટે તથા અસલ અરબી ફત્વા જોવા માટે વાંચો કિતાબ : "અન્વારે સાતિઆ દર બયાને મૌલુદો ફાતિહા" *(પેજ નં. : ૩૬૩ થી ૩૮૩, પ્રકાશક : અલ્મજમઉલ ઈસ્લામી– મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)*

**વાંચકોને અંતિમ ગુઝારિશ** : સારાંશ કે આ સઊદી, નજદી, વહાબી અને હિંદો પાકના વહાબી ગૈર મુકલ્લિદ, દેવબંદી, મૌદૂદી... વગેરે "અહલે સુન્નત વ જમાઅત"થી અલગ થયેલા નવા અકીદાવાળા નવા ગુમરાહ ફિર્કાઓ છે જેથી એમના ગલત પ્રોપેગન્ડાઓથી બચીને સુન્નિયત પર મજબૂત રહો.

સાથોસાથ એ ગુઝારિશ છે કે જે કામો શરીઅતમાં કોઈ જાતના વિવાદ વિના હરામ છે, જેમ કે બેન્ડ બાજા, ઢોલ ત્રાંસા વગેરેનાં જુલૂસો જેમાં બેપર્દા બેહયા

વધુ પેજ 21 પર..



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ આ'લે ઈમરાન મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૨૦૦ આયતો, ૪૮૦ શબ્દો, અને ૧૪૫૨૦ અક્ષરો છે.

اِذْ قَالَتِ امْرَاَتُ عِمْرٰنَ رَبِّ اِنِّیْ نَذَرْتُ لَكَ مَا فِیْ
بَطْنِیْ مُحَرَّرًا فَتَقَبَّلْ مِنِّیْ ۚ اِنَّكَ اَنْتَ السَّمِیْعُ
الْعَلِیْمُ ﴿٣٥﴾ فَلَمَّا وَضَعَتْهَا قَالَتْ رَبِّ اِنِّیْ وَضَعْتُهَاۤ
اُنْثٰى ؕ وَ اللّٰهُ اَعْلَمُ بِمَا وَضَعَتْ ؕ وَ لَیْسَ الذَّكَرُ
كَالْاُنْثٰى ۚ وَ اِنِّیْ سَمَّیْتُهَا مَرْیَمَ وَ اِنِّیْۤ اُعِیْذُهَا بِكَ وَ
ذُرِّیَّتَهَا مِنَ الشَّیْطٰنِ الرَّجِیْمِ ﴿٣٦﴾ فَتَقَبَّلَهَا رَبُّهَا
بِقَبُوْلٍ حَسَنٍ وَّ اَنْۢبَتَهَا نَبَاتًا حَسَنًا ۙ وَّ كَفَّلَهَا
زَكَرِیَّا ۚ كُلَّمَا دَخَلَ عَلَیْهَا زَكَرِیَّا الْمِحْرَابَ ۙ وَجَدَ
عِنْدَهَا رِزْقًا ۚ قَالَ یٰمَرْیَمُ اَنّٰى لَكِ هٰذَا ؕ قَالَتْ هُوَ
مِنْ عِنْدِ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ یَرْزُقُ مَنْ یَّشَآءُ بِغَیْرِ
حِسَابٍ ﴿٣٧﴾ هُنَالِكَ دَعَا زَكَرِیَّا رَبَّهٗ ۚ قَالَ رَبِّ هَبْ لِیْ
مِنْ لَّدُنْكَ ذُرِّیَّةً طَیِّبَةً ۚ اِنَّكَ سَمِیْعُ الدُّعَآءِ ﴿٣٨﴾

## સૂરએ આલે ઈમરાનની તફસીર

જ્યારે ઈમ્રાનની પત્નીએ વિનંતી કરી[૧૮૦] હે મારા પાલનહાર ! મેં તારા માટે મન્નત માની (તેની) જે મારા પેટમાં છે કે માત્ર તારી જ સેવામાં રહે[૧૮૧] તો તું મારા (તરફ)થી સ્વીકારી લે, બેશક ! તું જ સાંભળનાર જાણનાર છે (૩૫) પછી જ્યારે તે (ગર્ભ) ને જણ્યો, બોલી હે મારા પરવરદિગાર ! આ તો મેં પુત્રીનો જન્મ આપ્યો,[૧૮૨] અને અલ્લાહને સારી રીતે જાણ છે (તેની) જેનો તેણે જન્મ આપ્યો, અને તે દીકરો જે તેણીએ માગ્યો (તે) આ દીકરી જેવો નથી[૧૮૩] અને મેં એ (દીકરી)નું નામ મરયમ રાખ્યુ[૧૮૪] અને હું એ (દીકરી)ને અને એ (દીકરી)ની ઔલાદને તારા શરણે આપું, કાઢી મૂકાએલા શયતાન (ની શરારતો)થી (૩૬) તો તે (દીકરી)ને એના પરવરદિગારે સારી રીતે સ્વીકારી અને એનો ઉત્તમ પ્રકારનો ઉછેર કર્યો,[૧૮૬] અને તેણીને ઝકરિય્યાની દેખરેખમાં આપી. જ્યારે ઝકરિય્યા તેણીની નમાઝ પઢવાની જગ્યાએ જતા (ત્યારે) તેણી પાસે નવી ખોરાકી જોતા[૧૮૭] પૂછયું, હે મરયમ ! આ તારી પાસે ક્યાંથી આવ્યું ? બોલ્યાં, તે અલ્લાહ પાસેથી (આવ્યું) છે, નિ:શંક ! જેને અલ્લાહ ઈચ્છે (તેને)

ગણત્રી વગરનું આપે[૧૮૮] (૩૭) અહી[૧૮૯] ઝકરિય્યા પોતાના પરવરદિગારને પોકારી ઉઠયા, બોલ્યા હે મારા પાલનહાર ! મને પોતાના પાસેથી સ્વચ્છ સંતાન આપ, બેશક ! તુ જ દુઆ સાંભળનાર છે (૩૮) તો ફરિશ્તાઓએ તેને સાદ આપ્યો અને તે પોતાની નમાઝની જગ્યાએ ઉભો રહીને નમાઝ પઢી રહ્યો હતો[૧૯૦] (કે) બેશક ! અલ્લાહ આપને યહ્યા (ના જન્મ)ની ખુશખબર આપે છે, જે અલ્લાહ તરફના એક કલેમાની[૧૯૧] સત્યતા જાહેર કરશે અને સરદાર[૧૯૨] અને સદા માટે સ્ત્રીઓથી વેગળો રહેનાર અને નબી. અમારા ખાસ બન્દાઓમાંથી,[૧૯૩] (૩૯) કહ્યું, હે મારા પરવરદિગાર ! મારે દીકરો ક્યાંથી થશે, મને તો વૃદ્ધાવસ્થા આવી લાગી[૧૯૪] અને મારી સ્ત્રી વાંઝ (છે)[૧૯૫] ફર્માવ્યું, અલ્લાહ આમ જ કરે છે જે ઈચ્છે તે (૪૦)

## :: સમજૂતી ::

**૧૮૦ :** ઈમરાન નામનાં બે માણસો થઈ ગયા, એક ઈમરાન બિન યસહબ બિન ફાહિસ બિન લાવા બિન હઝરત યાકૂબ علیہ السلام. આ તો હઝરત મૂસા અને હારૂન علیہ السلامના વાલિદ થાય છે. અને બીજા ઈમરાન માસાન, આ હઝરત ઈસા علیہ السلامના અમ્માનાં વાલિદ થાય છે. બન્ને ઈમરાનોની વચમાં ૧૮૦૦ વર્ષોનું અંતર છે. અહીં બીજા ઈમરાન એટલે ઈમરાન બિન માસાનની પત્નીનું બયાન છે. તેણીનું નામ હન્ના બિન્તે ફાકૂઝા હતું. આ હઝરત મરયમનાં અમ્મા થાય છે.

**૧૮૧ :** અને તારી ઈબાદત સિવાય દુનિયાનું બીજુ કોઈ પણ કામ તેને નહીં હોય, બયતુલ મુક઼દ્દસની સેવા તેના શિરે હોય. ઉલમાએ આનો બયાન આ મુજબ કર્યો છે કે હઝરત ઝકરિયા અને ઈમરાન બન્ને સાઢુ ભાઈઓ હતા. એટલે કે બન્નેની પત્નીઓ સગી

فَنَادَتْهُ الْمَلٰٓىِٕكَةُ وَ هُوَ قَآىِٕمٌ يُّصَلِّيْ فِي الْمِحْرَابِ ۙ
اَنَّ اللّٰهَ يُبَشِّرُكَ بِيَحْيٰى مُصَدِّقًۢا بِكَلِمَةٍ مِّنَ اللّٰهِ وَ
سَيِّدًا وَّ حَصُوْرًا وَّ نَبِيًّا مِّنَ الصّٰلِحِيْنَ ﴿۳۹﴾ قَالَ رَبِّ
اَنّٰى يَكُوْنُ لِيْ غُلٰمٌ وَّ قَدْ بَلَغَنِيَ الْكِبَرُ وَ امْرَاَتِيْ
عَاقِرٌ ؕ قَالَ كَذٰلِكَ اللّٰهُ يَفْعَلُ مَا يَشَآءُ ﴿۴۰﴾

બહેનો થતી હતી, ફાકૂઝાની એક પૂત્રી જેનું નામ ઈશાઅ હતું તે હઝરત ઝકરિયાના નિકાહમાં હતાં અને હઝરત યહ્યા علیہ السلامના આપના પેટે જ અવતર્યા હતા, અને ફાકૂઝાની બીજી દીકરી જેનું નામ હન્ના હતું, તે ઈમરાન સાથે પરણેલાં હતાં, અહીં એ હન્નાનું જ બયાન છે.

એક લાંબો સમય થવા છતાં હન્નાને સંતાન પ્રાપ્ત ન થયું, એટલે સુધી કે વૃદ્ધાવસ્થા આવી અને નિરાશા છવાઈ ગઈ. આ કુટુંબ નેક લોકોનું હતું અને એ બધા લોકો અલ્લાહના મકબૂલ બંદાઓ હતાં, એક દિવસે હન્નાએ એક ઝાડ પર એક ચકલીને જોઈ, જે પોતાનાં બચ્ચાંને દાણો આપી રહી હતી. આ જોઈને એમના દિલમાં સંતાનનો શોખ જનમ્યો, અને અલ્લાહના દરબારમાં દુઆ કરી કે અય મારા પરવરદિગાર ! જો તું મને સંતાન આપશે તો હું એને બયતુલ મુક઼દ્દસનો સેવક બનાવીશ, અને એ સેવા માટે એને હાજર કરી દઈશ. જ્યારે તેઓ ગર્ભવતી થયાં અને પેલી મન્નત માની લીધી ત્યારે એમના પતિએ કહ્યું, તે આ શું કર્યું ? જો દીકરી જન્મશે તો શું થશે ? તે દિવસમાં બયતુલ મુક઼દ્દસની સેવામાં ફક્ત

છોકરાઓને જ મૂકવામાં આવતા હતા. અને છોકરીઓને સ્ત્રી જાતની કેટલીક નાપાકીઓ તેમજ સ્ત્રીની જન્મજાત કમજોરી અને પુરૂષોની સાથે રહી શકતી ન હોવાથી એ સેવાને પાત્ર ગણવામાં ન આવતી હતી તેથી તેઓને ઘણી ચિંતા થવા લાગી, અને હન્નાને બાળક જન્મે ત્યાર પહેલાં જ ઈમરાન મૃત્યુ પામ્યા.

**૧૮૨** : હન્નાએ આ શબ્દો પોતાની લાચારી દર્શાવવા માટે કહ્યા હતા, તેઓને પસ્તાવો અને દુઃખ થયું કે પુત્રીનો જન્મ થવાથી મન્નત કેમ કરી પૂરી થશે ?

**૧૮૩** : કારણ કે આ પુત્રી અલ્લાહની ખાસ મહેરબાની રૂપે છે. અને તેના ફઝલથી પુત્ર કરતાં વધારે ફઝીલત ધરાવે છે. આ પુત્રી તે હઝરત મરયમ હતાં. જેઓ પોતાના સમયની તમામ સ્ત્રીઓમાં સહુથી ખૂબસૂરત અને અફઝલ હતાં.

**૧૮૪** : મરયમનો અર્થ છે ઈબાદત કરનાર ઔરત.

**૧૮૫** : અને મન્નતમાં દીકરાની જગ્યાએ હઝરત મયરમનો સ્વીકાર કર્યો, જન્મ પછી હન્નાએ હઝરત મરયમને એક કપડામાં વિંટાળીને બયતુલ મુકૃદસમાં ત્યાંના ધર્મગુરૂઓ સામે મૂકી દીધાં, આ ધર્મગુરૂઓ હઝરત હારૂન علیہ السلامના વંશજો હતા, અને બયતુલ મુકૃદસમાં એમનો મોભો એવો હતો જેવો કે કાબા શરીફમાં તેના ખાદિમોનો હોય છે, હઝરત મરયમ એમના એક આગેવાન તથા સંબંધીનાં દીકરી હતાં. અને તેઓનું ખાનદાન બની ઈસ્રાઈલમાં ઘણુ ઊંચુ અને ઈલ્મ ધરાવતું. તે બધાં જ જેમની સંખ્યા ૨૭ની હતી, હઝરત મરયમનો ઉછેર પોતાના શિરે લેવા તૈયાર થયા. હઝરત ઝકરિયાએ કહ્યું કે એ છોકરીના પાલનપોષણનો હકદાર હું છું, કારણ કે મારા ઘરમાં એ છોકરીની માસી છે, છતાં સમાધાન એ વાત પર થયું કે ચિટ્ઠીઓ નાખવામાં આવે, જ્યારે એવું કરવામાં આવ્યું ત્યારે હઝરત ઝકરિયાના નામની જ ચિટ્ઠી નીકળી.

**૧૮૬** : હઝરત મરયમ એક દિવસમાં એટલું વધતાં હતાં જેટલું કે બીજાં બાળક એક વર્ષમાં વધે છે.

**૧૮૭** : સીઝન વગરનાં ફળો ત્યાં પડેલાં જોતાં, હઝરત મરયમે કોઈ સ્ત્રીનું દૂધ પીધું ન હતું.

**૧૮૮** : હઝરત મરયમે બાલ્યાવસ્થામાં વાતચીત કરી જ્યારે કે તેણી હજુ પારણામાં ઉછરી રહ્યાં હતાં, અને એમના ફરઝંદ હઝરત ઈસા علیہ السلامએ પણ એ અવસ્થામાં જ વાત કરી હતી.

**મસ્અલો** : આ આયત અવલિયા અલ્લાહની કરામતોની દલીલ છે, અલ્લાહ તઆલા તેમની મારફત બુદ્ધિમાં ન આવે એવાં કાર્યો કરાવે છે.

હઝરત ઝકરિયા علیہ السلامએ જ્યારે આ જોયું ત્યારે કહેવા લાગ્યા કે જે પાક ઝાત કસમયે વગર સીઝનનાં ફળો કોઈની પણ મારફત વગર મરયમને આપે છે, તે બેશક ! એ બાબતમાં પણ કુદરત ધરાવે છે કે મારી વાંઝ પત્નીને નવી તંદુરસ્તી આપે અને મને આ વૃદ્ધાવસ્થામાં નિરાશા છવાઈ ગયા પછી પણ ઔલાદ આપે. એવું વિચારીને આપે દુઆ કરી જેનું વર્ણન આગળની આયતમાં આવે છે.

**૧૮૯** : એટલે કે બયતુલ મુકૃદસના મેહરાબમાં દરવાજા બંધ કરીને દુઆ માગી.

**૧૯૦** : હઝરત ઝકરિય્યા علیہ السلام મહાન આલિમ હતા, અલ્લાહ તઆલાના દરબારમાં કુરબાનીઓ આપવાનું કામ આપ બજાવતા હતા, અને મસ્જિદ શરીફમાં આપની રજા વગર કોઈ પ્રવેશી શક્તુ ન હતું, જ્યારે આપ મહેરાબમાં નમાઝમાં મગ્ન હતા, બહાર માણસો પ્રવેશ કરવાની રાહ જોઈ રહ્યા હતા, કારણ કે દરવાજા બંધ હતા, ત્યાં અચાનક

આપને એક સફેદ કપડાં પહેરેલો જુવાન દેખાયો, તે હઝરત જિબ્રઈલ علیہ السلام હતા, જેઓએ આપને ફરઝંદની ખુશખબરી આપી, જે ''ઈન્નલ્લાહ યુબશ્શિરૂક'' માં બયાન કરવમાં આવી છે.

**૧૯૧ :** કલેમાનો મતલબ હઝરત ઈસા બિન મરયમ علیہ السلام છે, જેઓને અલ્લાહ પાકે ''કુન'' ફર્માવીને વગર બાપે પેદા કર્યા, તેઓ પર સહુથી પ્રથમ ઈમાન લાવનાર અને આપની સત્યતા જાહેર કરનાર હઝરત યહ્યા علیہ السلام છે, જેઓ ઉમરમાં હઝરત ઈસા علیہ السلام કરતાં છ મહિના મોટા છે, આ બન્ને સાહેબો મસીયાઈ ભાઈઓ થાય છે. હઝરત યહ્યાનાં વાલિદા જ્યારે હઝરત મરયમને મળ્યાં ત્યારે કહ્યું કે હું ગર્ભવતી છું, હઝરત મરયમે કહ્યું, હું પણ હામિલા છું, ત્યારે હઝરત યહ્યાના વાલિદાએ કહ્યું, અય મરયમ ! મને એમ લાગે છે કે મારા પેટમાંનું બાળક તારા પેટમાંના બાળકને સિજદો કરી રહ્યું છે.

**૧૯૨ :** સૈય્યિદ એટલે કે સરદાર એવા આગેવાનને કહે છે કે લોકો જેની સેવા અને તાબેદારી કરતા હોય. હઝરત યહ્યા علیہ السلام મો'મિનોના સરદાર તેમજ જ્ઞાન અને ધીરજમાં તેઓના આગેવાન હતા.

**૧૯૩ :** હઝરત ઝકરિય્યા علیہ السلام એ આશ્ચર્યમુગ્ધ થઈને આવું કહ્યું હતું.

**૧૯૪ :** અને ઉમર ૧૨૦ વર્ષની થઈ ચૂકી હતી.

**૧૯૫ :** અને એની ઉમર ૯૮ વર્ષની છે : પ્રશ્નનો હેતુ એ જાણવાનો છે કે મને પુત્ર કેવી રીતે મળશે ? શું મારી જવાની પરત કરવામાં આવશે અને મારી પત્નીનું વાંઝીયાપણુ દૂર કરી દેવામાં આવશે ? અથવા અમે બન્ને આવી પરિસ્થિતિ પર જ હોઈશું.

**૧૯૬ :** ઘડપણમાં પુત્ર આપવો તેની કુદરતમાં કંઈ મુશ્કેલ નથી.


**બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

હજ્જ પ્રોગ્રામ-૨૦૧૮



લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.

ઉમરાહ ૨૦૧૭-૧૮નું બુકીંગ ચાલુ છે.

મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક

પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)
અરબ સ્ટ્રીટ, મુ. પો. નબીપુર, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



લકઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.

## દર્સે હદીષે પાક

## મિર્આતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**કાર્યાલય**

**હદીષ :** *(બીજો વિભાગ) હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે બીજીવાર હઝરત જિબ્રઈલ علیہ السلام એ બયતુલ્લાહની પાસે મારી ઈમામત કરી[૧] તો મને ઝોહર પઢાવી જ્યારે કે સૂરજ ઢળી ગયો અને સાયો તસ્મા (બુટની દોરી) બરાબર થયો[૨]. અને મને અસ્ર પઢાવી જ્યારે કે દરેક ચીજનો પડછાયો એના જેટલો થઈ ગયો[૩]. અને મને મગરિબ પઢાવી જ્યારે કે રોઝાદાર ઈફતાર કરે છે[૪]. મને ઈશા પઢાવી જ્યારે શફક઼ (સફેદી) ગાયબ થઈ ગઈ[૫] અને મને ફજર પઢાવી જ્યારે કે રોઝાદાર પર ખાવા પીવા હરામ થાય છે[૫]. પછી જ્યારે કાલ પડી તો મને ઝોહર ત્યારે પઢાવી જ્યારે કે ચીજનો પડછાયો તેના બરાબર થઈ ગયો[૭]. અને મને અસ્ર ત્યારે પઢાવી કે ચીજનો પડછાયો ડબલ થઈ ગયો[૮] અને મને મગરિબ પઢાવી જ્યારે કે રોઝાદાર ઈફતાર કરે છે[૯]. અને મને ઈશા ૧/૩ રાત સુધીમાં પઢાવી, અને મને ફજર પઢાવી અજવાળુ કરીને. પછી મારી તરફ ધ્યાનિત થયા અને અર્ઝ કરી, હે મુહમ્મદ મુસ્તફા[૧૦] ! ﷺ આ આપની પહેલાં નબીઓના સમયો છે[૧૧] અને એ સમયોના દરમિયાન નમાઝના સમયો છે[૧૨].*

*–(અબૂ દાઊદ, તિર્મિઝી)*

### :: સમજૂતી ::

**૧.** એટલે કે શબે મેઅરાજની સવારમાં જિબ્રઈલે અમીને બે દિવસ મને નમાઝ પઢાવી. સૌ પ્રથમ ઝોહર પઢાવી. યાદ રાખશો કે હઝરત જિબ્રઈલ હુઝૂર ﷺના ઉસ્તાદ નથી બલ્કે ખાદિમ છે. આ નમાઝ પઢાવવું એ અલ્લાહનો પયગામ પહોંચાડવા માટે હતું. આ અમલી રિસાલત હતી જે અદા કરી. અને ક્યારે મુક્તદી ઈમામથી અફઝલ હોય છે. હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ અબ્દુર્રહમાન ઈબ્ને ઔફની પાછળ ફજરની નમાઝ પઢી, જ્યારે કે હુઝૂર ﷺ નબી હતા અને તે ઉમ્મતી. તેમજ આ ઈમામતથી એ સાબિત નથી થતું કે નફ્લવાળાની પાછળ ફર્ઝ નમાઝ દુરુસ્ત છે, કેમ કે આજે એ નમાઝો હઝરત જિબ્રઈલ علیہ السلام પર ફર્ઝ થઈ ગઈ હતી. જ્યારે રબે તેમને હુકમ આપ્યો તો ફર્ઝ થઈ ગઈ. આ બનાવ બયતુલ્લાહના દરવાજાથી અડીને બન્યો જ્યાં આજે પણ લોકો નફ્લ પઢે છે. અહીં હોઝની જેમ જગા નીચી છે. કા'બાના ગુસ્લ વખતે અહીં જ ઝમઝમ ભરવામાં આવે છે. એ પણ ખયાલ રાખશો કે હઝરત જિબ્રઈલની આ તા'લીમ ઉમ્મતના માટે હતી, ન કે હુઝૂરના માટે. હુઝૂર ﷺ તો નમાઝનો તરીકો તેના પ્રથમ સમયોથી જ જાણતા હતા. પ્રથમ વહી જ્યારે આવી તો આપ ગારે હિરામાં એ'તેકાફમાં હતા. તેમજ મેઅરાજમાં જતી વખતે બયતુલ મુક઼દસમાં સર્વ રસૂલોને નમાઝ પઢાવીને ગયા. પછી બયતુલ મઅમૂરમાં સર્વ ફરિશ્તાઓને નમાઝ પઢાવી. આપ તો નબીઓ તથા ફરિશ્તાઓના

ઈમામ છે. પણ ઉમ્મતની તા'લીમ અહકામના ઉતર્યા બાદ થાય છે.

**૨.** એટલે કે તે દિવસે સૂરજ ઢળતાં માણસનો પડછાયો જોડાની દોરીના જેટલો હતો. કેમ કે ઉનાળ ાની ઋતુ હતી. આ પડછાયો ઋતુઓના લેહાઝથી ઘટતો વધતો રહે છે. યાદ રાખશો કે અહીં પડછાયાથી મુરાદ માણસોનો પડછાયો છે, ન કે હુઝૂર ﷺનો પડછાયો, ન હઝરત જિબ્રઈલ علیہ السلامનો, કેમ કે એ બંનેવ નૂર છે અને નૂરનો પડછાયો નથી હોતો. હુઝૂર علیہ الصلوٰۃ والسلامનો સાયો ન હતો, ભલે આખા જગત પર એમનો જ સાયો છે. એની તેહક઼ીક઼ અમારી કિતાબ ''રિસાલાએ નૂર''માં જુઓ.

**૩.** આ હદીષથી ઈમામ શાફઈ તથા સાહિબૈને દલીલ પકડી કે એક મિષ્લ પર અસરનો સમય થઈ જાય છે. આપણા ઈમામે આ'ઝમ رضی اللہ عنہની નજીક બે મિષ્લ (ડબલ થવા) પર થાય છે. જો કે આ હદીષ એમના પણ (શાફઈ) વિરુદ્ધ છે, કેમ કે એમાં અસલી સાયાનો ઉલ્લેખ નથી, જ્યારે એ બુઝુર્ગોની નજીક પણ અસરનો સમય અસલી સાયા સિવાય એક મિષ્લ સાયો થવા પર થાય છે. હક્ક઼ એ છે કે સમયોની આ હદીષ મન્સૂખ છે. જેમ કે એ દિવસે દરેક નમાઝ બે રકાત હતી એવી જ રીતે એ દિવસે નમાઝના સમયો આ હતા, બાદમાં નમાઝોની રકાતોમાં પણ વધારો થયો અને સમયોમાં પણ ફેરફાર થયો. ઈન્શા અલ્લાહ ! એની તેહક઼ીક આગલા પ્રકરણમાં થશે. અને મારી કિતાબ ''જા અલ હક્ક઼'' ભાગ–૨માં પણ જુઓ. એની નાસિખ હદીષોનો પણ ઉલ્લેખ આવી રહ્યો છે.

**૪.** એટલે કે આજકાલ જે સમયે ઈફતાર થાય છે એ સમયે મગરિબ પઢાવી, સૂરજ ડૂબતાં જ. નહીં તો એ દિવસે ન રોઝો ફર્ઝ હતો ન ઈફતાર હતો. રોઝા હિજરત બાદ ફર્ઝ થયા, જેથી હદીષ પર વાંધો નથી.

**૫.** એનો એ જ મતલબ છે કે જે ઉપર વર્ણન થયો. એટલે કે ગુરૂબ આફતાબની રતાશ પછી તે સફેદી શફક઼ છે, એના છુપાવા પર ઈશાનો સમય થઈ જાય છે, એ જ અહીં મુરાદ છે. જેવું કે ઈન્શા અલ્લાહ ! આગલા પ્રકરણમાં આવી રહ્યું છે.

**૬.** એનો એ જ અર્થ છે કે જે ઉપર વર્ણન થયો, એટલે આજકાલ જ્યારે પોહ ફાટવા પર રોઝાદારને ખાવુ પીવુ હરામ થાય છે (સુબ્હ સાદિક઼), એ સમયે ફજર પઢાવી, નહીં તો એ વખતે ન રોઝો હતો ન સહરી ન ઈફતાર.

**૭.** જાહેર એ છે કે આજે ઝોહર એ સમયે પઢાવી જે સમયે કાલે અસર પઢાવી હતી, એટલે એક મિષ્લ (એક ગણા) સાયા પર. જેથી આ હદીષ એકમતિએ મન્સૂખ છે, કોઈનો મઝહબ એ નથી કે ઝોહરનો અંતિમ અને અસર શરૂ તદ્દન એક સમય છે. સૌની નજીક ઝોહર પછી અસરનો સમય શરૂ થાય છે. અમુકે ફર્માવ્યું કે અહીં તફાવત કરતો સમય મુરાદ છે. એટલે લગભગ એક મિષ્લ સાયો હતો, એક મિષ્લના થોડાક જ પહેલાં. અમુકે કહ્યું કે ઝોહરની નમાઝ ખત્મ થતાં એક મિષ્લ થયો ન કે શરૂ પર. અમુકે ફર્માવ્યું કે એક મિષ્લ સાયા અસલી સાયા સાથે મુરાદ છે. એટલે કે કાલે અસર પઢાવી એક મિષ્લ પર અસલી સાયા ઉપરાંત ઉપર, આજે ઝોહર પઢાવી. એક મિષ્લ અસલ સાયા સહિત. સારાંશ કે આ હદીષ મુશ્કિલાતમાંથી છે. હક્ક઼ એ છે કે મન્સૂખ છે.

**૮.** આ ખબર પણ એકમતિએ મન્સૂખ છે, કેમ કે સૌની નજીક અસરનો સમય સૂર્ય અસ્ત થતાં ખત્મ થાય છે, ન કે પડછાયો ડબલ થવા પર. ઈમામે આ'ઝમ رضی اللہ عنہને ત્યાં એ સમયે અસર શરૂ થાય છે.

**૯.** એટલે કે મગરિબ બે દિવસે એક જ સમયમાં

પઢાવી. ઈમામ શાફઈ તથા માલિકનો એ જ કૌલ છે. પણ આપણે ત્યાં આ હદીષ જ મન્સૂખ છે. પ્રથમ હદીષમાં વર્ણન થઈ ચૂક્યું કે હુઝૂરે બીજા દિવસે મગરિબ શફક ગાયબ થવાના થોડા પહેલાં પઢાવી. જો મગરિબનો સમય કેવળ નમાઝ અદા કરે એટલો જ સમય હોત તો મોડુ કરવાનો શો અર્થ છે ?! અને એ હદીષ એના પછીની છે, કેમ કે આજે તો ઈસ્લામની પહેલી નમાઝો અદા થઈ રહી છે.

**૧૦.** આ શબ્દો હુઝૂર علیہ الصلوٰۃ والسلام ઈન્કેસારી (નમ્રતા)ના તૌર પર પોતાના શબ્દોમાં અદા ફર્માવી રહ્યા છે, નહીં તો હઝરત જિબ્રઈલે અતિશય અદબપૂર્વક અર્ઝ કર્યુ હતું કે યા હબીબ ! ﷺ જેમ કે આજે કોઈ આલિમ કહે કે મને જલસાવાળાઓએ કહ્યું કે, "તું" પણ કાંઈક કહે. જો કે જલસાવાળાઓ અદબથી (સારા નામ સાથે, તું કહીને નહીં) અર્ઝ કરે છે. તો હઝરત જિબ્રઈલ કેવળ નામ શરીફ (મુહમ્મદ ﷺ) લઈને કેવી રીતે પોકારી શકે છે ?! એ તો કુર્આની હુકમની વિરુદ્ધ છે !

રબ તઆલા ફર્માવે છે :–

لَا تَجْعَلُوْا دُعَآءَ الرَّسُوْلِ بَيْنَكُمْ كَدُعَآءِ بَعْضِكُمْ بَعْضًا ؕ

"રસૂલને પુકારવામાં આપસમાં એવું ન ઠરાવી લો જેવું કે તમે એકબીજાને પુકારો છો." *(સૂરએ નૂર, ૨૪/૬૩)*

**૧૧.** એટલે કે એ નમાઝીઓમાંથી જે નબીએ જે નમાઝો પઢી તે એ જ સમયોમાં પઢી. યાદ રાખશો કે કોઈ નબી પર આ પાંચ નમાઝો જમા ન થઈ. આ જમા થવું હુઝૂર ﷺની ઉમ્મતની વિશિષ્ટતામાંથી છે, જેથી હદીષ સ્પષ્ટ છે. બલ્કે અબૂ દાઊદ, બયહકી, ઈબ્ને અબી શયબા કહે છે કે, હુઝૂર ﷺએ ફર્માવ્યું, કે ઈશાની નમાઝ તમારાથી પહેલાં કોઈ ઉમ્મતે નથી પઢી. શક્ય છે કે એ નમાઝ અમુક અંબિયાએ પઢી હોય પણ એમની ઉમ્મત પર ફર્ઝ ન હોય. જેમ કે તહજ્જુદની નમાઝ આપણા નબી ﷺ પર ફર્ઝ હતી, આપણા પર ફર્ઝ નથી. તહાવીએ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત કરી કે ફજરની નમાઝ હઝરત આદમ علیہ السلامએ પઢી, જ્યારે તૌબા કબૂલ થઈ. ઝોહરની નમાઝ હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ પઢી, હઝરત ઈસ્માઈલ علیہ السلامના પ્રસંગે ઘેટુ આવવા પર. અસરની નમાઝ ઉઝૈર علیہ السلامએ પઢી જ્યારે સો વરસ પછી આપ જીવતા થયા. મગરિબની નમાઝ હઝરત દાઊદ علیہ السلامએ પઢી, પોતાની તૌબા કબૂલ થવા પર. પણ ચાર રકાતની નિય્યત બાંધી હતી અને ત્રણ રકાત પર સલામ ફેરવી દીધી, થાકી ગયા હતા. જેથી એ ત્રણ જ રહી. ઈશાની નમાઝ આપણા હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ પઢી. અમુકે ફર્માવ્યું કે હઝરત મૂસા علیہ السلامએ પઢી જ્યારે આગ લેવા તૂર પર ગયા અને સહી સલામત નબુવ્વત લઈને આવી ગયા. પત્ની સાહેબાને ખૈરિયતમાં પામ્યાં કે બાળક જન્મી ચૂક્યું હતું. વલ્લાહુ અઅ્લમ.

**૧૨.** જાહેર એ છે કે એ બંનેવમાં કેવળ હુઝૂર ﷺએ હઝરત જિબ્રઈલ علیہ السلامની સાથે નમાઝો પઢી એમાં સહાબીઓ સાથે ન હતા. જેમ કે "ઉમ્મતી"થી માલૂમ થયું. હુઝૂર علیہ الصلوٰۃ والسلام ખુદ નમાઝ પઢીને પઢવાનો હુકમ આપતા હતા. અથવા હુઝૂર ﷺ નફ્લ રૂપે હઝરત જિબ્રઈલ علیہ السلامની સાથે પઢતા રહ્યા અને બાદમાં સહાબીઓને પઢાવતા રહ્યા. યાદ રાખશો કે મેઅરાજની સવારે ફજરની નમાઝ નથી પઢવામાં આવી, ન તો કઝા કરવામાં આવી, કેમ કે કાનૂન વર્ણન કરતાં પહેલાં અમલને પાત્ર નથી થતો. મેઅરાજની રાતે નમાઝો ફર્ઝ થઈ અને પ્રથમ ઝોહર પઢવામાં આવી, જેથી આજે ચાર નમાઝો થઈ, પછી પાંચ થઈ. એની તેહકીક અમારી કિતાબ "તફસીરે નઈમી" વગેરેમાં જુઓ.

# હ઼દાઈક઼ે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
**ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
**મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)**
:: અનુવાદક તથા સંપાદક ::
**પટેલ શબ્બીર અલી રઝવી**

**નફ઼્સે પુર ઝોરકા વહ ઝોર ઔર દિલ-ઝેર હૈ ઝાર હૈં ક્યા હોના હૈ**

*(પુર ઝોર = શક્તિવાન, ઝેર = કમજોર, ઝાર = નબળુ)*

**અર્થાત :** નફ઼્સ અતિશય શક્તિવાન તથા જોરાવર છે અને મારું દિલ અતિશય કમજોર પણ છે અને નબળુ પણ છે. ખુદા જાણે હવે મારી સાથે શું મામલો થવાનો છે !

**કામ ઝિન્દાં કે કિયે ઔર હમેં-શૌક઼ે ગુલઝાર હૈ ક્યા હોના હૈ**

*(ઝિન્દાન = કૈ઼દ ખાનુ)*

**અર્થાત :** આપણી સોચ પણ કેવી બાળકો જેવી (મૂર્ખામીભરી) છે કે કામ તો એવાં કરીએ છીએ કે જેલમાં લઈ જાય તેવાં અને ઉમ્મીદો જન્નતના બાગોમાં લઈ જવાની બાંધી રાખી છે ! આવા સંજોગોમાં આપણી સાથે શું થશે ! ખુદા આપણી સામે આપણા અમલો મુજબ મામલો કરવાને બદલે પોતાના તરફની બખ્શિશનો, રહમો કરમનો મામલો ફર્માવે તો જ છૂટકારો થશે.

આપણી પબ્લિકની મોટાભાગે એ જ હાલત છે કે અમલો તો જહન્નમીઓવાળા કરે છે અને હુઝૂર علیہ الصلوٰۃ والسلامની શફાઅત તથા અલ્લાહની રહ્મતના વાક઼િયાઓથી ગલત અર્થ તથા ગલત ભાવાર્થ કરીને ખૌફે ખુદાથી બેપરવા થઈ ચૂક્યા છે. જ્યારે કે الایمان بین الخوف والرجاء ''ઈમાન નામ છે ખૌફ તથા ઉમ્મીદની દરમિયાની કૈફિયતનું.'' અવલિયા, અલ્લાહ બલ્કે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینના ખૌફે ખુદાના એવા એવા દિલ હલાવી નાખનારા વાક઼િઆ છે કે આપણા જેવા નાલાયકોએ સાંભળીને શર્મથી મરી જવું જોઈએ !

*વો થે કિસ મંઝિલમેં ઔર તૂ કૌનસી મંઝિલમેં હૈ–શર્મસે ગિર જા અગર એહસાસ તેરે દિલમેં હૈ*

**હાય રે ! નિંદ મુસાફિર તેરી–કુચ તૈયાર હૈ ક્યા હોના હૈ**

**અર્થાત :** હે ગફલતની નિદ્રામાં સૂનાર દુનિયાના મુસાફિર ! હોશમાં આવ ! તારી સવારી તૈયાર છે અને તું બેકસ તથા લાચાર છે. મંઝિલ ઘણી દૂર છે અને સફર ઘણી જ કઠિન છે. સમય ઘણો જ થોડો છે. ખુદા જાણે તારી સાથે શું થવાનું છે ! જેમ કે કોઈકે કહ્યું છે :–

*દુન્યા કે અય મુસાફિર મંઝિલ તેરી ક઼બર હૈ–તય કર રહા હૈ જો તૂ દો દિન કા યહ સફર હૈ*
*જબ સે બની હૈ દુન્યા લાખોં કરોળોં આયે–બાક઼ી રહા ન કોઈ મિટ્ટીમેં સબ સમાએ*
*ઈસ બાત કો ન ભૂલો સબ કા યહી હશ્ર હૈ–દુન્યા કે અય મુસાફિર મંઝિલ તેરી ક઼બર હૈ*
*આંખોંસે તૂને અપની કિતને જનાઝા દેખેં–હાથોંસે અપને તૂને કિતને દબાએ મુર્દે*
*અંજામ સે તૂ અપને ઈતના કયૂં બેખબર હૈ–દુન્યા કે અય મુસાફિર મંઝિલ તેરી ક઼બર હૈ*
*યહ ઉંચે ઉંચે મહલ હૈં કુછ કામ કે નહીં હૈ–યહ આલીશાન બંગલે કુછ કામ કે નહીં હૈ*
*દો ગઝ ઝમીં કા ટુકળા છોટાસા તેરા ઘર હૈ–દુન્યા કે અય મુસાફિર મંઝિલ તેરી ક઼બર હૈ*
*મિટ્ટી કે પુતલે તુમ કો મિટ્ટી મેં હૈ સમાના–ઈક દિન યહાં તૂ આયા, ઈક દિન યહાંસે જાના*
*રહતા નહીં યહાં પર, જારી તેરા સફર હૈ–દુન્યા કે અય મુસાફિર મંઝિલ તેરી ક઼બર હૈ*
*અય "ઝકરિયા" અપને મૌલાસે દિલ લગા લે–કર લે ખુદા કો રાઝી કુછ નેકિયાં કમા લે*
*સમાં તેરા યહી હૈ તૂ સાહિબે સફર હૈ–દુન્યા કે અય મુસાફિર મંઝિલ તેરી ક઼બર હૈ*

**દૂર જાના હૈ રહા દિન થોળા–રાહ દુશ્વાર હૈ ક્યા હોના હૈ**

**અર્થાત :** હે મુસાફિર ! દિવસ ઢળી રહ્યો છે અને તારે ઘણો સફર કાપવાનો છે. સુસ્તી છોડ અને તૈયારી કર, અને અત્યારથી મંઝિલની ફિકર શરૂ કરી આપ, કેમ કે રાસ્તો ઘણો ખતરનાક અને મુશ્કેલ છે.

**ઘર ભી જાના હૈ મુસાફિર કે નહીં ?!–મત યહ ક્યા માર હૈ, ક્યા હોના હૈ**

**અર્થાત :** હે મુસાફિર ! શું તારે તારા અસલી ઘરે જવું છે કે નહીં ?! તારી મતિ કેમ મારી ગઈ છે ? બુદ્ધિ બહેર મારી ગઈ છે ? તું સમજદારીથી કામ કેમ નથી લેતો ? હોશમાં આવ અને દુનિયાની મજાઓમાં આખેરતને ન ભૂલ.

**જાન હલ્કાન હૂઈ જાતી હૈ–બાર સા બાર હૈ ક્યા હોના હૈ**

*(હલ્કાન = બર્બાદ, થાકેલી, બાર = બોજ, સા = જેવો)*

**અર્થાત :** આખેરતની મુશ્કેલીઓના બારામાં વિચારી વિચારીને મારી જાન હલાક થતી જઈ રહી છે, તને મારી નસીહત કેમ સમજમાં નથી આવતી ?! આ ગુનાહોનો બોજ જે તું વધારતો જઈ રહ્યો છે, તો તને કાંઈ ખબર પણ છે કોઈ બોજ જેવો બોજ છે ?! આ બોજને કેમ કરીને ઉઠાવીશ ?! અલ્લાહ જ જાણે !

**પાર જાના હૈ નહીં મિલતી નાવ–રોઝ પુર ધાર હૈ ક્યા હોના હૈ**

*(પાર = બીજો કિનારો, ધાર = પાણીનો તેજ પ્રવાહ)*

**અર્થાત :** દુનિયાનો દરિયો પાર પણ કરવાનો છે અને તરવાનું શીખ્યા જ નથી ! (નેક અમલો નથી !) નાવ પણ કોઈ નથી (કેમ કે એનું ભાડુ નેક અમલો છે જ નથી !) પેલી બાજુ દરિયાનો ફોર્સ પણ ઘણો જ તેજ છે. હે મારા અલ્લાહ ! તારી મદદ વિના કોઈ આરો નથી ! *.....(ક્રમશઃ)*




**હપ્તો ૧૨**

❑ લેખક ❑
**મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી**
❑ અનુવાદકો ❑
**હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી**
*(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા–મુબારકપુર)*
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## જેહાદ

૧૨ સફરુલ મુઝફ્ફર, સ.હિ. ૨માં અલ્લાહ તઆલાના તરફથી જેહાદનો હુકમ નાઝિલ થયો. દીનના માટે કાફિરોથી લડાઈ કરવાને જેહાદ કહે છે. રસૂલે કરીમ ﷺ જ્યાં સુધી મક્કા શરીફમાં રહ્યા કોઈના પર હાથ ન ઉઠાવ્યો, જ્યારે આપ હિજરત કરી મદીના મુનવ્વરા તશરીફ લઈ ગયા તો મક્કાના કાફિરોએ ત્યાં પણ આપને સુકૂનથી રહેવા ન દીધા, આપને દરેક રીતે તકલીફ આપવાની કોશિશ કરી, ત્યાં સુધી કે અન્સારના રઈસ અબ્દુલ્લાહ બિન ઉબયની પાસે લખી મોકલાવ્યું કે :

''તમો અમારા દુશ્મન (મુહમ્મદ ﷺ)ને પનાહ આપી છે. તેમને કત્લ કરી નાખો અથવા મદીનાથી કાઢી મૂકો, નહીં તો અમે તમારા પર હુમ્લો કરી દઈશું અને તમને મૌતના ઘાટ ઉતારી દઈશું અને તમારી સ્ત્રીઓને બાંદી બનાવી લઈશું.''

જ્યારે હુઝૂરે અકરમ ﷺને આ પત્ર વિશે ખબર મળી તો આપ પોતે અબ્દુલ્લાહ બિન ઉબય પાસે ગયા અને કહ્યું કે શું તું આ પત્ર પર અમલ કરી પોતાના ભાઈઓથી લડાઈ કરીશ અને તેમનું લોહી વહાવીશ ? આ મદીનાના લોકો જે ઈસ્લામ કબૂલ કરી ચૂક્યા છે તમારા જ ભાઈ છે. આ વાત અબ્દુલ્લાહ બિન ઉબયના દિલમાં બેસી ગઈ. તેણે પત્ર તરફ કાંઈ ધ્યાન ન આપ્યું.

મક્કાના કાફિરોએ ફક્ત આ ધમકીઓ પર જ બસ ન કર્યું, બલ્કે મદીના પર ચઢાઈ કરવાની તૈયારી પણ શરૂ કરી દીધી. આ બદમાશોઓને જોઈ કોઈ પણ બુદ્ધિશાળી વ્યક્તિ ચુપ ન રહી શક્તો હતો. રસૂલે આલી વકાર ﷺએ અન્સાર અને મુહાજિરોની રક્ષાની ચિંતા થઈ. આપે તેમને આ યોજનાઓ પર અમલ કરવાનું સૂચન કર્યું :–

**(૧)** કુરૈશના કાફિરોનો શામનો વેપાર, જેના પર તેમની જિંદગીનો દારોમદાર છે, તેમાં રુકાવટ નાખી દેવામાં આવે, જેથી તેઓ મદીના પર હુમ્લો કરવાનો વિચાર ત્યજી દે અને સુલેહ કરવા પર મજબૂર થઈ જાય.

**(૨)** મદીનાની આજુબાજુ જે કબીલાઓ આબાદ છે તેમની સાથે અમાન (શાંતિ તથા મિત્રતા)નો કરાર કરવામાં આવે જેથી કાફિરો મદીના પર હુમ્લો કરવાની હિંમત ન કરી શકે.

આ જ બંને યોજનાને સામે રાખીને રસૂલે કરીમ ﷺએ સહાબાની નાની નાની ટુકડીઓ મદીનાની આજુબાજુ મોકલવાનું શરૂ કરી દીધું. અને કેટલીકમાં આપ પોતે સામેલ થયા. સહાબાની આ

જમાઅતો ક્યારેક કાફિરોના લશ્કરની ખબર કાઢતી અને ક્યારેક આસપાસના કૃબીલાઓથી શાંતિનો કૃરાર કરવા માટે જતી. આ રીતે મુસલમાનો અને કાફિરો વચ્ચે ક્યારેક ટકરાવ પણ થઈ જતો જેના કારણે નાની મોટી લડાઈઓ પણ થઈ. આ લડાઈઓમાંથી કેટલીકને "ગઝવા" અને કેટલીકને "સરિય્યા" કહે છે. જે લડાઈઓમાં સહાબાએ કિરામની સાથે રસૂલે કરીમ ﷺ પણ સામેલ થયા તેને "ગઝવા" કહેવામાં આવે છે અને જેમાં ફક્ત સહાબાએ કિરામ સામેલ રહ્યા તે "સરિય્યા" કહેવાય છે. (ગઝવાનું બહુવચન ગઝવાત અને સરિય્યાનું બહુવચન સરાયા છે.)

ગઝવાતની સંખ્યા ૧૬ અથવા ૧૯ છે, તેમાંથી ૯માં લડાઈઓ થઈ જે આ પ્રમાણે છે :–

જંગે બદ્ર, જંગે ઓહદ, જંગે અહઝાબ, જંગે બનૂ કુરૈઝા, જંગે બની મુસ્તલિક, જંગે ખૈબર, ફત્હે મક્કા, જંગે હુનૈન, જંગે તાઈફ.

સરાયાની સંખ્યા ૩૭ અથવા ૪૭ છે. પ્રથમ સરિય્યા "સરિય્યએ હમ્ઝા બિન અબ્દુલ મુત્તલિબ" અથવા "સરિય્યએ ઉબૈદા બિન હારિષ" છે. અને અંતિમ સરિય્યા "સરિય્યએ ઉસામા બિન ઝૈદ" છે જેને રસૂલે કરીમ ﷺએ પોતાના વિસાલના સમયની બીમારીમાં રવાના કર્યો હતો.

## ગઝવએ બદ્ર

બદ્ર મદીના શરીફથી લગભગ એંસી માઈલની દૂરી પર એક જગ્યાએ છે જ્યાં એક કૂવો હતો, જેના માલિકનું નામ બદ્ર હતું. એટલા માટે જ એનું નામ બદ્ર પડી ગયું. કેમ કે આ જ સ્થળે હક્ક્ તથા બાતિલની મશ્હૂર જંગ થઈ, જેથી તેને "ગઝવએ બદ્ર" કહેવામાં આવે છે. તેમાં મુસલમાનોનો શાનદાર વિજય થયો અને કાફિરો બુરી રીતે હાર્યા.

તમે વાંચી ચૂક્યા કે મક્કાના કાફિરો મુસલમાનોના લોહીના તરસ્યા હતા, મદીના ચાલ્યા ગયા પણ તેમના પર જુલ્મ કરતા રહ્યા. રસૂલે કરીમ ﷺએ તેમના જુલ્મથી મુક્તિ મેળવવા માટે તેમના વેપારી કાફલા પર હુમ્લો કરવાનો ફેંસલો કર્યો. આ દરમિયાન કુરૈશના કાફિરોનો વેપારી કાફલો અબૂ સુફયાનના હાથ હેઠળ મુલ્કે શામ ગયો હતો. કેમ કે મક્કાથી શામ જવાનો રસ્તો મદીનાથી નીકળતો હતો એટલા માટે અબૂ સુફયાનને મુસલમાનોથી ખતરો મહેસૂસ થતાં મક્કા ખબર પહોંચાડી દીધી કે તમે અમારી મદદ માટે પહોંચો, ક્યાંક મુસલમાનો અમારો કાફલો લૂટી ન લે ! મક્કાના કાફિરો મુસલમાનોના જાની દુશ્મન તો હતા જ જેથી મોકૃો મળતાં જ અબૂ જહલના હાથ હેઠળ એક જબરદસ્ત લશ્કર નીકળી પડયું. તેના પહોંચતાં જ પહેલાં જ અબૂ સુફયાન રસ્તો બદલી મક્કા તરફ વળી ગયો અને મક્કા પહોંચી ખબર મોકલી કે તમે લોકો પાછા ચાલ્યા આવો, અમારો કાફલો સલામતીથી મક્કા આવી ગયો છે. અબૂ જહલે કહ્યું, અમે નીકળી જ પડયા છીએ તો લડાઈ કર્યા વિના પરત નહીં ફરીએ. અબૂ જહલે બદ્રના સ્થળે પોતાનો પડાવ નાખ્યો અને મુસલમાનોએ પણ એક બાજુ પોતાનો પડાવ નાખ્યો.

મુસલમાનોની સંખ્યા ૩૧૩ હતી. તેમાંથી વધુ પડતા સામાન વગરના હતા. તેમની પાસે ફક્ત ત્રણ ઘોડા, ૧૭ ઊંટ અને ૮ તલવારો હતી. મુકાબલામાં કાફિરોની સંખ્યા એક હજારથી વધુ હતી અને તેમનામાંથી દરેક જંગી હથિયારોથી લદાયેલો હતો. ૧૭ રમઝાનુલ મુબારક હિ.સ. ૨ જુમ્આના દિવસે સવારના સમયે બંને સેનાઓ સામે સામે થઈ. હુઝૂર રહ્‌મતે આલમ ﷺએ બારગાહે ખુદાવંદીમાં દુઆ ફર્માવી :–

''મૌલા કરીમ ! આ થોડાક શસ્ત્રહિન મુસલમાન છે અને તારું નામ બુલંદ કરવા માટે આવ્યા છે. જો આ મુટ્ઠીભર મુસલમાનો નષ્ટ થઈ ગયા તો પછી કયામત સુધી દુનિયામાં તારું નામ લેવાવાળો કોઈ બાકી નહીં રહે. હે મૌલા ! તેં જે મદદનો વાયદો કર્યો હતો, તેને પૂરો ફર્માવ, અને અમને તારો ફઝલ અતા ફર્માવ.''

અરબના કાયદા પ્રમાણે એક એક વ્યક્તિથી જંગ શરૂ થઈ. સૌ પ્રથમ કાફિરોનો સેનાપતિ ઉત્બા બિન રબીઆ પોતાના ભાઈ શયબા અને પુત્ર વલીદને લઈને મુકાબલામાં આવ્યો. ઈસ્લામી સેનામાંથી ત્રણ અન્સાર હઝરત ઔફ, હઝરત મુઆઝ અને હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن મુકાબલા માટે નીકળ્યા. ઉત્બાએ ચીસ પાડી કહ્યું;

હે મુહમ્મદ ! (ﷺ) અમે આ ખેડૂતોથી શું લડીએ, આ અમારી જોડના નથી ! કુરૈશી નવજવાનોને અમારા મુકાબલામાં મોકલો !

ત્યારે નબીએ કરીમ ﷺએ હઝરત હમ્ઝા, હઝરત અલી અને હઝરત ઉબૈદા رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنને હુકમ આપ્યો. જ્યારે આ હઝરાત મેદાને જંગમાં પહોંચ્યા તો ઉત્બાએ કહ્યું, હા ! આ લોકો અમારી જોડના છે ! જંગ શરૂ થઈ. ઈસ્લામના મુજાહિદોએ ઈમાની બહાદુરી સાથે દુશ્મનોનો એવો મુકાબલો કર્યો કે બદ્રની જમીન કાંપી ઉઠી. હઝરત હમ્ઝાએ ઉત્બા અને હઝરત અલીએ વલીદને કત્લ કરી દીધો, પરંતુ હઝરત ઉબૈદાને શૈબાએ બહુ ઊંડો ઘા લગાડી દીધો અને તે બેતાબ થઈ જમીન પર પડી ગયા. આ જોઈને હઝરત અલી જલ્દીથી લપક્યા અને શૈબાને એક જ વારમાં જમીન પર ઢગલો કરી દીધો. ત્યાર બાદ આમ જંગ શરૂ થઈ ગઈ, અને બંને સેનાઓ આપસમાં એકબીજાથી ટકરાવા લાગી. બહુ જ ઘમસાણની જંગ થઈ અને મુસલમાનોનો વિજય થયો. આ જંગમાં કુરૈશના મોટા મોટા સરદાર માર્યા ગયા, જેમ કે ઉત્બા, શૈબા, અબૂ જહલ, ઉમૈયા બિન ખલ્ફ, કુલ ૭૦ કાફિરો માર્યા ગયા અને સિત્તેર પકડાયા. કેદીઓથી રસૂલુલ્લાહ ﷺએ બદલો ન લીધો બલ્કે તેમને ફિદિયો લઈ છોડી મૂક્યા. માલદારો પાસેથી રોકડા લીધા અને ગરીબોનો ફિદિયો એ રાખ્યો કે તેઓ મુસલમાનોના દસ બાળકોને લખતાં વાંચતા શીખવી દે.

આ જંગમાં ૧૪ મુસલમાનો શહીદ થયા. તેમાંથી છ મુહાજિર અને આઠ અન્સાર હતા. તેમનાં મુબારક નામ આ પ્રમાણે છે :–

મુહાજિર શોહદા : (૧) હઝરત ઉબૈદા બિન હારિષ (૨) હઝરત ઉમૈર બિન અબી વક્કાસ (૩) હઝરત ઝુશ્શિમાલીન ઉમૈર બિન અબ્દે અમ્ર (૪) હઝરત આકિલ બિન અબી બક્ર (૫) હઝરત મિહ્જઅ્ (૬) હઝરત સફવાન બિન બયઝાઅ્. (رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن)

અન્સાર શોહદા : (૧) હઝરત સઅદ બિન ખૈષમહ્ (૨) હઝરત મુબશ્શિર બિન અબ્દુલ મુન્ઝિર (૩) હઝરત હારિષા બિન સુરાકા (૪) હઝરત મુઅવ્વઝ બિન અફરાઅ્ (૫) હઝરત ઉમૈર બિન હમામ (૬) હઝરત રાફેઅ બિન મુઅલ્લા (૭) હઝરત ઔફ બિન અફરાઅ્ (૮) હઝરત યઝીદ બિન હારિષ. (رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن)

જ્યારે લોકો મેદાને જંગથી મદીના પરત આવવા લાગ્યા તો તે જ વખતે રસૂલુલ્લાહ ﷺની પુત્રી હઝરત રૂકૈયા رضی اللہ عنہاની વફાત થઈ, જે હઝરત ઉષ્માનગની رضی اللہ عنہના પત્ની હતાં. અને તે જ વર્ષે ઝીલ હજ્જમાં આપની નાની પુત્રી હઝરત ફાતિમા رضی اللہ عنہاની શાદી હઝરત અલી رضی اللہ عنہ સાથે થઈ. તે જ વર્ષે ગઝવએ બનૂ કયનુકાઅ અને ગઝવએ સવીક થયા. ......*(ક્રમશઃ)*

# ઈખ્તિયારાતે મુસ્તફા ﷺ

હપ્તો ૦૨

અઝ : મુફ્તી સુબ્હાનલ્લાહ ક઼ાદરી
અમજદી બનારસી رحمۃ اللہ علیہ
અનુવાદક : મૌલાના મુહમ્મદઅશરફ હાશમી
(મુદર્રિસ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ

## કોઈની હાજત તથા જરૂરત પૂરી કરવી

**હદીષ–૧** : ઈમામ બુખારી તથા ઈમામ મુસ્લિમ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : "કોઈ મુસલમાન એવો નથી કે હું દુનિયા તથા આખિરતમાં સૌથી વધારે તેનો મદદગાર ન હોઉં." *(બુખારી : ૨/૭૦૫, મુસ્લિમ : ૨/૩૬, કિતાબુલ ફરાઈઝ)*

**હદીષ–૨** : ઈમામ નિસાઈ તથા તિર્મિઝી તથા ઈબ્ને માજહ તથા અન્ય મુહદ્દિષો હઝરત ઉષ્માન બિન હુનૈફ رضی اللہ عنہથી રિવાયત કરે કે એક નાબીનાને નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ દુઆ શિખવાડી કે નમાઝ પછી આ દુઆ પઢે :–

"હે અલ્લાહ ! હું તારાથી માગુ છું અને તારી તરફ ધ્યાન કરું છું. તારા નબી મુહમ્મદ ﷺના વસીલાથી જે નબીએ રહ્મત છે. યા રસૂલલ્લાહ ! ﷺ હું હુઝૂરના વસીલાથી પોતાના રબની તરફ પોતાની આ ઈચ્છામાં ધ્યાન કરું છું જેનાથી મારી ઈચ્છા પૂરી થાય. હે અલ્લાહ ! તેમની શફાઅત મારા હક્ક઼માં ક઼બૂલ ફર્માવ." *(ઈબ્ને માજહ : ૧/૯૯, બાબુ માજાઅ ફી સલાતિલ હાજત, તિર્મિઝી : ૨/૧૯૮)*

હઝરત મુલ્લા અલી ક઼ારી "હિસ્ને હસીન"ની શરહ "હિર્ઝેષમીન"માં ફર્માવે છે :–

وَفِیْ نُسْخَةٍ بِصِیْغَةِ الْفَاعِلِ اَیْ لِتَقْضِیَ الْحَاجَةَ لِی

મતલબ એ છે કે અમુક રિવાયતોમાં لِتَقْضِیَ لِی મારૂફના સેગા સાથે છે એટલે "યા રસૂલલ્લાહ ! ﷺ આપ મારી ઈચ્છા પૂરી ફર્માવી દો."

**હદીષ–૩** : ઈમામ અહમદ, તિબ્રાની, ઈબ્ને માજહ તથા ઈબ્ને અસાકિરે રિવાયત કરી કે હઝરત અબ્દુલ્લાહ બિન જઅફર તૈયાર رضی اللہ عنہએ બયાન કર્યું કે જ્યારે હઝરત જઅફર તૈયાર رضی اللہ عنہ શહીદ થયા તો રસૂલુલ્લાહ ﷺ મકાન પર તશરીફ લાવ્યા અને યતીમ બાળકોને બોલાવ્યાં. તે ખિદમતમાં હાજર થયાં. ત્યાર પછી હઝરત અબ્દુલ્લાહ ફર્માવે છે :–

"મારી વાલિદાએ હાજર થઈને હુઝૂર علیہ الصلوٰۃ والسلامની ખિદમતમાં અમારી યતીમીની ફરિયાદ કરી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "શું તમે તેમના ઉપર મોહતાજીનો ભય કરો છો, જ્યારે કે હું દુનિયા અને આખેરતમાં તેમનો મદદગાર છું !" *(મુસ્નદે ઈમામ અહમદ : ૧/૨૦૫, કન્ઝુલ ઉમ્માલ : ૩/૧૮૮)*

**હદીષ–૪** : ઈમામ અહમદ, નિસાઈ તથા હાકિમે બુરૈદા رضی اللہ عنہથી સહીહ સનદ સાથે રિવાયત કરી કે હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું : مَنْ كُنْتُ وَلِيُّهٗ فَعَلِیٌّ وَلِيُّهٗ "જેનો હું મદદગાર છું અલી તેના મદદગાર છે." *(મુસ્નદે ઈમામ અહમદ : ૫/૩૫૮, કન્ઝુલ ઉમ્માલ : ૧૧/૫૫૪, હદીષ : ૩૨૬૦૫)*

**હદીષ–૫** : મિશ્ક઼ાત શરીફમાં હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે :–

''કહ્યું હઝરત જાબિર رضی اللہ عنہએ કે હુદૈબિયાના દિવસે લોકો તરસ્યા થયા અને રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامની સામે પાણીની એક નાની મશક હતી જેનાથી હુઝૂર ﷺએ વુઝૂ ફર્માવ્યું. પછી લોકોએ હુઝૂરની તરફ ધ્યાન કર્યું અને અર્ઝ કરી કે અમારી પાસે પાણી નથી કે અમે લોકો વુઝૂ કરીએ તથા પીએ સિવાય આ પાણીના જે હુઝૂર ﷺની નાની મશકમાં છે. (મતલબ એ હતો કે નાની મશકનું પાણી એટલુ નથી જે સૌને પૂરતુ થાય) હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ પોતાના હાથને મશકમાં મૂકી દીધો તો હુઝૂર ﷺની આંગળીઓ વચ્ચેથી પાણી ઝરણાની જેમ ઉભરાવા લાગ્યું. કહ્યું (હઝરત જાબિરે), તો અમે લોકોએ પીધુ તથા વુઝૂ કર્યુ. હઝરત જાબિર رضی اللہ عنہથી પૂછવામાં આવ્યું કે તમે લોકો કેટલા માણસો હતા ? કહ્યું કે **જો અમે એક લાખ હોતા તો ખરેખર અમોને સૌને પૂરતુ થાત, પણ, અમે ૧૫૦૦ હતા.''** *(બુખારી : ૧/૫૦૫, મિશ્કાત : ૫૩૨)*

**હદીષ-૬** : મિશ્કાત શરીફમાં ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે :–

''કહ્યું ઈબ્ને અબ્બાસે કે એક સ્ત્રી પોતાના પુત્રને નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامની ખિદમતમાં લાવી અને અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ મારા પુત્ર પર જુનૂન (પાગલપન)નો અસર છે અને તે જુનૂન તેને સવારે અને સાંજે ખાતી વેળા પકડે છે. તો રસૂલુલ્લાહ ﷺએ તે બાળકની છાતી પર હાથ ફેરવ્યો અને દુઆ ફર્માવી તો તે બાળકે ખૂબ ઉલટી કરી અને તેના પેટમાંથી કાળા ગલુડિયાની જેમ એક કાળુ પ્રાણી નીકળ્યું (અને દોડવા લાગ્યું).''

*–(રવાહુદ્દારમી, મિશ્કાત : ૫૪૦, અલ્ મુઅ્જિઝાત)*

**હદીષ-૭** : મિશ્કાત શરીફમાં છે :–

''હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં એક માણસ આવ્યો અને તેણે હુઝૂર علیہ الصلوٰۃ والسلامથી ખાવાનું માગ્યું તો હુઝૂર ﷺએ તેને અડધુ વસક (ત્રીસ સાઅ) જવ આપ્યા તો તે માણસ અને તેની પત્ની અને તે બંનેના મહેમાન હમેશાં તેનાથી ખાતા રહ્યા, ત્યાં સુધી કે (એક દિવસ) તેણે એને માપ્યુ તો તે ખૂબ જલ્દી પૂરુ થઈ ગયું. પછી તે માણસ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની ખિદમતમાં હાજર થયો (અને હાલત વર્ણન કરી). તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, જો તેં માપ્યુ ન હોત તો તમે લોકો તેનાથી ખાતા રહેતા અને તે (અનાજ) તમારી પાસે બાકી રહેતું.'' *(મુસ્લિમ બહવાલા મિશ્કાત, પેજ : ૫૪૪, અલ્ મુઅ્જિઝાત)*

## જન્નત તથા જહન્નમ

**હદીષ-૮** : ઈમામ અહમદ હાકિમીએ હઝરત સાલિમ બિન અબ્દુલ્લાહ બિન અમ્ર رضی اللہ عنہથી રિવાયત કરી કે હુઝૂરે અક્દસ ﷺએ મક્કા મુઅઝ્ઝમામાં કોઈ વ્યક્તિને કહ્યું કે તારું મકાન મારા હાથે વેચી દે જેથી કરીને મસ્જિદે હરામમાં વધારો કરું તથા તારા માટે એક જન્નતી મકાનનો જામિન થઈ જાઉં. તેણે બહાનું કર્યુ. બીજીવાર ફર્માવ્યું, પણ તેણે બહાનુ કર્યુ. આ ઘટનાની જાણ જ્યારે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہને થઈ તો તેમણે તે માણસ પાસેથી (આ જહાલતના જમાનામાં હઝરત ઉષ્માન رضی اللہ عنہનો મિત્ર હતો) ખૂબ જીદ કરીને દસ હજાર અશરફીઓ આપીને ખરીદી લીધું. તેના પછી હુઝૂરે અક્દસ ﷺની ખિદમતમાં હાજર થઈને અર્ઝ કરી કે હુઝૂર ﷺ હવે તે મકાન મારું છે.

''કહ્યું, હુઝૂર ! એક જન્નતી મકાનના બદલે

જેના આપ મારા માટે જામિન થઈ જઈને આ ઘરને લો છો ? ફર્માવ્યું, હા ! પછી **હુઝૂર** علیہ الصلوٰۃ والسلام**એ તેમનાથી તે મકાન લઈને જન્નતમાં તેમના માટે એક મકાનની જમાનત દઈ દીધી. અને મુસલમાનોને આ મામલા ઉપર ગવાહ બનાવી લીધા."** *(કન્ઝુલ ઉમ્માલ : ૧૩/૨૮)*

**હદીષ-૯** : ઈમામ તિબ્રાની તથા ઈબ્ને અસાકિર, હઝરત બશીર رضی اللہ عنہથી રિવાયત છે કે જયારે મુહાજિરીન મક્કા મુઅઝ્ઝમાથી હિજરત ફર્માવી મદીના તૈયબામાં પહોંચ્યા તો તેમને ત્યાંનું પાણી ખારુ હોવાથી પસંદ ન આવ્યું. કબીલા બની ગિફારના એક માણસની માલિકીમાં એક મીઠા પાણીનું ઝરણુ હતું જેનું નામ રૂમા હતુ. તે પાણીની એક મશક અડધા સાઅ (એક કિલો ત્રણસો પચાસ ગ્રામ)માં વેચતા હતા. હુઝૂરે અક્દસ ﷺએ તેમને ફર્માવ્યું :–

આ ઝરણુ મારા હાથે એક જન્નતી ઝરણાના બદલે વેચી નાખો. તે માણસે અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ મારી તથા મારા બાળકોની રોજી આમાં જ છે, મારામાં તાકાત નથી. (મતલબ વેચવાથી લાચાર છું) આ ખબર હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہને મળી તો તેમણે તે ઝરણુ ૩૫૦૦૦માં ખરીદી લીધું. પછી ખિદમતે અક્દસ ﷺમાં હાજર થઈને અર્ઝ કરી, "યા રસૂલલ્લાહ ! ﷺ શું જે રીતે એ માણસને હુઝૂર જન્નતી ઝરણુ અતા ફર્માવતા હતા, જો હું તે ઝરણુ તેનાથી ખરીદી લઉં તો હુઝૂર મને અતા ફર્માવશે ?! ફર્માવ્યું, હા ! હઝરત ઉષ્માન رضی اللہ عنہએ કહ્યું કે મેં બીરે રૂમા (કૂવો) ખરીદી લીધો અને મુસલમાનો પર વક્ફ કરી દીધો."

**હદીષ-૧૦** : હાકિમ તથા ઈબ્ને અસાકિરે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે, **હઝરત ઉષ્માન ગની** رضی اللہ عنہ**એ નબીએ કરીમ** علیہ الصلوٰۃ والسلام**થી બે વખત જન્નત ખરીદી લીધી.** બીરે રૂમાનાના દિવસે અને લશ્કરની તંગદસ્તીના દિવસે. (એટલે ગઝવએ તબૂકના મોકા પર) *(મુસ્તદરક હાકિમ : ૪/૬૮, દારુલ મઅરેફત બૈરૂત, હિ.સ. ૧૪૨૮, હદીષ : ૪૬૨૬, તારીખુલ ખુલ્ફા, ઈમામ સિયૂતિ, પેજ : ૧૨૧)*

**હદીષ-૧૧** : ઈબ્ને અસાકિરે ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી કે ફર્માવ્યું હુઝૂરે અક્દસ ﷺએ કે મારું નામ કુર્આનમાં "મુહમ્મદ" તથા ઈન્જીલમાં "અહમદ" તથા તૌરાતમાં "અહયદ" છે. અને મારું નામ "અહયદ" એટલા માટે થયું કે હું પોતાની ઉમ્મતથી દોઝખની આગ દૂર કરું છું." *(તારીખે મદીના વ દમિશ્ક, ૩/૩૨, દારુલ ફિક્ર, બૈરૂત, હિ.સ. ૧૪૧૫)*

**હદીષ-૧૨** : સહીહૈનમાં હઝરત અબ્બાસ رضی اللہ عنہماથી, તેમણે હુઝૂર રહ્મતે આલમ ﷺથી અર્ઝ કરી કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ પોતાના કાકા અબૂ તાલિબને શું ફાયદો આપ્યો ? ખુદાની કસમ ! તે હુઝૂર ﷺની હિમાયત કરતા તથા આપના માટે લોકો સાથે લડતા ઝઘડતા હતા. ફર્માવ્યું :–

"મેં તેને પૂરેપૂરો આગમાં ડૂબેલો પામ્યો તો મેં તેને ખેંચીને પગ સુધીની આગમાં કરી દીધો." *(બુખારી : ૧/૫૪૮, ૨/૯૧૭, મુસ્લિમ : ૧/૧૧૫, મુસ્નદે અબૂ યઅલા : ૨/૩૯૯)*

**હદીષ-૧૩** : સહીહ બુખારી શરીફમાં સહલ બિન સઅદી رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે : **"જે મારા માટે પોતાની ઝબાન તથા શર્મગાહનો જામિન થઈ જાય (મતલબ એ કે તેમનાથી મારી નાફર્માની ન કરે) હું તેના માટે જન્નતનો જામિન છું."** *(મિશ્કાત બાબે હિફઝુલ્લિસાન, પેજ : ૪૧૧, મજલિસે બરકાત, અશરફિયા–મુબારકપુર)*

**હદીષ-૧૪** : મુસ્લિમ શરીફમાં હઝરત રબીઆ બિન કઅબ અસ્લમી رضی اللہ عنہથી છે :–

"હું હુઝૂરે અક્દસ ﷺની ખિદમતમાં રાત્રે

હાજર રહેતો. એક રાત્રે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ મારાથી ફર્માવ્યું, માગ ! (હે રબીઆ !) મેં અર્ઝ કરી કે હુઝૂરથી એ માગું છું કે જન્નતમાં આપનો સાથ અતા ફર્માવો. ફર્માવ્યું, હજુ અધિક ?! મેં કહ્યું, મારી મુરાદ તો ફક્ત આ જ છે !''

**સાઈલ હૂં તેરા માંગતા હૂં તુઝસે તુઝકો**
**માલૂમ હૈ ઈન્કાર કી આદત નહીં તુઝકો**

હુઝૂર ﷺએ ફર્માવ્યું, તું પોતાના નફ્સ ઉપર સજદાના વધારાથી મારી મદદ કર.

આ હદીષોથી સાફ સાફ જાહેર છે કે હુઝૂરે અક્દસ ﷺ દરેક જાતની ઈચ્છા પૂરી કરી શકે છે. દુનિયા તથા આખિરતની દરેક મુરાદ હુઝૂર ﷺના ઈખ્તિયારમાં છે, ત્યારે જ તો બિન શર્તી ફર્માવ્યું, ''સલ !'' (રબીઅહ ! માગી લો !) એટલે જે મનમાં આવે તે માગો ! અમારા ઈખ્તિયારમાં બધું જ છે. ઈલ્મ માગો, દોલત માગો, આખેરતની નેઅમત માગો, દુનિયાની દૌલત માગો, જે ચાહો માગી લો, જે માગશો તે પામશો.

જાહેર છે કે આવું તે જ કહી શકે છે જે ખુદાવંદની અતાથી દરેક વસ્તુનો માલિક તથા મુખ્તાર હોય. પછી હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ રબીઆનો સવાલ સાંભળીને એવું ન કહ્યું કે હે રબીઆ ! દુનિયાની કોઈ વસ્તુ માગી લો, કાંઈક માલ તથા દોલત લઈ લો ! આખેરતનો મામલો મારા વશમાં નથી, હું જન્નતનો માલિક નથી ! અને જન્નતમાં પણ એટલો મોટો મર્તબો કે મારી રિફાકત (સાથ) માગો છો ?! બલ્કે સવાલ સાંભળીને નમાઝના વધારાની તા'લીમ આપી. એટલે એ બતાવ્યું કે, હે રબીઆ ! આ મર્તબો તમને આપીશું, આ દરજ્જો અતા ફર્માવીશું પરંતુ પોતાના નફ્સને સજદાના વધારાથી એના પાત્ર બનાવો. હઝરત મુહદ્દિષ અલ્લામા અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ આ હદીષના હેઠળમાં ઈર્શાદ ફર્માવે છે :–

સવાલને મુત્લક (બિન શર્તી) ફર્માવવાથી કે જે ચાહો માગી લો, કોઈ ખાસ વસ્તુ સાથે સીમિત ન કર્યો. એનાથી જાણવા મળે છે કે બધા મામલા હુઝૂર علیہ الصلوٰۃ والسلامના હાથમાં જ છે, જે કાંઈ ચાહે જેને ચાહે પોતાના પરવરદિગારના હુકમથી આપી દે.

અલ્લામા અલી કારી رضی اللہ عنہ મિશ્કાતમાં ફર્માવે છે : ''હુઝૂરે અક્દસ ﷺએ જે માગવાનો હુકમ અબાધિત રીતે આપ્યો, એનાથી જણાય છે કે અલ્લાહ તઆલાએ હુઝૂર علیہ الصلوٰۃ والسلامને કુદરત બખ્શી છે કે અલ્લાહ તઆલાના ખજાનાઓમાંથી જે કોઈ ચાહે અતા ફર્માવે.''

*(મિર્કાતુલ મફાતીહ શરહે મિશ્કાતુલ મસાબીહ, ૨/૫૬૭, દારુલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત, હિ.સ. ૧૪૨૨, ઈ.સ. ૨૦૦૧)*

પેજ 05 નું ચાલુ..

સ્ત્રીઓ પણ ભળે છે, તથા ડી.જે. પર યુવાનો ડાન્સ વગેરે કરે છે, ફટાકડા ફોડવા વગેરે નાજાઈઝ હરામ કામો કરીને મીલાદુન્નબી ﷺ હરગિઝ ન મનાવો. બલ્કે શિસ્તપૂર્ણ રીતે જુલૂસમાં નઅતે પાક, સલાતો સલામ પઢવામાં આવે, સ્ત્રીઓની તેમાં ભેળસેળ ન હોય તથા મીલાદુન્નબી ﷺના જલસાઓમાં તિલાવતે કુર્આન, મેહફિલે નઅત તથા આપ ﷺનો તથા અલ્લાહના નેક બંદાઓ ઝિક્ર, સલાતો સલામ, દુઆઓ પછી ન્યાઝની વહેંચણી વગેરે શરીઅતના વર્તુળમાં રહીને જ કરવામાં આવે તો ફયઝાને મુસ્તફા ﷺથી માલામાલ પણ થઈ શકશો. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકા સૌને નેક હિદાયત આપે. (આમીન). *(વધુ માટે વાંચો કિતાબ : ''અહલે સુન્નતના હક્કનો ચમકાર'' અમારી વેબસાઈટ www.barkatekhwaja.net)*

# વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી

## હપ્તો 1 પયગમ્બરે ઈસ્લામ ﷺ

✍ રજૂકર્તા : **હાફેઝ મૂસા વેમી ઝંઘારવી** *(હાલ : પ્રેસ્ટન, યુ.કે.)*

દુનિયાના તમામ માનવોમાં સૌથી ઉચ્ચતમ અખ્લાક્ (સંસ્કાર શિષ્ટાચાર) અલ્લાહના નબીઓમાં હોવા જરૂરી હોય છે, કારણ કે એમનું કામ તબ્લીગ (દીનના–સારી વાતોના પ્રચાર)નું તથા નફસો (દિલો)ની સફાઈનું હોય છે. આપણા નબી ﷺ આ ખૂબીમાં પણ સૌ નબીઓ કરતાં ઉચ્ચ કક્ષાએ છે. જેમ કે રબ્બે ઝુલ જલાલ નબી કરીમ ﷺના અખ્લાક્ વિશે ફર્માવે છે કે :–

وَاِنَّکَ لَعَلٰی خُلُقٍ عَظِیۡمٍ "અને બેશક્ ! આપના અખ્લાક્ (સંસ્કાર) **મહાન શાનવાળા** છે."

*–(સૂ. કલમ, ૬૮/૪)*

રબ્બે કરીમ પોતાના મહબૂબ રસૂલ ﷺના સંસ્કારોને ખુદ "મહાન શાનવાળા" કહે છે, તો એની મહાનતાનો અંદાજો કાઢવો કોઈ માનવીના વશની વાત નથી. દા.ત. જુઓ કે આ દુનિયા અને તેની સંપત્તિ, માલ, મિલ્કતો, ખનિજો, ખાણો વગેરે આપણી નજરમાં કેટલી વિશાળ છે ?! કોઈની અમુક વીઘાં જમીન હોય કે અમુક ફ્લેટો કે વિશાળ બે ચાર બંગલા હોય, ગાડીઓ, ફેકટરીઓ હોય તો તે ફૂલ્યો નથી સમાતો ! પણ સાંભળો ! રબ ફર્માવે છે : قُلۡ مَتَاعُ الدُّنۡیَا قَلِیۡلٌ "આપ કહી દો, દુનિયાનો વપરાશ (માલ, સંપત્તિ) થોડોક છે.

*–(સૂ. નિસાઅ, ૪/૭૭)*

તો જે રબ આટલી વિશાળ દુનિયાને થોડીક કહે છે તે જે ચીજને "મહાન શાનવાળી" કહે તેની મહાનતાનું શું કહેવું ?! ખુદ નબી પાક ﷺએ ફર્માવ્યું, "મને અખ્લાકો (સુસંસ્કારો)ની પૂર્ણતા માટે જ મોકલવામાં આવ્યો છે."

### ★ નબી ﷺના અખ્લાક્ કુર્આન હતા ★

ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ને હુઝૂર ﷺના અખ્લાક્ વિશે પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું, "નબી ﷺના અખ્લાક્ કુર્આન હતા." (સહીહ મુસ્લિમ, બાબુ સલાતુલ્લૈલ) આગલા નબીઓ પર જે જે કિતાબો નાઝિલ થયેલી હતી તેમાં જે જે સદગુણો, સુસંસ્કારો, ઉચ્ચ ગુણોનું વર્ણન હતું, તે બધુ જ અલ્લાહની આખરી કિતાબ કુર્આન મજીદમાં વર્ણન થયેલ છે. કુર્આન મજીદમાં જેટલા સુસંસ્કારો, સદ્ગુણોનું વર્ણન છે તે સર્વ અલ્લાહના મહબૂબ નબી ﷺની એકલી જાતમાં મૌજૂદ હતા. આવો ! હુઝૂર ﷺના અખ્લાક્ના પ્રેક્ટિકલ નમૂના જોઈએ અને ઈમાનને તાજગી બખ્શીએ તેમજ આ અખ્લાકે હસના (સુસંસ્કાર)નો સદકો આપણે પણ રબથી માગીએ, જેથી આપણે પણ હુઝૂર ﷺની સુન્નતો પર અમલ કરીને બાખ્લાક્ (સુસંસ્કારી, સભ્યતાવાળા) બનીએ.

### ★ સબ્ર, માફી, દરગુઝર ★

નબુવ્વતનો ભાર આ સિફતો (ગુણો) વિના ઉઠાવી શકાય જ નહીં. કુર્આન શરીફમાં કેટલીય જગા પર આ સિફતોનું વર્ણન છે.

فَاعۡفُ عَنۡهُمۡ وَاصۡفَحۡ اِنَّ اللّٰهَ يُحِبُّ الۡمُحۡسِنِيۡنَ۝

"બસ ! તું માફ કર એમને અને દરગુઝર કર. બેશક ! અલ્લાહ નેકી કરવાવાળાઓને પસંદ ફર્માવે છે. *(સૂરએ માઈદા, ૫/૧૩)*

خُذِ الۡعَفۡوَ وَاۡمُرۡ بِالۡعُرۡفِ وَاَعۡرِضۡ عَنِ الۡجٰهِلِيۡنَ۝

"હે મહબૂબ ! માફ કરવાનું ધારણ કરો, અને ભલાઈનો હુકમ આપો. અને જાહિલોથી આંખ આડા કાન કરો." *(સૂરએ અઅ્રાફ, ૭/૧૯૯)*

આ સિવાય અનેક આયતોમાં સબ્ર, માફી તથા દરગુઝરનો આદેશ થયેલો છે. તો હુઝૂર ﷺના પ્રેક્ટિકલ જીવનમાં એના અમલી નમૂના પણ જોતા ચાલીએ.

હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે, રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامએ પોતાના અંગત હક્ક઼ માટે કદી કોઈથી બદલો લીધો નથી. હા ! જ્યારે કોઈને અલ્લાહની હુર્મતની બેઈજ્જતી કરતાં જોતા તો અલ્લાહના વાસ્તે તેનાથી બદલો લેતા. *(સહીહ બુખારી)*

## ★ અજોડ સબ્ર તથા દરગુઝરના અનોખા નમૂના ★

નબુવ્વતના દસમા વર્ષે નબીએ કરીમ ﷺ ક઼બીલા બની ષક઼ીફને ઈસ્લામની દા'વત આપવા તાઈફ તશરીફ લઈ ગયા. તેમણે આપની દા'વત ક઼બૂલ કરીને આવકારવાને બદલે આપને પથ્થર વર્ષા કરીને એટલી બધી તકલીફો પહોંચાડી કે આપના નઅલૈન (જૂતા) શરીફ લોહીથી તરબોળ થઈ ગયા. જ્યારે આપ علیہ الصلوٰۃ والسلام ત્યાંથી પરત થયા તો રસ્તામાં પહાડોના ફરિશ્તાએ આપની ખિદમતમાં હાજર થઈ અર્ઝ કરી, યા મુહમ્મદ ! યા નબીયલ્લાહ ! આપ જે ઈચ્છો તે અમને હુકમ કરો ! આપની રજા હોય તો આ પહાડને એમના ઉપર ઉઠલાવી દઈ એમને નેસ્તો નાબૂદ કરી આપીએ. એના જવાબમાં આપ ﷺએ ફર્માવ્યું, હું નથી ઈચ્છતો કે એઓ હલાક, બર્બાદ, ના'બૂદ થઈ જાય, બલ્કે મને આશા છે કે અલ્લાહ તઆલા ﷻ એમની ઔલાદોમાંથી એવા બંદા પેદા કરશે જે ફક્ત એક જ ખુદા વહદહૂ લાશરીકની ઈબાદત કરશે, એની સાથે કોઈને શરીક કરશે નહીં. *(મિશ્કાત શરીફ, સહીહૈનના હવાલાથી)*

હિજરતથી પહેલાં મક્કામાં કાફિરોએ મુસલમાનોને એટલી બધી તકલીફો પહોંચાડી કે એમની ધીરજ, સબ્રની હદ પણ ખતમ થઈ ગઈ. જેવું કે હઝરત ખબ્બાબ બિન અલ હારિષ رضی اللہ عنہ કહે છે કે, અમોને મુશ્રિકોથી ઘણી જ સખત તકલીફો, મુસીબતો ઉઠાવવી પડી. હું રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયો, તે વખતે આપ માથા મુબારક નીચે ચાદર મૂકી કા'બા શરીફના છાયામાં આરામ કરી રહ્યા હતા. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ આ મુશ્રિકો (કાફિરો) માટે બદ્દુઆ શા માટે નથી કરતા ? આ સાંભળી આપ સફાળા બેઠા થઈ ગયા, ચેહરો મુબારક લાલચોળ થઈ ગયો. પછી ફર્માવ્યું, હે ખબ્બાબ ! સાંભળ ! તમારાથી પહેલાં જે લોકો થઈ ગયા છે તેમના ઉપર લોખંડની કાંસકી જેવા ઓજારો ચલાવવામાં આવતાં જેનાથી તેમનાં માંસ, ચામડી પણ અલગ થઈ જતી અને એમનાં માથાઓ ઉપર કરવતો ચલાવવામાં આવતી જેનાથી બે ટુકડા કરી નાખવામાં આવતા. પરંતુ આ દુઃખો આ તકલીફો તેમને દીને ઈસ્લામથી હટાવી ન શકી. અલ્લાહ તઆલા ઈસ્લામને એની સંપૂર્ણતાના ઉચ્ચ શિખરે પહોંચાડશે, ત્યાં સુધી કે એક સવાર પોતાની સવારી સનાથી હઝરમૂત સુધી સફર કરશે અને એને અલ્લાહ સિવાય કોઈનો જ ડર નહીં હોય.

–*(સહીહ બુખારી)*

## ★ ખૂન કરવા આવેલ દુશ્મને કલમો પઢી લીધો ! ★

હઝરત રાફેઅ બિન ખદીજ બયાન કરે છે કે, ગઝવએ અન્સારમાં અમે રસૂલુલ્લાહ ﷺની સાથે હતા. આપના આવવાની ખબર સાંભળી ત્યાંના લોકો પહાડોની ટોચ પર ચઢી ગયા. (હિ.સ. ૩ રબીઉલ અવ્વલ) ગતફાને દઅષૂર બિન હારિષને જે એમનો સરદાર હતો તેને કહ્યું કે, મુહમ્મદ (ﷺ) અત્યારે એમના સાથીઓથી વિખૂટા છે એમને કતલ કરવા માટે આવો શુભ અવસર તને નહીં મળે. દઅષૂર ખૂબ જ પાણીદાર તલવાર લઈને પહાડ પરથી ઉતરી આવ્યો, એણે જોયું કે રસૂલુલ્લાહ ﷺ આરામ કરી રહ્યા છે. તેણે આહિસ્તાથી તલવાર કાઢી અને આપના માથા મુબારક પાસે આવી ઉભો રહ્યો. આપની આંખો ખુલી ગઈ તો એણે કહ્યું, મુહમ્મદ ! બોલો હવે તમને મારાથી કોણ બચાવશે ? આપ علیہ الصلوٰۃ والسلامએ કહ્યું, "અલ્લાહ !" હઝરત જિબ્રઈલ علیہ السلامએ આવી એને ધક્કો માર્યો એટલે તે જમીન પર પડી ગયો, એના હાથમાંથી તલવાર પડી ગઈ. રસૂલુલ્લાહ ﷺએ તલવાર ઉઠાવી લઈ કહ્યું, તને મારાથી કોણ બચાવશે ?! તે બોલ્યો, (તમારા સિવાય) કોઈ નહીં ! રસૂલુલ્લાહ ﷺએ કોઈ જ બદલો ન લેતાં કહ્યું, જા ! મેં તને માફ કરી દીધો. આ સાંભળી દઅષૂરે કહ્યું, યા નબીયલ્લાહ ! ﷺ ખરેખર, આપ મહાન છો, આપ સાચે જ અલ્લાહના રસૂલ છો, મને ઈમાનની દૌલતથી નવાઝો. દઅષૂર કલમએ શહાદત પઢી ઈમાન, ઈસ્લામની મહાન દૌલતથી માલામાલ થઈ (સહાબીનો મહાન રૂત્બો પામી) ગયા.

*(અસાબા : વાકેદીના હવાલાથી, તર્જુમો : દઅષૂર બિન હારિષ ગતફાની)*

## ★ અતિ ગંભીર ગુનો કરનારાને પણ માફી ! ★

જે દિવસોમાં રસૂલુલ્લાહ ﷺ મક્કાના વિજય માટે છુપી તૈયારીઓ કરી રહ્યા હતા તો હઝરત હારિબ બિન અબી બલતઆએ કુરૈશીઓને આ બાબતથી વાકિફ કરવા એક કાગળ લખ્યો, અને એક સ્ત્રીને કાગળ લઈ મક્કા રવાના કરી. પરંતુ તેણી રસ્તામાં પકડાઈ ગઈ, તેણી પાસેથી કાગળ પણ મળ્યો. તેણીએ બધી જ હકીકત જણાવી આપી. આટલો ગંભીર ગુનો કર્યો હોવા છતાં આપ علیہ الصلوٰۃ والسلامએ હારિબને માફ કરી દીધા અને કાગળ લઈ જનાર સ્ત્રીને પણ માફ કરી દીધી.

અબૂ સુફયાન બિન હરબ જે ઈસ્લામ લાવવા પહેલાં જંગે ઓહદ અને જંગે અહઝાબમાં મુશ્રિકોના સરદાર હતા. ફતેહ મક્કાની લડાઈમાં મુરા ઝેહરાન સ્થળે મુસલમાનોની જાસૂસી કરતાં પકડાય ગયા. હઝરત અબ્બાસ رضی اللہ عنہ એમને લઈને હુઝૂર સરવરે દો આલમ ﷺ પાસે આવ્યા. હુઝૂર ﷺએ એમની સાથે ઘણી ભલાઈથી વર્તાવ કર્યો. આપનો આ હુસ્ને અખ્લાક, ભલાઈ તથા મહબ્બતભર્યો વર્તાવ જોઈને તે ઈસ્લામ લઈ આવ્યા.

## ★ બેવતન કરનારાઓને કહ્યું, જાવ ! તમે સૌ આઝાદ છો ! ★

મક્કાના વિજયના દિવસે તે જ કુરૈશીઓ મસ્જિદે હરામમાં ખૂબ જ ડરની પરિસ્થિતિમાં બેચૈન હતા કે જેમણે આખી જિંદગી સરકારે દો આલમ ﷺને તકલીફ આપવામાં કોઈ જ કસર છોડી ન હતી. પરંતુ આપ علیہ الصلوٰۃ والسلامએ એમણે આપેલી તકલીફો અંગે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહીં. બલ્કે હુકમ કર્યો, **ઈજહબૂ ફઅન્તુમુત્તુલકાઅ.** "જાવ ! તમે સૌ આઝાદ છો !"

હિંદ બિન્તે ઉત્બા (અબૂ સૂફયાન બિન હરબનાં પત્ની) જે હઝરત અમીર હમ્ઝા رضی اللہ عنہના કલેજાને ચાવી ગયાં હતાં. પરંતુ મક્કા વિજયના દિવસે નક઼ાબ પહેરી (બુરખો પહેરી) ઈમાન લઈ આવ્યાં હતાં. એમ વિચારીને કે હુઝૂર ﷺ એમને ઓળખી ન શકે. સરકારે દો આલમ ﷺ જ્યારે બયઅત કરતા હતા તે વખતે પણ ગુસ્તાખી કરવાનું ચૂક્યાં નહીં. ઈમાન લાવી તરત મોઢા ઉપરથી પડદો ઉઠાવી કહેવા લાગ્યાં, હું હિંદ બિન્તે ઉત્બા છું ! પરંતુ હુઝૂર રહ્‌મતુલ્ લિલ્ આલમીન ﷺએ તેણીની વાત પર જરા પણ ધ્યાન ન આપ્યું. તેણીએ કરેલા કાળા કરતૂત બાબત જરા પણ ઉલ્લેખ ન કર્યો. આ જોઈ હિંદ બોલ્યાં, **યા રસૂલલ્લાહ ! ﷺ આ જમીનના પટ ઉપર રહેનાર કોઈપણ વ્યક્તિ માટે તમારાથી વધુ નફરતને લાયક ન હતી, પરંતુ આજે (આપના હુસ્ને અખ્લાક઼ જોઈને) જમીનના પટ પર વસનાર તમામ વ્યક્તિઓમાં આપથી વધુ કોઈ જ મહબૂબ નથી રહ્યો.**

*–(સહીહ બુખારી, બાબ ઝિક્રે હિંદ બિન્તે ઉત્બા)*

## ★ રસૂલુલ્લાહ ﷺ સૌથી વધુ એહસાન કરનાર છે ★

ઈકરમા બિન અબૂ જહલ કરશી મખ્ઝૂમી પોતાના પિતા અબૂ જહલની જેમ રસૂલુલ્લાહ ﷺના સખ્ત દુશ્મન હતા. તે ફતહે મક્કાના દિવસે ભાગી છૂટી યમન ચાલ્યા ગયા. એમનાં પત્ની જે મુસલમાન થઈ ચૂક્યાં હતાં તે યમન ગયાં અને કહ્યું, રસૂલુલ્લાહ ﷺ સૌથી વધીને બખ્શિશ, રહમ અને એહસાન કરનાર છે, માટે તું મારી સાથે તેમની બારગાહમાં ચાલ ! એને સમજાવી મક્કા મોઅઝ્ઝમા લઈ આવ્યાં. દરબારે રસૂલમાં હાજર થઈ ઈકરમાએ સલામ અર્ઝ કરી, રસૂલુલ્લાહ ﷺ એને જોઈ ઊભા થઈ ગયા, એટલી જલ્દીમાં તેના તરફ આગળ વધ્યા કે આપના ખભા મુબારક પરથી ચાદર મુબારક નીચે પડી ગઈ. ફર્માવ્યું, *મર્હબા બિર્રાકિબિલ મુહાજિર.* અર્થાત : "હિજરત કરનાર સવારને આવવું મુબારક !"

*–(અસાબા, સીરતે હલબિયા)*

સફવાન બિન ઉમૈયા જાહિલિયતના સમયમાં (એટલે ઈસ્લામ આવતા પહેલાં) કુરૈશીઓના સરદારોમાંથી હતા અને ઈસ્લામના સખત દુશ્મન હતા. ફતહે મક્કાના દિવસે ડરના માર્યા મક્કા છોડી પલાયન થઈ ગયા હતા. હઝરત ઉમયર બિન વહબ رضی اللہ عنہએ રસૂલુલ્લાહ ﷺને વિનંતિ કરી, સફવાન મારી ક઼ૌમના સરદાર છે. તેઓ મક્કા છોડી નાસી ગયા છે અને કહેતા હતા કે હું દરિયામાં કૂદી પડીશ. આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, એવું છે તો જા તારા કાકાના પુત્રને લઈ આવ, મારા તરફથી અમાન છે. હઝરત ઉમયરે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમાનની કોઈ નિશાની આપો કે જેથી હું સફવાનને બતાવી શકું. આપ ﷺએ પોતાનો અમામા શરીફ જે ફતેહ મક્કાના દિવસે માથા મુબારક ઉપર સજાવેલો હતો તે આપી દીધો. સફવાન જિદ્દામાં વહાણમાં બેસવાની તૈયારીમાં હતા ત્યાં હઝરત ઉમયર પહોંચી ગયા અને એમને અમાનની ખુશખબરી સંભળાવી. સફવાને કહ્યું, મને મારા જીવનો ડર છે કે હું પકડાઈ જઈશ તો મને જીવતો નહીં છોડે. હઝરત ઉયમર رضی اللہ عنہએ કહ્યું, રસૂલુલ્લાહ ﷺની તરફથી ભલાઈ, રહમ, મહેરબાનીભર્યો વતાવ તારા ડર કરતાં ઘણો જ મહાન છે. મતલબ સફવાન આપની બારગાહમાં હાજર થયા, અને અર્ઝ કરી, આ ઉમયર કહે છે કે આપે મને અમાન અર્પણ કરી છે ! આપ ﷺએ ફર્માવ્યું, ઉમયરે તને સાચું જ કહ્યું છે. સફવાને આ

સાંભળી કહ્યું, યા નબીયલ્લાહ ! ﷺ મને બે મહિનાનો સમય આપો. આપ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, તને ચાર મહિનાનો સમય આપું છું. હઝરત સફવાન رضی اللہ عنہ ગઝવએ તાઈફ (તાઈફની લડાઈ) પછી કોઈપણ પ્રકારના દબાણ વિના રાજી ખુશીથી બારગાહે રિસાલતમાં હાજર થયા અને ઈમાનની દૌલતથી માલામાલ થયા.

શવ્વાલ હિ.સ. ૮માં જ્યારે રસૂલુલ્લાહ ﷺ તાઈફના ઘેરાવથી પાછા પરત થઈ રહ્યા હતા તો સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ અર્ઝ કરી, આપ કબીલા ષકીફ માટે બદ્દુઆ ફર્માવો. એ સાંભળી આપ ﷺ એ આ મુજબ દુઆ કરી, *અલ્લાહુમ્મહદિ ષકીફન.* હે અલ્લાહ ! ષકીફને હિદાયત અતા કર ! જેમ કે એ દુઆ કબૂલ થઈ, કબીલાએ ષકીફ હિ.સ. ૯માં ઈમાન લઈ આવ્યા.

## ★ પોતાની પુત્રીના હત્યારાને માફી ! ★

જ્યારે અબુલ આસ બિન રબીઅએ નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام ની સાહબઝાદી ઝયનબ رضی اللہ عنہا ને મક્કાથી મદીના મુનવ્વરા મોકલ્યાં તો રસ્તામાં કેટલાક બેવકૂફ બદ્માશ કુરૈશીઓએ માલ લૂંટવાનો પ્રયત્ન કર્યો તે વખતે હિબાર બિન અસ્વદ કરશી અસદીએ હઝરત ઝયનબ رضی اللہ عنہا ને ઊંટ પરથી ફેંકી દીધાં, તેઓ હમલથી હતાં, નીચે પથ્થર પર પડતાં હમલ પડી ગયો અને ઘાયલ પણ થયાં અને એમાં જ આપની વફાત પણ થઈ ગઈ. ફતહે મક્કાના દિવસે હિબાર માટે કતલની સજા જાહેર હતી, વોન્ટેડ જાહેર થઈ ચૂક્યો હતો. મૌતના ડરે મક્કાથી ભાગી છૂટયો. તેનો ઈરાદો ઈરાન જવાનો હતો. પરંતુ નબી ﷺ જ્યારે જિઈર્રાનાથી મક્કા આવ્યા, તો તે બારગાહે રિસાલતમાં હાજર થયો અને અર્ઝ કરવા લાગ્યો, યા રસૂલલ્લાહ ! ﷺ હું મક્કાથી ભાગી છૂટી અલગ અલગ શહેરોમાં ભટકતો રહ્યો, હું વિચારતો હતો કે ઈરાન નાસી જાઉં, પરંતુ મને આપની રહમ, દયા, દરગુઝર, ભલાઈ યાદ આવી. હું આપની બારગાહમાં હાજર થયો છું અને મને મારો ગુનોહ યાદ છે, હું કબૂલ કરું છું અને આપની પાસે ક્ષમા યાચના કરું છેં, મને માફ ફર્માવો ! આ સાંભળી આપ ﷺ એ ફર્માવ્યું, મેં તને માફ કરી આપ્યો !

*-(અસાબા તર્જુમો હિબાર બિન અસ્વદ)*

## ★ કત્લની સજા જાહેર કરેલાને માફી ! ★

કઅબ બિન ઝહીર અને એમના ભાઈ બહીર અર્બક અઝ્ઝાતમાં બકરીઓ ચરાવ્યા કરતા હતા. બહીરે કઅબને કહ્યું, તું અહીં રોકાય જા. હું એ નબુવ્વતનો દાવો કરનાર પાસે જાઉં છું અને જોઉં તે શું કહે છે. બહીર રસૂલુલ્લાહ ﷺ ની સેવામાં પહોંચ્યા અને આપની વાતચીત સાંભળીને જ મુસલમાન થઈ ગયા. કઅબને જ્યારે આ સમાચાર મળ્યા તો તેમણે રસૂલુલ્લાહ ﷺ ની શાનમાં ગુસ્તાખીભર્યા શેઅર લખી બહીરને મોકલ્યા.

**અર્થાત** : "ખબરદાર રહો ! જાણી લો અને મારા તરફથી બહીરને આ સંદેશો પહોંચાડી દો કે શું તેં દિલની સચ્ચાઈથી કલમએ શહાદત પઢયો છે ?! અફસોસ ! તારા પર અફસોસ ! શું તેં દિલથી કલમો પઢયો છે ? (મને લાગે છે) અબૂબક્રએ તને તારી તરસને છિપાવનાર પ્યાલો પીવડાવી દીધો છે અને અમીને (હઝરત મુહમ્મદ) તને એ પ્યાલાથી પ્રથમવાર અને બીજીવાર પીવડાવી આપ્યો છે.

એટલા માટે તું હિદાયતના સબબો છોડી એમનો ફર્માંબરદાર બની ગયો. અને એણે તને શું

બતાવ્યું કે તું બીજાઓની જેમ બરબાદ થઈ ગયો ? એણે તને એવો ધર્મ બતાવ્યો કે જેના ઉપર તારા મા બાપ ન હતા ! ન તો તારા ભાઈને તેના ઉપર જોયો.

જો તેં મારું કહેવું ન માન્યું તો હું તારા ઉપર બિલકુલ અફસોસ કરીશ નહીં. અને તું ઠોકર ખાય પડી જઈશ તો હું દુઆ પણ કરીશ નહીં કે તું ઉઠી ઊભો થઈ જાય.''

હઝરત બહીર رضی اللہ عنہએ રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامને પોતાના ભાઈની આ વર્તણૂંક અંગે વિગતે વાત કરી તો રસૂલુલ્લાહ ﷺએ એની ગુસ્તાખીભરી શાયરી લખ્યા કરવાના ગુનાહને કારણે કતલનો હુકમ આપેલો તે માફ કરી આપ્યો. હઝરત બહીરે પોતાના ભાઈને આ ખુશખબરી સંભળાવી અને હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં હાજરી આપવા જણાવ્યું કે હુઝૂર સરવરે દો આલમ ﷺ ઘણા જ રહમદિલ, ભલાઈ કરનાર છે, તું આવ અને તારા ગુનાહની પોતે માફી માગી લે ! જેથી એઓ હિ.સ. ૯માં ગઝવએ તબૂક (જંગે તબૂક)થી પહેલાં ખિદમતે અકદસ ﷺમાં હાજર થયા. આપ ﷺ તે વખતે મસ્જિદે નબવી શરીફમાં સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینના ઝુરમુટમાં તશરીફ ફર્માવી રહ્યા હતા. આપ ﷺ કઅબને ઓળખતા ન હતા. કઅબે આવી કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ કઅબ બિન ઝહીર મુસલમાન થઈ આપની પાસે અમાન માગવા આવે છે, આપની ઈજાઝત હોય તો હું તેને આપની સેવામાં લઈ આવું. આપે ઈજાઝત આપી તો તે પછી કઅબે અર્ઝ કરી, યા નબીયલ્લાહ ! ﷺ હું પોતે જ કઅબ છું ! તે પછી કઅબ ઈસ્લામ લાવી મુસલમાન થઈ ગયા અને પોતે બનાવેલો કસીદો પઢયો જેમાં કેટલીક પંક્તિઓ પછી આ પંક્તિ હતી :–

**અર્થાત** : ''મને જાણ કરવામાં આવી કે બારગાહે રિસાલતમાં મારા માટે કતલનો ફેંસલો અપાયો છે. જ્યારે રસૂલુલ્લાહ ﷺથી તો માફી (દરગુઝર)ની જ ઉમ્મીદ કરાય છે.''

આ કસીદાથી ખુશ થઈ આપ علیہ الصلوٰۃ والسلامએ પોતાની ચાદર અર્પણ કરી આપી. અને એણે ભૂતકાળમાં આપેલી તકલીફો બાબત એક શબ્દો પણ ન કહ્યો. *(અસાબા વગેરે)*

## ★ પ્રિય કાકા અમીર હમ્ઝા رضی اللہ عنہના ખૂનીને માફી ! ★

હુઝૂર સરવરે દો આલમ ﷺના કાકા હઝરત અમીર હમ્ઝા رضی اللہ عنہને શહીદ કરનાર વહશી હબ્શી અબૂ સુફિયાન બિન હરબનો ગુલામ જંગે ઓહદ પછીથી મક્કા શરીફમાં રહેતો હતો. જ્યારે મક્કામાં ઈસ્લામ ફેલાયો તો તે તાઈફ નાસી છૂટયો હતો. તે હિ.સ. ૯માં રમઝાન શરીફમાં હુઝૂર સરવરે દો આલમ ﷺની ખિદમતમાં તાઈફથી આવતા પ્રતિનિધિમંડળ સાથે હાજર થયો અને ઈમાન લાવી મુસલમાન થઈ ગયો. તેનાથી પોતાના ઘણા જ પ્યારા કાકાની શહાદત અંગે કોઈ જ સવાલ ન કર્યો અને ફક્ત એટલું જ ફર્માવ્યું, ''તું મારી સામે આવ્યા ન કરતો તને જોઈને મને મારા કાકા હઝરત હમ્ઝા (رضی اللہ عنہ)ની શહાદત યાદ આવી જાય છે.'' *(સહીહ બુખારી, બાબ : શહાદતે હઝરત હમ્ઝા رضی اللہ عنہ)*

હઝરત સૈયદા, તૈયબા, તાહેરા ઉમ્મુલ મો'મિનીન મા આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ ન તો બેહૂદી વાતો કરનાર હતા, ન તો ગંદી ઝબાન વાપરતા, ન તો બજારમાં શોર શરાબા કરતા, ન તો બુરાઈનો બદલો બુરાઈથી આપતા. બલ્કે માફ કરતા, દરગુઝર કરતા.

*–(શમાઈલે તિર્મિઝી)*

## ★ દરગુઝરનાં અનોખા દષ્ટાંતો ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત કરે છે કે, એક ગામડિયાએ મસ્જિદે નબવી શરીફમાં પેશાબ કરી દીધો. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین જેઓ હાજર હતા તેમાંથી અમુક ગુસ્સે થઈ તેને મારવા ઉઠયા. રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, એને જવા દો ! અને એના પેશાબ પર પાણીની એક ડોલ વહાવી દો. કારણ કે તમોને નરમ વર્તાવ કરનાર બનાવી મોકલ્યા છે, ન તો સખ્તાઈભર્યું વર્તન કરનાર બનાવી મોકલ્યા છે. *(સહીહ બુખારી, બાબે અદબ, યસ્સિરુ વલા તુઅષ્શિર)*

હઝરત અનસ رضی اللہ عنہ નું બયાન છે કે, એક દિવસે હું રસૂલુલ્લાહ ﷺ સાથે જઈ રહ્યો હતો. આપે સખત ધારદાર નજરાની ચાદર ઓઢેલી હતી. આપની પાસે એક ગામડાવાસી આવ્યો અને એણે આપની ચાદર પકડી એવી ખેંચી કે ચાદર મુબારક ફાટી ગઈ. મેં જોયું કે ચાદરની સખત ધારીને કારણે ગરદન મુબારક પર તેની અસર થઈ હતી. પછી તે ગામડીયાએ કહ્યું, હે મુહમ્મદ ! (ﷺ) આપની પાસે જે ખુદાનો માલ છે એમાંથી મારા માટે હુકમ કરો ! રસૂલુલ્લાહ ﷺ એ એની તરફ જોયું, પછી હસીને એને માટે બખ્શિશનો હુકમ કર્યો.

*–(સહીહ બુખારી, કિતાબુલ અદબ, બાબે તબસ્સુમ વ જહક)*

## ★ યહૂદી થકી નબુવ્વતની નિશાનીઓની ચકાસણી ★

હઝરત ઝૈદ બિન સાઅના જેઓ યહૂદીઓના બુદ્ધિશાળી લોકોમાંથી હતા. પોતાના ઈસ્લામ કૃબૂલ કરવા અંગેનો બનાવ પોતે જ બયાન કરે છે કે, મેં તૌરાતમાં આખરી નબી બાબત આવેલી ભવિષ્યવાણીમાં જે નિશાનીઓ વાંચી હતી તે બધી જ મુહમ્મદ ﷺ નો ચહેરો મુબારક જોઈને તરત જ ઓળખી લીધી. ફક્ત બે આદતો એવી હતી જેના માટે તેમને અજમાવવા બાકી હતા. એટલે કે આપની માફી, દરગુઝરની નીતિ અને ગુસ્સો. આપ ગુસ્સા ઉપર કૃાબૂ મેળવી લે છે કે કેમ અને બીજાના તરફથી થતી સખ્તાઈ, ઈજા, અજ્ઞાનતા આપની બખ્શિશ, દરગુઝરની નીતિમાં વધારો કરે છે કે કેમ ?!

આપની મુબારક આદતોની આજમાઈશ માટે મોકૃાની તલાશમાં હતો. હું આપની સાથે મહબ્બતથી વર્તતો. એક દિવસ આપ પોતાના મકાન મુબારકથી નીકળ્યા અને આપની સાથે હઝરત અલી બિન અબૂ તાલિબ رضی اللہ عنہ સાથે હતા. એક ઊંટસવાર જંગલી જેવો લાગતો તે આપની નજીક આવ્યો અને કહેવા લાગ્યો, યા રસૂલલ્લાહ ! ﷺ મને ડર છે કે તેઓ લાલચને કારણે ઈસ્લામથી ફરી ન જાય. કારણ કે તેઓ લાલચને કારણે જ ઈસ્લામ લાવ્યા હતા. જો આપનો મુબારક અભિપ્રાય હોય તો આપ તેમને મદદ કરો.

આ સાંભળી રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام એ પોતાની બાજુમાં બેઠેલા એક વ્યક્તિ (મારા માનવા મુજબ હઝરત અલી رضی اللہ عنہ હતા) તરફ જોયું. તે માણસે કહ્યું, તેમાંથી કાંઈ જ બચ્યું નથી. આ જોઈ હું આગળ વધ્યો અને મેં આપનાથી ખજૂરોની વાયદાથી લેણદેણ બાબત પૂછયું. પછી મેં આપનાથી કહ્યું, હું વાયદાથી ખજૂર ખરીદું છું, કિંમત અત્યારે ચૂકવી આપુ છું. આપ વાયદો કરો તે સમયે મને તમારે ખજૂરો આપવી. મેં મારા પોકેટમાંથી ૮૦ મિષ્કાલ ખજૂરોની થતી હતી તે રકમ આપની આપી. આપે એ લઈ તરત પેલા સવારી પર આવેલા સવારને આપી દીધી અને કહ્યું, જલ્દી જા અને એ કબીલાના લોકોને વહેંચી દે. જ્યારે

વાયદાનો સમય આવ્યો, બે ત્રણ દિવસ બાકી રહ્યા તે વખતે રસૂલુલ્લાહ ﷺ એક અન્સારીના જનાઝા સાથે જઈ રહ્યા હતા. આપની સાથે હઝરત અબૂબક્ર, હઝરત ઉમર, હઝરત ઉષ્માન અને બીજા સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین હતા. તો મેં જઈ આપના કુરતા અને ચાદરને પકડી લીધી. અને ગુસ્સાની નજરે આપની તરફ જોઈ કહ્યું, હે મુહમ્મદ ! શું તું મારો હક્ક હજુ અદા નહીં કરે ?! હે અબ્દુલ મુત્તલિબના ખાનદાનવાળાઓ ! ખુદાની કસમ ! તમે લોકો બીજાના હક્કો અદા કરવામાં હમેશાં ખોટાં બહાનાં જ કર્યા કરો છો ! હઝરત ઉમર رضی اللہ عنہ એ ગુસ્સાની નજરે મારી તરફ જોઈ કહ્યું, હે અલ્લાહના દુશ્મન ! શું તું રસૂલુલ્લાહ ﷺ ને તે શબ્દો કહી રહ્યો જે હું મારા કાને સાંભળી રહ્યો છું ! કસમ છે તે પાક પરવરદિગારની જેણે આપને સત્ય આપી મોકલ્યા છે ! જો મને મુસલમાનો અને તારી કૌમ વચ્ચે થયેલા સુલેહશાંતિ કરારનો ભંગ થવાનો ડર ન હોત તો આ તલવારથી તારું માથુ જ ઉડાડી આપત. રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام એ શાંતિથી મુસ્કુરાયને હઝરત ઉમર رضی اللہ عنہ તરફ જોયું અને ફર્માવ્યું, હે ઉમર ! મારે અને આ વ્યક્તિને આ સખ્ત ગુસ્સાભરી વાત કરતાં તો એ વાતની જરૂરત હતી કે તમે મને એનું કર્ઝ અદા કરી આપવા કહેતા, અને એને મહોબ્બતથી માગણી કરવાનું કહેતા. હે ઉમર ! એને લઈ જાવ અને એનો હક્ક અદા કરી દો ! અને તમે એને જે ડરાવ્યો, ધમકાવ્યો તેના બદલામાં ૨૦ સાઅ ખજૂરો વધારો આપજો. (૨૩૪ તોલા : ૧ સાઅ)

હઝરત ઉમર رضی اللہ عنہ મને સાથે લઈ ગયા, મારા હક્કની ખજૂરો આપી અને પછી ઉપરથી ૨૦ સાઅ્ ખજૂરો આપી. મેં કહ્યું, ઉમર ! આ વધારાની કેવી ? તો હઝરત ઉમર رضی اللہ عنہ એ એનો જવાબ આપ્યો. પછી મેં કહ્યું, ઉમર ! તમે મને ઓળખો છો ? તેમણે કહ્યું, ના ! મેં કહ્યું, હું ઝૈદ બિન સઅના છું. એમણે કહ્યું, તે ઝૈદ જે યહૂદીઓનો આલિમ છે ? મેં કહ્યું, હું તે જ છું. તો એમણે પૂછયું, તેં રસૂલુલ્લાહ ﷺ સાથે અણછાજતું વર્તન શા માટે કર્યું ? મેં કહ્યું, હે ઉમર ! જે વખતે રસૂલુલ્લાહ ﷺ નો ચહેરો મુબારક જોયો તો તેઓમાં તે તમામ નિશાનીઓ જે મેં તૌરાતમાં પઢી હતી તે જોઈ, પરંતુ એમાંથી ફક્ત બે નિશાનીઓ બાકી હતી જે આજે મેં અજમાવી લીધી.


**હે ઉમર ! હું તમોને ગવાહ બનાવીને કહું છું કે, અલ્લાહને મારો પરવરદિગાર, ઈસ્લામને મારો દીન અને મુહમ્મદ ﷺ ને મારા પૈગંબર માનવા પર રાજી થઈ ગયો છું. સાથે હું તમોને ગવાહ બનાવું છું કે મારો અડધો માલ મુહમ્મદ ﷺ પર સદકામાં આપું છું.** પછી અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہ અને હઝરત ઝૈદ رضی اللہ عنہ બંને બારગાહે રિસાલતમાં હાજર થયા અને હઝરત ઝૈદ આપ علیہ الصلوٰۃ والسلام ના હાથ મુબારક પર બયઅત કરી ઈમાન જાહેર કર્યું. ઈમાન લાવ્યા પછી હઝરત ઝૈદ બિન સઅના ઘણા જ ગઝવાતમાં રસૂલુલ્લાહ ﷺ ની સાથે રહ્યા, ગઝવએ તબૂકમાં દુશ્મનો સાથે લડતા લડતા શહીદ થઈ ગયા. (اِنَّا لِلّٰہِ وَ اِنَّا اِلَیْہِ رَاجِعُوْنَ)

*(દલાઈલુન્નબુવ્વત બહવાલા સીરતે રસૂલે અરબી ﷺ, અઝ : મુહમ્મદ નૂર બખ્શ તવક્કુલી رحمۃ اللہ علیہ)*

આ થોડાક હુસ્ને અખ્લાકના નમૂના છે જે આપના જાની દુશ્મનો સાથે આપે કેવા સંસ્કાર દર્શાવ્યા અને કેટલા દરગુઝરથી કામ લીધું. આપણે પણ મહબ્બતે રસૂલનો દાવો કરીએ છીએ તો રસૂલે પાક ﷺ ના સંસ્કાર તથા અખ્લાકોને અપનાવી સબ્ર, માફી, દરગુઝરથી જીવન જીવવું જોઈએ. સરકાર ﷺ ની આ સુન્નતો પર પણ જરૂરથી અમલ કરવો જોઈએ જેનાં ઉમદા પરિણામો બંને જહાનમાં મળી શકે છે.

*–ક્રમશઃ*

## રાહતુલ કુલૂબ



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

### મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہ

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ ઝિક્રે ઈલાહીની બરકતો ★

પછી ફર્માવ્યું કે કોઈ કામ ઝિક્રે ઈલાહીથી વધીને નથી એને વધવું જોઈએ, કેમ કે એનું ફળ સર્વ ઈતાઅતોથી વધીને છે.

ત્યાર બાદ ફર્માવ્યું કે મેં શૈખુલ ઈસ્લામ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી قُدِّسَ سِرُّہُ الْعَزِیْز ની ઝબાની સાંભળ્યું છે કે હદીષમાં આવ્યું છે કે તૌરાતમાં સૂરએ મુલ્કનું નામ "માષૂર" છે અને ફારસીમાં માષૂરા કહે છે. **એનાથી કબ્રનો અઝાબ ઉઠી જાય છે.**

ત્યાર બાદ ફર્માવ્યું કે ખબરમાં આવેલ છે કે **જે શખ્સ રાતે સૂરએ યાસીન પઢે છે, જાણે કે તેણે શબે કદ્ર પામી લીધી.**

ત્યાર બાદ ફર્માવ્યું કે એક બુઝુર્ગ અલ્લાહ અલ્લાહ ખૂબ કર્યા કરતા હતા. એક દિવસે રસ્તે પસાર થતાં તેમના માથા પર લાકડી વાગી જેનાથી લોહી વહી નીકળ્યું. લોહીના દરેક ટીપાથી જમીન પર "અલ્લાહ"નો નકશ બની ગયો. ખરેખર જે શખ્સ જેવી રીતે કોઈ કામમાં લાગેલો રહે છે એ જ કામમાં તેનો હશ્ર થાય છે.

### ★ દુઆની ફઝીલત ★

ત્યાર બાદ દુઆના બારામાં ચર્ચા શરૂ થઈ તો ફર્માવ્યું કે ફતાવા કુબરામાં લખેલું જોયું કે અબૂ હુરૈરહ رضی اللہ عنہ રિવાયત ફર્માવે છે કે પૈગંબરે ખુદા صلی اللہ علیہ وسلم ફર્માવે છે :–

لَیْسَ شَیْءٌ اَکْبَرُ عِنْدَ اللّٰہِ مِنَ الدُّعَاءِ "અલ્લાહ તઆલાની નજીક **દુઆથી વધીને કોઈ ચીજ** નથી."

ત્યાર બાદ ફર્માવ્યું કે શૈખુલ ઈસ્લામ મુઈનુદ્દીન હસન સંજરી, ખ્વાજા ઉષ્માની હારૂની قُدِّسَ سِرُّہُ الْعَزِیْز થી રિવાયત કરે છે કે આપ કુવ્વતુલ કુલૂબમાં લખે છે : اَنَّ اللّٰہَ یُحِبُّ الْمُسْلِمِیْنَ فِی الدُّعَاءِ "અલ્લાહ તઆલા એ લોકોને પસંદ કરે છે જેઓ ખૂબ જ દુઆ કરે છે."

ત્યાર બાદ ફર્માવ્યું, એકવાર હું તથા ભાઈ બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાનમાં સાથે હતા. એક સાહિબે નેઅમત બુઝુર્ગ પણ ત્યાં મૌજૂદ હતા. દુઆના બારામાં જ્યારે વાતચીત શરૂ થઈ તો તે બુઝુર્ગે ફર્માવ્યું, જે શખ્સ ચાર ચીજો ઉઠાવી લે છે (નથી કરતો) અલ્લાહ તઆલા તેનાથી ચાર ચીજો ઉઠાવી લે છે : (૧) જે ઝકાત નથી અદા કરતો તેનાથી અલ્લાહ તઆલા માલ ઉઠાવી લે છે. (૨) જે સદકો તથા કુર્બાની ન આપે તેનાથી અલ્લાહ તઆલા આરામ ઉઠાવી લે છે. જે નમાઝને ત્યજી આપે છે, અલ્લાહ તઆલા તેના મૃત્યુ સમયે તેનાથી ઈમાન છીનવી લે છે. જે દુઆ નથી કરતો અલ્લાહ તઆલા તેની દુઆ કબૂલ નથી કરતો.

પછી ફર્માવ્યું કે એકવાર એક શખ્સને મારી

નાખવા માટે સિંહની સામે નાખી દેવામાં આવ્યો. સાત દિવસ એ જ સિંહ પાસે રહ્યો પરંતુ અલ્લાહના હુકમથી તદ્દન સાજો સમો નીકળી આવ્યો. એની સલામતીનો સબબ એ હતો કે એની પાસે ઈસ્મે બારી તઆલા હતું. ઈસ્મે આ'ઝમ આ છે :–

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ يَادَائِمٌ بِلَا فَنَاءٍ يَاقَائِمٌ بِلَا زَوَالٍ وَيَا اَمِيْرٌ بِلَا وَزِيْرٍ

પછી શૈખુલ ઈસ્લામે અશ્રુમય આંખે ફર્માવ્યું કે તારો દુશ્મન આ જ તારો નફ્સે અમ્મારા છે, અને શૈતાન પણ. એટલામાં નમાઝની અઝાન સંભળાયી તો શૈખુલ ઈસ્લામ નમાઝમાં વ્યસ્ત થઈ ગયા અને હું તથા લોકો પરત ચાલ્યા આવ્યા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

## ★ ઝિલ્ હજ્જની ફઝીલત ★

બીજી ઝીલ હજ્જ હિ.સ. ૬૫૫ના રોજ કદમબોસીનો શરફ હાંસલ થયો. ઝિલ હજ્જની ફઝીલતના બારામાં ચર્ચા થઈ રહી હતી. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે શૈખુલ ઈસ્લામ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી قُدِّسَ سِرُّهُ الْعَزِيْز ના લખાણમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની રિવાયત પ્રમાણે લખ્યું છે કે જે શખ્સ માહે ઝિલ્ હજ્જની પ્રથમ રાતે **બે રકાત નમાઝ** નીચે દર્શાવેલ તરીકા પ્રમાણે પઢે, એટલે કે પ્રથમ રકાતમાં ફાતિહા પછી સૂરએ અન્આમની ત્રણ આયતો, અને બીજી રકાતમાં સૂરએ ફાતિહા પછી "કુલ યા ઐયુહલ કાફિરૂન" એકવાર પઢે તો **અલ્લાહ તઆલા હજ્જ કરવાવાળાઓનો સવાબ તેના આમાલનામામાં લખી આપે છે.**

ત્યાર બાદ ફર્માવ્યું કે એકવાર એક ફાસિક, બદ્કાર તથા ગુનેહગાર યુવાન મરી ગયો લોકોને એના હાલ પર અફસોસ હતો કે તંગ તથા અંધારી કબરમાં તેની શું હાલત થશે ? એ જ મોકા પર બુઝુર્ગે એને ખ્વાબમાં જોયો અને પૂછયું કે તારી સાથે કેવો વર્તાવ થયો ? જવાબ આપ્યો કે જ્યારે મને લોકો કબરમાં છોડીને ચાલ્યા ગયા અને ફરિશ્તાઓએ ગુરજ લઈને મને અઝાબ કરવા ચાહ્યું તો અલ્લાહ તઆલાનો હુકમ થયો કે એનાથી હાથ ઉઠાવી લો ! મેં એને બખ્શી આપ્યો છે અને એને જન્નતમાં સ્થાન આપી દીધું છે. ફરિશ્તાઓએ અર્ઝ કરી, આ યુવાન બદ્કાર તથા ગુનેહગાર હતો, એનાથી એવી કઈ નેકી થઈ જેના સબબે તેં એને બખ્શી આપ્યો ?! હુકમ થયો કે જે કાંઈ તમે કહો છો તે ઠીક છે, પરંતુ તે દર વરસે માહે ઝિલ હજ્જની પ્રથમ રાતે બે રકાત નમાઝ અદા કર્યા કરતો હતો, એટલા માટે મેં એને બખ્શી આપ્યો.

ત્યાર બાદ ફર્માવ્યું કે વહબ બિન મુનબ્બહ رضی اللہ عنہ ફર્માવે છે કે અલ્લાહ તઆલાએ મૂસા علیہ السلام ને હદિયો મોકલ્યો જેને જિબ્રઈલ علیہ السلام લઈને આવ્યા. કહ્યું, હે મૂસા ! જે શખ્સ ઝિલ હજ્જના પ્રથમ અશરા (દસ દિવસ)માં આ કલેમા કહેશે, જાણે કે તેણે બાર હજારવાર તૌરાત પઢી. અને એ કલેમાને લખનારને દસ હજાર નેકીઓ મળશે અને તેના દસ હજાર ગુનાહ માફ થશે, અને હજાર ફરિશ્તા દુરૂદ પઢશે અને તેનો અમલ જમીનવાળાઓમાં અફઝલ હશે.

ત્યાર બાદ ફર્માવ્યું કે શૈખુલ ઈસ્લામ શયખ શહાબુદ્દીન સુહરવર્દી رحمۃ اللہ علیہ ની રિવાયતના પ્રમાણે લખ્યું છે કે આ કલેમા ઈન્જીલમાં નાઝિલ થયા તો એની બરકતથી આંધળા દેખતા થઈ ગયા.

ત્યાર બાદ ફર્માવ્યું કે જે શખ્સ એ કલેમાની હુર્મત તથા તા'ઝીમ કરશે, ઈન્શા અલ્લાહ ! એની અસર જોઈ લેશે.

પ્રથમ દિવસે સો વખતે પઢે :–

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ يُحْيِىْ وَيُمِيْتُ وَهُوَ حَيٌّ لَّا يَمُوْتُ بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ

બીજા દિવસે સો વાર પઢે :–

اَشْهَدُ اَنْ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ واحدا حدا صمد افرادا وترالم يتخذ صاحبة ولا ولدا۔

ત્રીજા દિવસે આ કલમા કહે :–

اَشْهَدُاَنْ لَااِلٰهَ اِلَّااللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ اَحَدً صَمَدً لَمْ يَلِدْ وَلَمْ يُوْلَدْ وَلَمْ يَكُنْ لَهٗ كُفُوًا اَحَدً

ચોથા દિવસે સો વખત આ કલમા કહે :–

اَشْهَدُاَنْ لَااِلٰهَ اِلَّااللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ لَهُ الْمُلْكُ وَ لَهُ الْحَمْدُ يُحْيِى وَ يُمِيتُ وَهُوَ حَىٌّ لَّا يَمُوْتَ بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَىءٍ قَدِيْرُ

પાંચમાં દિવસે આ કલમા કહે :–

حسبى اللّٰه وكفٰى وسمع الله لمن دعاليس وراء ه المنتهٰى سبحان من لم يزل كريما ولا يزال رحيما

પછી ફર્માવ્યું, છટ્ઠા દિવસે પણ એ જ સમયે એ જ ક્રમથી પઢે.

## ★ ઝિલ્ હજ્જના અશરા (૧૦ દિવસો)ની ફઝીલત ★

પછી ફર્માવ્યું કે ઝિલ્ હજ્જના અશરા મુતબર્રકામાં વિત્રો પછી અને સૂતા પહેલાં બે રકાત નમાઝ આ પ્રમાણે અદા કરે કે દરેક રકાતમાં "સૂરએ ફાતિહા" એકવાર અને અને "ઈન્ના અઅ્તય્નાક" અને "કુલ્હુવલ્લાહ શરીફ" એક એક વાર પઢે તો અલ્લાહ તઆલા તેને એટલા પ્રમાણમાં સવાબ આપે છે કે અલ્લાહ સિવાય તેની સંખ્યા કોઈ નથી જાણતુ. આ નમાઝ પઢનાર મરતાં પહેલાં પોતાની જગા જન્નતમાં જોઈ લે છે.

ત્યાર બાદ ફર્માવ્યું કે શૈખુલ ઈસ્લામ શૈખ સઅ્દુદ્દીન હમ્વિયહ رحمۃ اللہ علیہને ખ્વાબમાં જોઈને પૂછયું કે શું હાલત છે ? ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ મને બખ્શી આપ્યો અને દરેક ઘડીના બદલામાં એ જ અંદાજા પ્રમાણે સવાબ આપ્યો. પરંતુ જે બે રકાત નમાઝ ઝિલ્ હજ્જના અશરા (દસ દિવસોમાં) અદા કરતો હતો એનો સવાબ એટલો મળ્યો કે જેને અલ્લાહ સિવાય કોઈ નથી જાણતું.

ત્યાર બાદ ફર્માવ્યું કે જુમેરાત તથા જુમ્આ જે આ દસ દિવસોમાં આવે છે, બંને દિવસ છ રકાત નમાઝ એ રીતે અદા કરે કે દરેક રકાતમાં "અલ્હમ્દુ શરીફ" એકવાર અને "કુલ્હુવલ્લાહ" ૧૫ વાર પઢે. સલામ ફેરવ્યા બાદ આ કલેમા કહે لاالٰہ الا اللّٰہ الملك الحق المبين તો હક્ક઼ તઆલા તેને એટલા પ્રમાણમાં સવાબ આપે છે જેની કોઈ સીમા નથી અને બીજા વરસ સુધી ગુનાહ નથી લખવામાં આવતા.

ત્યાર બાદ ફર્માવ્યું કે મારો એક દોસ્ત ખૂબ જ નેક બંદો હતો. તે નમાઝ પઢયા કરતો હતો. જ્યારે મૃત્યુ પામ્યો તો ખ્વાબમાં તેને પૂછયું કે હક્ક઼ તઆલાએ તારી સાથે કેવો સુલૂક કર્યો ? કહ્યું, શૈખુલ ઈસ્લામ મુઈનુદ્દીન સંજરી ચિશ્તી قُدِّسَ سِرَّہُ الْعَزِیْزના અવરાદમાં લખેલું જોયું હતું કે રસૂલે ખુદા ﷺ ફર્માવે છે કે જે શખ્સ ઝિલ હજ્જના દિવસોમાં "સૂરએ ફજ્ર" પઢે તેને અલ્લાહ તઆલા દોઝખની આગથી બચાવી લે છે.

પછી ફર્માવ્યું કે વફાત બાદ શૈખુલ ઈસ્લામ સૈયદ મુઈનુદ્દીન હસન સંજરી قُدِّسَ سِرَّہُ الْعَزِیْزને ખ્વાબમાં જોયા અને મૃત્યુ, ક઼બર તથા મુન્કર નકીરના હાલાત પૂછયા તો ફર્માવ્યું, અલ્લાહ તઆલાના ફઝ્લથી સર્વ કાંઈ આસાન થઈ ગયું. પરંતુ જ્યારે મને અર્શની નીચે લઈ ગયા તો મેં સજદામાં સર રાખ્યું. અવાજ આવ્યો, મુઈનુદ્દીન ! સર ઉઠાવો ! ઉઠાવ્યું તો હુકમ આવ્યો, તમે આટલા શા માટે ડરો છો ?! અર્ઝ કરી, તારી જબ્બારી તથા કહ્હારીના ડરથી ! હુકમ થયો, જે શખ્સ અમારા કામમાં મશગૂલ રહે છે અમે તેના કામમાં મશગૂલ છીએ. અને જેણે ઝિલ્ હજ્જના દસ દિવસોમાં "સૂરએ ફજ્ર" પઢી તેને ડરથી શો વાસ્તો ?! જા ! અમે તને બખ્શી આપ્યો ! અને તને અમારો વાસિલ (મળનાર) બનાવ્યો. ......*(ક્રમશઃ)*

# ગુનાહોનો ઈલાજ

:: લેખક ::

**હકીમ મુહમ્મદ અસ્લમ શાહીન ક઼ાદરી**

**અનુવાદક :: મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી (લેસ્ટર, યુ.કે.)**

## ભીખ માગવી કેવું ?

યાદ રાખશો ! ધંધા રૂપે ભીખ માગવી હરામ છે. **કેવળ તેના માટે સવાલ કરવો હલાલ છે જેની પાસે એક દિવસનું પણ ખાવાનુ ન હોય, તે ખાવા માગી શકે છે.** એ જ પ્રમાણે **જેની પાસે પહેરવા માટે ન હોય તે કપડાં માગી શકે છે.** જો એક દિવસનું ખાવા તથા પહેરવાનુ મૌજૂદ છે તો તે સવાલ નથી કરી શક્તો. જે મુસ્તહિક઼ (ભીખ માગવા પાત્ર) પણ હોય તે કદાપિ એ રીતે સવાલ ન કરે કે અલ્લાહ ﷻના નામ પર મને કાંઈ આપો. આ રીતે સવાલ કરવા પર લઅનતની ચેતવણી આવેલી છે. તેમજ **મસ્જિદમાં પણ સવાલ નથી કરી શક્તો કે મસ્જિદમાં સવાલ કરવો હરામ છે.** ઉલમા ફર્માવે છે કે **મસ્જિદમાં સવાલ કરનારને જો એક પૈસો પણ આપ્યો તો સિત્તેર પૈસા અધિક ખયરાત કરે કે જેથી તે એક પૈસાનો કફ્ફારો થઈ જાય.** *(બહારે શરીઅત)*

જે કેવળ માલ વધારવા માટે ભીખ માગે છે એના બારામાં મિશ્કાત શરીફની હદીષ છે. હઝરત સૈયદના અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺનું ફર્માન છે, "જે શખ્સ માલ વધારવા માટે ભીખ માગે છે તો જહન્નમનો અંગારો માગી રહ્યો છે."

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! એવું કરવું તો બેઈજ્જતી છે. હલાલ રોજી કમાવી જોઈએ. અને હલાલના ફઝાઈલમાં હુજ્જતુલ ઈસ્લામ ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ નક઼લ કરે છે : **"હલાલનો પ્રથમ કોળિયો પેટમાં જતાં જ પહેલાંના સર્વ ગુનાહો બખ્શી દેવામાં આવે છે."**

હઝરત ઝુબૈર બિન અવામ رضی اللہ عنہથી રિવાયત છે કે તાજદારે મદીના ﷺએ ફર્માવ્યું કે તમારામાંથી કોઈ પોતાનુ દોરડુ લઈને જાય અને લાકડીઓનો એક ભારો પોતાની પીઠ પર લાદીને લાવે અને તેને વેચીને પોતાની જાતનો ગુજારો કરી લે આ એ વાત કરતાં ઘણુ જ સારું છે કે તે લોકોથી ભીખ માગે કે કોઈ એને આપે અને કોઈ મના કરી દે." *(મિશ્કાત)*

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે : "માણસ સવાલ કરતો રહેશે ત્યાં સુધી કે ક઼યામતના દિવસે એ હાલતમાં આવશે કે તેના ચહેરા પર ગોશ્તનો ટુકડો હશે નહીં. એટલે ખૂબ જ બેઈજ્જત થઈને આવશે." *(બહારે શરીઅત)*

હા ! જો માગ્યા વિના મળી જાય તો એના બારામાં હઝરત સૈયદના ફ઼ારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہથી રિવાયત છે કે તાજદારે મદીના علیہ الصلوٰۃ والسلام મને અતા કરતા તો હું અર્ઝ કરતો કે કોઈ એવાને આપો જે મારા કરતાં અધિક હાજતમંદ હોય. ઈર્શાદ ફર્માવ્યો : એને લો અને તમારી માલિકીમાં બનાવી લો, અને ખૈરાત કરી દો. જે માલ તમારી પાસે માગ્યા વિના આવે અને લાલચ વિના આવી જાય તેને લઈ લો, અને જે ન આવે તો તેની પાછળ તમારા નફ્સને ન ફેંકો." *(બહારે શરીઅત)*

## જૂગાર રમવુ કેવું ?

જૂગાર રમવું ગુનાહે કબીરા છે અને જૂગાર થકી આવેલી આવક હરામ છે.

તિબ્રાની શરીફમાં છે : હુઝૂર ﷺએ હઝરત સઅ્દ رضی اللہ عنہને ફર્માવ્યું કે હે સઅ્દ ! رضی اللہ عنہ તમારું ખાવા ઉમદા રાખો તમારી દુઆઓ કૃબૂલ થશે. એ જાતની કૃસમ ! જેની કુદરતના તાબામાં મુહમ્મદ ﷺની જાન છે, એક **આદમી પોતાના પેટમાં હરામનો એક કોળિયો નાખે છે તો ચાલીસ દિવસ સુધી તેનો કોઈ અમલ કૃબૂલ નથી થતો.** અને જે બંદાનો ગોશ્ત હરામથી પેદા થયો હોય તો આગ એની અધિક હક્કૃદાર છે.'' *(મુકાશફતુલ કુલૂબ)*

જૂગાર રમવાનાં સર્વ સાધનો તથા સામાન દા.ત. તાશ, લૂડો, શતરંજ વગેરેનું ખરીદ વેચાણ પણ નાજાઈઝ છે. આજકાલ લોટરીની ટિકિટ, કેસીનો વગેરે ખૂબ જોરમાં છે. આ સર્વ જૂગારના પ્રકારો છે અને એના પર ઈનામના નામ પર જે રકમ આપવામાં આવે છે એ પણ હરામ છે. **કેવળ મનોરંજન માટે પણ શતરંજ ખેલવું નાજાઈઝ છે, અને ટાઈમ પાસ માટે પણ તાશ ખેલવું હરામ છે કે એમાં જાનદારોના ફોટા પત્તાં પર હોય છે.**

તેમજ લૂડો તથા વીડિયો ગેમ્સ, મોબાઈલ પર કલાકોની રમત, ચેટિંગ, જે આજકાલ નીકળી છે તે પણ તમારાં બાળકોને, યુવાનોને ન રમવા દો, એ નાજાઈઝ છે. ઘોડાગાડી, ગધાગાડી વગેરેમાં અને આજકાલ ક્રિકેટ વગેરે મેચોમાં શરતો લાગે છે, સટ્ટો ખેલાય છે તે પણ હરામ છે. એવી એક તરફી શરત લગાડી શકાય છે કે એકબીજાને કહે કે આવો દોડ લગાડીએ છીએ, તમે જીતી ગયા તો દસ ઈનામ, હું જીતું તો કાંઈ ન આપશો. એ જાઈઝ છે.

## ધોકાબાજી કરવું કેવું ?

અમીરુલ મો'મિનીન હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે જે કોઈ મુસલમાનની સાથે છેતરપિંડી કરે અથવા નુકસાન પહોંચાડે અથવા ધોકો આપે એ અમારામાંથી નથી. *(કન્ઝુલ ઉમ્માલ)*

ધોકો તથા પ્રપંચથી એકબીજાનો હક્કૃ મરાય જાય છે, એટલા માટે ઈસ્લામમાં ધોકાબાજીને તદ્દન હરામ અને ગુનાહે કબીરા ઠરાવવામાં આવેલ છે જેની સજા જહન્નમનો મહાન અઝાબ થશે. અસલ ચીજને નકલની સાથે મિલાવીને વેચવી ઈસ્લામી કાનૂનની તદ્દન વિરુદ્ધ છે. ધોકો તથા ફરેબ પણ એક જાતનું જૂઠ જ છે. કેમ કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે કે, ''સત્યને જૂઠ સાથે ન મિલાવો અને જાણીબુઝીને હક્કૃને ન છુપાવો.'' *(સૂરએ બકૃરહ)*

વધુમાં ફર્માવ્યું કે હે ઈમાનવાળાઓ ! તમો આપસમાં એકબીજાનો માલ નાજાઈઝ તરીકૃાથી ન ખાવ. સારાંશ કે ધોકાબાજીથી કોઈ ચીજને હાંસલ કરવું સખત ગુનોહ છે. એટલા માટે જિંદગીના કોઈ પણ ક્ષેત્રમાં ધોકાબાજી અપનાવવી જોઈએ નહીં. સારાંશ કે ધોકાબાજી અલ્લાહ ﷻને નારાજ કરનાર કૃત્ય છે જેથી દરેક પ્રકારની ધોકાબાજીથી બચો. હઝરત સૈયદના અબૂબક્ર સિદ્દીકૃ رضی اللہ عنہથી રિવાયત છે કે તાજદારે મદીના علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, ત્રણ શખ્સો જન્નતમાં દાખલ થશે નહીં : (૧) ધોકાબાઝ (૨) કંજૂસ (૩) એહસાન જતાવનાર. *(કન્ઝુલ ઉમ્માલ)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, ''જે મુસલમાનને નુકસાન પહોંચાડે અલ્લાહ તઆલા તેને નુકસાન પહોંચાડે. અને મુસલમાનને તકલીફમાં નાખે તેને અલ્લાહ તઆલા તકલીફમાં નાખી દેશે.'' એટલે કે જેવું કરશો તેવું પામશો. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે નબી અકરમ ﷺએ ધોકાબાજીથી મના ફર્માવ્યું. *(બુખારી શરીફ)*

# માહે મુહર્રમથી શું શીખ્યા ?

**અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

વિશ્વના મુસલમાનો કોઈ અજાણ્યા ડરથી પૂરી દુનિયામાં જીવતા મરતા જોવા મળી રહ્યા છે. દુનિયાના કોઈ પણ ક્ષેત્રનો મુસલમાન હોય પોતાના તથા પોતાનાં બાળકોના તથા કૌમના ભાવિના બારામાં વિચારીને ચિંતિત જોવા મળે છે. એનું કારણ મુસલમાનોના સંબંધે પ્રતિ દિન ઈલેક્ટ્રોનિક તથા પ્રિન્ટ મીડિયા તથા સોશિયલ મીડિયાનો પ્રોપેગન્ડો છે. એ જ કારણે દુનિયામાં જ્યાં ક્યાંય પણ મુસલમાનો પર જુલ્મ થાય છે, જુલ્મો સિતમના પહાડ તોડવામાં આવે છે, પણ કોઈ મુસલમાન જલ્દી તેની હિમાયતમાં અવાજ બુલંદ કરવાની હિંમત નથી કરતો. આજે દુનિયામાં કેટલાયે એવા ઈલાકાઓ છે જ્યાં હંગામા મચેલા છે અને મુસલમાન પાબંદીઓ તથા મજબૂરીમાં જિંદગી પસાર કરતા જોવા મળે છે, પરંતુ આખા જગતમાં સન્નાટો છે. મુસલમાન ગભરાયેલો તથા ભયભીત છે કે ક્યાંક આપણે અવાજ ઉઠાવ્યો તો ખબર નહીં આપણા પર કયો આરોપ લગાડી દેવામાં આવે !

## કોને ગમ તથા ડર નહીં હોય ?!

પરંતુ હમણા જ તાજદારે કર્બલા ઈમામે આલી મક઼ામ رضی اللہ عنہની શહાદતનો દિવસ એટલે યૌમે આશૂરા વિદાય થયો. દુનિયાભરમાં તાજદારે કર્બલા رضی اللہ عنہની બારગાહમાં અહલે બયતના ગુલામોએ ખિરાજે અક઼ીદત પેશ કરીને પોતાની ગુલામીની સાબિતી પેશ કરી. મેં આજના માહોલ અને ઈમામ આલી મક઼ામની હિંમત તથા બેબાકીના બારામાં સાધારણ વિચારણા કરી તો આશ્ચર્ય ચકિત રહી ગયો ! યા અલ્લાહ ! અમે જુલ્મો સિતમની ખબરો જોઈને તથા વાંચીને ભયભીત થઈ જઈએ છીએ, પરંતું ઈમામે આલી મક઼ામ લડવા તૈયાર ખડી યઝીદી ફોજને જોઈને પણ નિર્ભય જોવા મળે છે ! છેવટે એમની પાસે કઈ એવી ચીજ છે જેણે તેમને દુશ્મનોના મુક઼ાબલામાં નીડર કરી આપ્યા હતા ?! જ્યારે કે શસ્ત્રો તથા વ્યક્તિઓનું ઓછુ હોવું, ફાક઼ા (ભૂખ)ની હાલત, વતનથી બેવતની, સ્ત્રીઓ તથા બીમાર બાળકો અને ઉપરથી જંગના મેદાનમાં પાણી પર પણ પહેરો ! તો એકાએક કુર્આને મુક઼દ્દસની કેટલીયે આયતો દિમાગના પટ પર ઉભરાવા લાગી જે નીડરતાના સંબંધી છે. એમનામાંની એક આયતે કરીમાથી મેં આપણા ભયભીત થઈને મરવાની તથા ઈમામે પાકની બેખૌફ શહાદતનું કારણ સમજ્યું. કુર્આને મુક઼દ્દસમાં અલ્લાહ عزوجل ઈર્શાદ ફર્માવે છે :–

**قُلْنَا اهْبِطُوْا مِنْهَا جَمِيْعًا فَاِمَّا يَاْتِيَنَّكُمْ مِّنِّىْ هُدًى فَمَنْ تَبِعَ هُدَاىَ فَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ**

''અમે ફર્માવ્યું, તમે સૌ જન્નતથી ઉતરી જાવ ! પછી જો તમારી પાસે મારા તરફથી કોઈ હિદાયત આવે, તો જે મારી હિદાયતને અનુસર્યો, તેને ન કોઈ અંદેશો ન કોઈ ગમ.''

*–(સૂ. બક઼રહ, ૨/૩૮, કન્ઝુલ ઈમાન)*

ઉપરોક્ત આયતે કરીમામાં અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત جل جلاله એ સ્પષ્ટ શબ્દોમાં વર્ણવી આપ્યું કે જે અલ્લાહની હિદાયતને અનુસરશે તે નિર્ભય બની જશે. જાણવા મળ્યું કે દરેક નિર્ભય નહીં હોય, બલ્કે જે અમલ

કરશે તેના દિલથી અલ્લાહ ભય તથા ગમગીની કાઢી નાખશે. ઈમામે પાક رضی اللہ عنہ કુર્આન હદીષના આમિલ હતા. બાતિલની સામે આપની નીડરતા તથા દિલેરીનું એક કારણ આ પણ હતું.

## કુર્આન હદીષના આમિલો કેવા હતા ?

ઈમામે આલી મક઼ામ رضی اللہ عنہ હોય કે અન્ય કુર્આન તથા હદીષના અમલકર્તાઓ હોય, સૌને અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે બા રોઅબ બનાવ્યા હતા, એ જ કારણે તેમણે કોઈ બાતિલની સમક્ષ સર ઝુકાવ્યું નહીં. તેઓ અલ્લાહ ﷻને જ સૌથી મહાન સમજતા તથા માનતા હતા. તેમના જીવનમાં કેવળ અને કેવળ ખુદાનો ડર હતો. એકાંતમાં કે જાહેરમાં દરેક હાલતમાં અલ્લાહનો જ ડર રાખતા હતા. ઈમામ આલી મક઼ામ رضی اللہ عنہના નક઼્શે ક઼દમ પર ચાલીને આ'લા હઝરત رضی اللہ عنہના શાહઝાદા હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رضی اللہ عنہએ પણ બાતિલની સમક્ષ પોતાની બેબાકી તથા ઈમાની પાવરનો એવો અજોડ નમૂનો પેશ કર્યો કે એને ઈતિહાસે હમેશાં માટે પોતાના સીનામાં મુહફૂઝ કરી લીધો છે. આપની ૯૨ વરસની મુબારક જિંદગીમાં વિવિધ વળાંકો આવ્યા. ક્યારેક શધ્ધિ તેહરીક (ઘર વાપસી)નો કીલ્લો ભસ્મીભૂત કરવા માટે "જમાઅતે રઝાએ મુસ્તફા"ની સદારત નિભાવી અને બાતિલ પરસ્તો સાથે પંજો અજમાવવા માટે (ટક્કર લેવા) માથા પર કફન બાંધીને કઠિનાઈઓના મેદાનમાં કૂદી પડીને લાખો લોકોને કલમએ તૈય્યેબહ પઢાવ્યો અને અગણિત લોકોના ઈમાનની રક્ષા કરી. "નસબંદી"નું બલાખેઝ તોફાન આપના છેવટના દૌરમાં ઉપસ્થિત થયું અને ભલભલા અડગ રહેનારા ડગમગી ગયા, પરંતું દરેક દૌરમાં આપ દીન પર અડગતાનો મહાન પહાડ બનીને સમયની તે આંધિઓનો સામનો હસતે ચહેરે કરતા રહ્યા. આપે એ ફિત્નાથી ભરપુર દૌરમાં "નસબંદી" હરામ હોવાનો ફત્વો જાહેર કર્યો, જ્યારે કે લગભગ દીની ઈદારાઓ ખામોશ હતા કે પછી જાઈઝ હોવાનો ફત્વો આપી ચૂક્યા હતા.

## ઈમરજન્સીના દૌરમાં પણ મર્દે મુજાહિદ ન ઝુક્યો !

હઝરત મૌલાના શહાબુદ્દીન રઝવી "મુફતીએ આ'ઝમ ઔર ઉન્કે ખુલફા"માં આ પૂરા બનાવની અમુક વિગત આ પ્રમાણે વર્ણવે છે :

"હિ.સ, ૧૩૯૬–૯૭, ઈ.સ. ૧૯૭૬–૭૭નો દૌર હિંદના મુસ્લિમો માટે એક ભયાનક દૌર હતો. ગવર્નમેન્ટે નસબંદીના જાઈઝ હોવાના માટે મુફતીયાને કિરામને આકર્ષિત કરવાની ચળવળ શરૂ કરી. કોંગ્રેસી મુફતીઓએ એના જોઈઝ હોવાનો ફત્વો જાહેર કરી આપ્યો. રેડિયો તથા વર્તમાન પત્રો થકી તે ફત્વાનો ખૂબ પ્રચાર કર્યો. હિંદુસ્તાનનો મુસલમાન હવે એક એવા નાઝુક મોડ પર આવી ચૂક્યો હતો જ્યાં ચોતરફ અંધકાર જ અંધકાર હતો. પૂરી ક઼ૌમ કોઈ એવા લીડરની તલાશમાં હતી જે એને સહારો આપે, ઈમાન તથા અક઼ીદાઓની ઉજડી રહેલી ખેતીને હરીભરી બનાવે. એ સંજોગોમાં પાસબાને નામૂસે રિસાલત, મિલ્લતે ઈસ્લામિયાના મહાન મુજાહિદ, અહલે સુન્નતના તાજદાર હઝરત મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ પોતાના અમલી તથા રૂહાની વક઼ાર (દબદબા)ની સાથે જાબિર (જાલિમ) હાકિમની સામે હક્ક઼ વાત કહેવા ઉભા થયા. આપે બેબાકી તથા હક્ક઼ગોઈથી કામ લઈને ફત્વો બહાર પાડયો : "નસબંદી હરામ છે ! હરામ છે ! હરામ છે !" કેમ કે પ્રચાર માધ્યમો પર ગવર્નમેન્ટના લોખંડી પંજાઓનો મજબૂત ક઼બજો હતો જેથી એને પ્રચારનો ઝરીયો બનાવવું શક્ય ન હતું, તો આપે ગવર્નમેન્ટ વિરૂધ્ધ નસબંદી નાજાઈઝ હોવાનો ફત્વો સાઈકલો સ્ટાઈલ કરાવીને દેશના ખૂણે ખૂણે પહોંચાડી આપ્યો. નફ઼ા

નુકસાનના અંદેશાથી બેપરવા થઈને હઝરત મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہનો હિમ્મતપૂર્ણ કદમ દીને મુસ્તફા ﷺની રક્ષાનો ઝરીયો બની ગયો અને જાલિમ તથા જાબિર સત્તાધારીઓ ઈમરજન્સીના દૌરમાં પણ આપના ફત્વાનો સામનો કરવાથી બેબસ તથા લાચાર થઈને રહી ગયા. (પેજ–૯૨)

આ એ કારણે હતું કે કુર્આને કરીમની ઉપરોક્ત આયતે કરીમા પર એમનો અમલ હતો.

હદીષે પાકમાં એવી વ્યક્તિઓની પ્રશંસા કરવામાં આવી છે જે હક઼ની સચ્ચાઈ તથા બાતિલ (ખોટા)ના જૂઠાણાને સાબિત કરવાનો ફરીઝો ભય તથા ડર રાખ્યા વિના અંજામ આપે છે :–

لاتزال طائفة من امتی ظاھرین علی الحق لایخافون فیھالومة لائم۔

"મારી ઉમ્મતનો એક તબક઼ો હમેશાં હક્ક઼ પર ક઼ાયમ રહેશે અને આ બાબતમાં તેમને કોઈ બુરુ ભલુ કહેનારની બુરાઈની પરવા ન હશે."

## આપણે આજે ભયમુક્ત થવા શાની જરૂરત છે ?

કુર્આન તથા હદીષ પર આપણો કેટલો અમલ છે ? તેને આપણે સારી રીતે જાણીએ છીએ. આપણો હાલ તો એ છે કે આંશિક ઈસ્લામ પર અમલ કરીને આપણે એવું સમજી લીધું છે કે આપણાથી મોટો કુર્આનનો આમિલ કોઈ જ નથી ! અલ્અયાઝુ બિલ્લાહ! **જ્યાં સુધી કુલ ઈસ્લામ પર અમલ નહીં થાય ત્યાં સુધી દિલથી ગૈરોનો ભય દૂર થશે નહીં.** આજે આપણો ક઼ૌલ કાંઈ જુદો છે તો અમલ કાંઈ ઔર ! આજના આ પરેશાનીના માહોલમાં કુર્આની તથા નબવી હિદાયતોની રોશનીમાં જિંદગી ગુજારવા પર અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત દારૈન (બંને જહાન)નું સુકૂન અતા ફર્માવશે. જરૂરત છે રુજૂઅ ઈલલ્કુર્આન અને રુજૂઅ ઈલરસૂલની. મુહર્રમુલ હરામના પ્રથમ દસ દિવસોમાં આપણે ઉલમા તથા મુબલ્લિગોનાં બયાનો સાંભળ્યાં તો શું એના પરથી આપણે ઈમામે આલી મક઼ામ رضی اللہ عنہની હયાતે તયબહ (પવિત્ર જિંદગી) પરથી જીવવા મરવાના કાંઈ ઉસૂલ શીખ્યા કે કેવળ શહાદતના બનાવો સાંભળી સંભળાવીને હક્ક઼ અદા કરી આપ્યો ? ખુદારા ! ઈમામે આલી મક઼ામ رضی اللہ عنہની જીવન પદ્ધતિ તથા શહાદતના હેતુઓને સમજો અને ભયના ઓથાર હેઠળ જિંદગી ગુજારવાને બદલે કુર્આની હિદાયતો પર અમલ કરનારા બની જાવ. અલ્લાહ પાક જાલિમોના જુલ્મો સિતમથી બેખૌફ કરી આપશે અને આપણી આખેરત પણ સમારી આપશે.

દિલમાં કોઈનો ડર બેસાડવો તથા કાઢવો એ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનું કામ છે. જો આપણે કુર્આન તથા હદીષ પર અમલ કરનારા હોઈશું તો તે ગૈરોનો ડર દિલથી કાઢી નાખશે, બલ્કે કુર્આન હદીષના આમિલનો ડર રોઅબ તથા દબદબો ગૈરોના દિલોમાં નાખી દેશે. અલ્લાહ રબ્બેલ ઈઝ્ઝત આપણને સૌને હુઝૂર રહમતે આલમ ﷺના સદક઼ા તથા તુફૈલથી કુર્આની હિદાયતોના આમિલ બનાવે અને ઈમામે આલી મક઼ામ رضی اللہ عنہના નક઼શે ક઼દમ પર ચાલવાની તૌફીક઼ બખ્શે. *(સુન્ની દા'વતે ઈસ્લામી–મંથલી, નવે. ૨૦૧૭)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૩૦૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# તઝકેરતુલ અવલિયા

હપ્તો ૦૯

# હઝરત મુહમ્મદ વાસેઅ رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

*અઝ : હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ // **અનુવાદક :** *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

**ઓળખ** : આપ આલિમ પણ અને કામિલ આરિફ પણ હતા, અને પોતાના દૌરના અજોડ બુઝુર્ગોમાંથી થયા છે, કેવળ એટલું જ નહીં બલ્કે આપને ઘણા બધા તાબઈઓથી મુલાકાતનો શરફ પણ હાંસલ થયો અને ઘણા તરીકતવાળાઓના મુર્શિદોથી પણ આપની મુલાકાતો થઈ અને આપ શરીઅત તથા તરીકત પર એક સમાન અમલ કર્તા રહ્યા. અને એટલા પ્રકારમાં કનાઅતપઝીર (જે મળે તેમાં, થોડામાં રાજી રહેનાર) હતા કે સૂકી રોટી પાણીમાં બોળીને ખાય લેતા રહેતા અને ફર્માવતા કે સૂકી રોટી પર સંતોષ માનનાર કદી મખ્લૂકનો મોહતાજ નથી થઈ શકતો. અને ખુદા તઆલાથી અર્ઝ કર્યા કરતા કે તું તારા મહબૂબની જેમ મને પણ મિસ્કીન રાખે છે, પણ મને ઈલ્મ નથી કે મને આ મર્તબો શા માટે અર્પણ કરવામાં આવ્યો છે. પણ જ્યારે આપ ઘણા જ ભૂખ્યા થતા તો હઝરત હસન બસરી رحمۃ اللہ علیہને ત્યાં પહોંચી જતા અને જે મળતુ ખાય લેતા અને હઝરત હસન رحمۃ اللہ علیہને પણ આ બેતકલ્લુફી (નિઃસંકોચપણા) પર ઘણી ખુશી થતી. આપની એક કહેવત છે કે, "રાત દિવસ ભૂખ્યો રહેનાર ભૂખની હાલતમાં પણ ઝિક્રે ઈલાહીથી ગાફેલ ન રહે."

**નસીહત** : આપે ફર્માવ્યું કે દુનિયામાં રહીને ઝુહદ (પરહેઝગારી, દુનિયાથી દૂરી) અપનાવો અને લાલચને ત્યજી દો અને પૂરી મખ્લૂકને મોહતાજ સમજીને કદી કોઈની સમક્ષ પોતાની હાજતનો ઉલ્લેખ ન કરવો, અને જો તમે આ ચીજોના પાબંદ થશો તો બેપરવા થઈ જશો અને આ નસીહત પર અમલ કરનારાને બંને જહાનની સલ્તનત હાંસલ થઈ જશે.

આપે એક દિવસે હઝરત માલિક બિન દીનાર رحمۃ اللہ علیہને ફર્માવ્યું કે દીનાર તથા દિરહમ પર નજર નાખવાથી એ ચીજ અધિક મુશ્કેલ છે કે માણસ પોતાની જીભ પર નજર રાખે અને કદી કોઈને બુરો ન કહે.

એક દિવસે આપ કુતીબા બિન મુસ્લિમને ત્યાં મામૂલી લિબાસમાં તશરીફ લઈ ગયા અને જ્યારે તેમણે પૂછયું કે આપે મામૂલી કપડુ શા માટે પહેર્યું છે ? તો પહેલીવાર આપે કોઈ જવાબ ન આપ્યો. પછી બીજીવાર સવાલ કરવા પર ફર્માવ્યું કે હું ઝુહદનો ભાવાર્થ બનાવવા ચાહું છું, પરંતુ એટલા માટે ખામોશ છું કે ક્યાંક એમાં પોતાની પ્રશંસા અને ફકીરીની હાલત બયાન કરવાથી ક્યાંક અલ્લાહ તઆલાથી શિકાયતનું પાસુ ન નીકળી આવે.

એકવાર પોતાના સાહબઝાદાને ખૂબ જ ખુશ જોઈને ફર્માવ્યું કે તમે કઈ ચીજ પર નાઝ કરીને આટલા બધા ખુશ છો ! કેમ કે તમારી મા તો તે સ્ત્રી છે જેને મેં ૨૦૦ દિરહમમાં ખરીદી છે, અને તમારો બાપ ખુદાની મખ્લૂકમાં સૌથી બદ્તર છે. તો તમે કઈ ચીજ પર નાઝ કરી રહ્યા છે ?!

**ખુદાની પહેચાન** : આપને અમુક લોકોએ પૂછયું કે શું તમે ખુદાને પહેચાની ચૂકેલ છો ? આપે થોડીવાર ખામોશી અપનાવ્યા બાદ ફર્માવ્યું કે ખુદાને પહેચાનનાર તો હૈરતઝદા (આશ્ચર્યચકિત) અને ગુમસુમ થઈને રહી જાય છે. અને અલ્લાહ તઆલા જો ચાહે તો તેને ઈજ્જત અતા કરી આપે છે જે કદી ગૈરુલ્લાહ તરફ ધ્યાન નથી કરતો. પરંતુ ખુદા પર કોઈને ઈખ્તિયાર નથી. અને સાચાને ત્યાં સુધી સાચો નથી કહી શકાતો જ્યાં સુધી ડર તથા ઉમ્મીદનું પલ્લુ સમાન ન હોય. જેવું કે હદીષ શરીફમાં છે : "દરેક ચીજનો મધ્યમ દરજો સારો હોય છે."

(ઉર્સે રઝા : ૨૫ સફર)

# આ'લા હઝરત رحمۃ اللہ علیہ ના ઈમાન તથા યક઼ીનની પુખ્તતાની ઝલકો

રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

આ'લા હઝરત, મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ યક઼ીનન ! રાહે સુલૂકના મુસાફિર, મહાન સૂફીએ કામિલ, આરિફ બિલ્લાહ હતા. વલી તથા સૂફીએ કામિલના માટે અન્ય અનિવાર્ય શરતોની સાથોસાથ ઈમાન તથા યક઼ીનમાં આમ લોકો કરતાં અધિક મજબૂત તથા પરિપૂર્ણતા હોવી જોઈએ. એને જ કુર્આને الَّذِيْنَ اٰمَنُوْا وَكَانُوْا يَتَّقُوْنَ "તે જેઓ ઈમાન લાવ્યા અને પરહેઝગારી કરે છે." *(સૂ. યૂનુસ, ૧૦/૬૩)*માં વર્ણવેલ છે. આ મજબૂતી તથા પુખ્તાપણુ તથા યક઼ીન ઈમામ અહમદ રઝાની પૂરી જિંદગીમાં જોવા મળે છે. તેમના ખયાલો તથા અક઼ીદાઓ યક઼ીનની મજબૂત બુનિયાદ પર સ્થાપિત છે, ચાહે તે ઉસૂલી હોય કે શાખાકિય. પણ જે હક્ક઼ અક઼ીદો તે રાખે છે એમાં અડગ તથા મજૂબત છે અને આ પુખ્તાપણુ કેવળ ઈલ્મથી કદાપિ નથી પેદા થતું, એના માટે ઈર્ફાન (માઅરેફત) જરૂરી છે.

### ✯ જો આ'લા હઝરતના દિલના બે ટુકડા કરવામાં આવે તો...?! ✯

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ની જન્મ તારીખને એમણે ખુદ ઈસ્તેખરાજ કરી (કાઢી) હતી તે આ આયતે કરીમામાં છે :–

أُولٰٓئِكَ كَتَبَ فِيْ قُلُوْبِهِمُ الْاِيْمَانَ وَاَيَّدَهُمْ بِرُوْحٍ مِّنْهُ ؕ

"એ છે જેમનાં દિલોમાં અલ્લાહે ઈમાન નક઼્શ કરી આપ્યું અને પોતાની તરફની રૂહથી તેમની મદદ કરી." *(સૂ. મુજાદિલા, ૫૮/૨૨)* **હિ.સ. ૧૨૭૨.** (આયતના અદદો પ્રમાણે)

આ આયતનો પ્રારંભિક હિસ્સો આ પ્રમાણે છે :

لَا تَجِدُ قَوْمًا يُّؤْمِنُوْنَ بِاللّٰهِ وَ الْيَوْمِ الْاٰخِرِ يُوَآدُّوْنَ مَنْ حَآدَّ اللّٰهَ وَ رَسُوْلَهٗ وَ لَوْ كَانُوْٓا اٰبَآءَهُمْ اَوْ اَبْنَآءَهُمْ اَوْ اِخْوَانَهُمْ اَوْ عَشِيْرَتَهُمْ ؕ

"તમે પામશો નહીં એ લોકોને જેઓ યક઼ીન રાખે છે અલ્લાહ અને પાછલા દિવસ પર કે દોસ્તી કરે તેમનાથી જેમણે અલ્લાહ વ રસૂલથી વિરૂધ્ધતા કરી, ભલે તેઓ તેમના બાપ કે બેટા કે ભાઈ કે કુટુંબીઓ હોય." *(સૂ. મુજાદિલા, ૫૮/૨૨)* એની સાથે જ ઉપરની આયત આવેલી છે.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા قدس سرہ ની અંદર ખુદા તથા રસૂલના દુશ્મનોથી નફરત પ્રારંભથી જ હતી. પોતે જ ફર્માવે છે : "બિહમ્દિલ્લાહિ તઆલા, બચપનથી મને ખુદાના દુશ્મનોથી નફરત છે, અને મારાં બાળકોનાં બાળકોને પણ ખુદાના ફઝ્લથી ખુદાના દુશ્મનોથી નફરત ગળથુથીમાંથી જ પીવડાવી દેવામાં આવી છે. અને ખુદાના ફઝ્લથી આ વાયદો પણ પૂર્ણ થયો :

اُولٰٓئِکَ کَتَبَ فِیْ قُلُوْبِہِمُ الْاِیْمَانَ

બિહમ્દિલ્લાહ ! **જો દિલના બે ટુકડા કરવામાં આવે તો ખુદાની ક઼સમ એક પર લખ્યુ હશે : "લાઈલાહ ઈલ્લલ્લાહ" બીજા પર લખ્યુ હશે : "મુહમ્મદુર્રસૂલુલ્લાહ"** (ﷺ). *(વસાયા શરીફ, અલ્મલ્ફૂઝ)*

આરિફે કામિલ સિવાય કોણ આ દાવો કરી શકે છે ?! કે ખુદાની ક઼સમ ! મારા દિલમાં ઈમાન આ રીતે નક઼શ છે. અને આવો કામિલ ઈમાનવાળો કોણ મળી શકે છે જેના દિલ પર **લાઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** લખી દેવામાં આવેલ હોય. આ સાચા સૂફિયાએ કિરામ તથા અલ્લાહવાળાઓનો જ ખાસ હિસ્સો છે.

## ☆ રબની કામિલ કુ઼દરત પર યક઼ીનની સ્થિતિ ☆

એ જ પ્રમાણે રબ્બે ક઼દીરની કુ઼દરતે કામિલા પર પણ તેમને દરેક ઘડીએ કામિલ યક઼ીન રહેતુ હતું. ઘણી બધી વિદ્યાઓની જેમ ઈલ્મે નુજૂમ (તારાઓના જ્ઞાન)માં પણ આપ નિષ્ણાત હતા. અને સામાન્યતઃ નુજૂમીઓ (ભવિષ્યવેત્તાઓ) પોતાના ગુમાનના ઈલ્મ પર એટલો ભરોસો રાખતા હોય છે કે ખુદાની કુ઼દરતને ભૂલી જાય છે. પણ ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની કૈફિયત કાંઈ ઔર જ છે !

મૌલાના મુહમ્મદ હુસૈન સાહબ બરેલ્વીના પિતા મૌલાના ગુલામ હુસૈન સાહબ જે ઈલ્મે નુજૂમ (જ્યોતિષ વિદ્યા)માં ખૂબ જ કમાલ ધરાવતા હતા. તારાઓની ઓળખ અને તેનાં પરિણામો કાઢવામાં ખૂબ જ નિપૂણતા હતી. ઉમરમાં આ'લા હઝરત رضی اللہ عنہથી મોટા હતા અને આપના પિતાને મળવાવાળાઓમાંથી હતા. એ એકવાર આ'લા હઝરત رضی اللہ عنہને ત્યાં આવ્યા. આ'લા હઝરતે પૂછયું, બતાવો ! વરસાદનો શું અંદાઝ છે ? ક્યાં સુધીમાં થશે ? તેમણે તારાઓના સ્થાન પ્રમાણે માળખુ દોર્યુ અને ફર્માવ્યું, આ મહિનામાં પાણી નથી, આવતા મહિનામાં થશે, આવું કહીને નકશો આ'લા હઝરતની તરફ લંબાવ્યો. આપે જોઈએ ફર્માવ્યું, અલ્લાહને સર્વ કુ઼દરત છે, ચાહે તો આજે જ વરસાદ થાય ! તેમણે કહ્યું કે એ કેવી રીતે થઈ શકે છે ?! તમે તારાઓની સ્થિતિ નથી જોઈ રહ્યા ? આપે ફર્માવ્યું, મોહતરમ ! હું બધું જ જોઈ રહ્યો છું અને એની સાથે તારાઓને ચલાવનાર અને તેની કુ઼દરતને પણ જોઈ રહ્યો છું.

પછી આ મુશ્કેલ મસ્અલાને ઘણા જ આસાન તરીક઼ાથી સમજાવ્યો. સામે ઘડિયાળ લટકાવેલુ હતું. આ'લા હઝરતે એમને પૂછયું, કેટલા વાગ્યા છે ? બોલ્યા, સવા અગ્યાર વાગ્યા છે : ફર્માવ્યું, બાર વાગવામાં કેટલી વાર છે ? બોલ્યા, પોણા કલાકની. ફર્માવ્યું, એનાથી પહેલાં ? કહ્યું, કદાપિ નહીં ! બરાબર પોણો કલાક થશે. આ'લા હઝરત ઉઠયા અને મોટો કાંટો ઘુમાવી દીધો તો તરત જ ટન ટન બારના ટકોરા વાગવા માંડયા. આ'લા હઝરતે કહ્યું, તમે કહ્યું હતું કે બરાબર પોણો કલાક ઘડિયાળમાં બાર વાગવામાં બાકી છે ! બોલ્યા, એનો કાંટો ઘુમાવી દીધો, નહીં તો પોતાની ગતિમાં પોણા કલાક બાદ જ બાર વાગતા. આ'લા હઝરતે ફર્માવ્યું, એ જ પ્રમાણે રબ્બુલ ઈઝ્ઝત ક઼ાદિરે મુત્લક઼ છે કે જે તારાને જે સમયે જ્યાં ચાહે પહોંચાડી આપે. તે ચાહે તો એક મહિનો, એક અઠવાડીયુ એક દિવસ શું ! હમણા જ વરસાદ પડવા લાગે ! એટલુ કહેતાં જ ચારે તરફ ઘનઘોર ઘટા છવાઈ ગઈ, અને તરત જ પાણી વરસવા લાગ્યું. *(હયાતે આ'લા હઝરત, અઝ : મલિકુલ ઉલમા મૌલાના ઝફરુદ્દીન બિહારી رحمۃ اللہ علیہ)*

શું ખુદાની કુ઼દરત પર આવું પાકુ ઈમાન તથા યક઼ીન કોઈ તારાઓના માહિર (જ્યોતિષ વિદ્યાના જ્ઞાની)માં મળી શકે છે ?! વળી **શું ઝબાનની આવી**

**તાષીર કોઈ જાહેરી આલિમના ત્યાં મળી શકે છે ? આ બનાવ ઉઘાડી દલીલ છે કે આ'લા હઝરત કેવળ આલિમ જ ન હતા બલ્કે આરિફ બિલ્લાહ તથા સૂફીએ કામિલ પણ હતા.**

## ☆ રસૂલે પાક ﷺના ક઼ૌલ પર યક઼ીનની સ્થિતિ ☆

હદીષ શરીફમાં એક દુઆ છે કે કોઈ કશ્તી (નાવ, વહાણ) પર સવાર થતી વખતે પઢી લેવામાં આવે તો ડૂબી જવાથી હિફાઝત થશે. તે દુઆ આ પ્રમાણે છે :–

**بِسۡمِ اللّٰـهِ مَجۡرٖهَا وَمُرۡ سَا هَا اِنَّ رَبِّیۡ لَغَفُوۡرٌ رَّحِیۡمٌ ۔ وَمَا قَدَرُوۡ اللّٰـهَ حَقَّ قَدۡرِهٖ وَالۡاَرۡضُ جَمِیۡعًا قَبۡضَتُهٗ یَوۡمَ الۡقِیَامَةِ وَالسَّمٰوٰتُ مُطۡوِیّٰتٌ بِیَمِیۡنِهٖ سُبۡحٰنَهٗ وَتَعَالٰی عَمَّا یُشۡرِکُوۡنَ**

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ પ્રથમ હજના સફરમાં જહાઝ પર સવાર થતી વખતે એ દુઆ પઢી લીધી હતી. સાથે વાલિદૈન رحمۃ اللہ علیہما પણ હતાં. સમુદ્રમાં સખત તોફાન આવ્યું. લોકોએ કફન પહેરી લીધાં. વાલિદા માજિદા ઘણા જ પરેશાન થયાં. આ'લા હઝરત رضی اللہ عنہ ફર્માવે છે કે તેમની બેચૈની જોઈને આપોઆપ મારી જીભેથી નીકળ્યું : **"તમો ઈત્મિનાન રાખો, ખુદાની ક઼સમ ! આ જહાઝ ડૂબશે નહીં !"**

હું હદીષના સાચા વાયદા પર સંતુષ્ટ હતો, તેમ છતાં ક઼સમના નીકળી જવાથી મને અંદેશો થયો અને તરત જ હદીષ યાદ આવી : **من یتألّ علی اللہ یکذّ بہ** હઝરત ઈઝ્ઝતની તરફ રજૂઅ કરી અને સરકાર ﷺથી મદદ માગી, તો જે વિરોધી હવા ત્રણ દિવસથી જોશભેર ચાલી રહી હતી તે બિહ઼મ્દિલ્લાહ ! ઘડીકવારમાં રોકાય ગઈ અને જહાઝને છૂટકારો મળી ગયો. *(અલ્મલ્ફૂઝ, ૨/૨)*

## ☆ દુઆ પઢવાને કારણે જે તે બીમારી ન થવાનુ પાકુ યક઼ીન ! ☆

એ જ પ્રમાણે હદીષમાં છે કે જે કોઈ બલામાં સપડાયેલાને જોઈને :–

**الحمدُ لِلّٰہِ الَّذِیۡ عَافَانِیۡ مِمَّا ابۡتَلَاكَ بِهٖ وَفَضَّلَنِیۡ عَلٰی کَثِیۡرٍ مِّمَّنۡ خَلَقَ تَفۡضِیۡلًا ۔**

પઢી લે તો તે બલા તથા બીમારીથી તે મેહફૂઝ રહેશે. ઈમામ અહમદ રઝાએ પ્લેગમાં સપડાયેલાને જોઈને વારંવાર આ દુઆ પઢી હતી અને હદીષ પર તેમને સંપૂર્ણ વિશ્વાસ હતો.

એકવાર કોઈ ગરીબને ત્યાં દા'વતમાં મોટાનું મટન ખાવુ પડયું જેના કારણે ગળામાં સોજો થઈ ગયો. બોલવાનું પઢવાનું સૌ મૌકૂફ થઈ ગયું. એ દિવસોમાં બરેલીમાં પ્લેગનું જોર હતું ડોકટરે જોઈને કહ્યું કે, એ જ છે ! આ'લા હઝરત ફર્માવે છે, હું બોલી શકતો ન હતો એટલે જવાબ આપી શકયો નહીં. દિલમાં બારગાહે રબ્બુલ ઈઝ્ઝત તરફ રુજૂઅ કર્યું અને અર્ઝ કરી : **اَللّٰهم صَدِّقِ الحبِیۡب وکذِّبِ الطَّبِیب** "હે ખુદાવંદા ! તારા હબીબનો ક઼ૌલ સાચો કરી બતાવ, અને ડોકટરનો ક઼ૌલ જૂઠો !" તરત જ જાણે કોઈએ કાનમાં એક તદબીર બતાવી અને મિસ્વાક તથા લવિંગના ઉપયોગથી બીમારી જતી રહી. પછી ડોકટરને ત્યાં કહેવડાવ્યું કે તમારો "પ્લેગ" જતો રહ્યો !

## ☆ જે વર્ષા દરમ્યાન તવાફ કરે તે રહમતે ઈલાહીમાં તરે છે ! ☆

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના બીજા હજના સફરમાં મક્કામાં હઝરતને તાવ હતો. ફર્માવે છે કે મુહર્રમના છેવટમાં ખુદાના ફઝ્લથી સાજો થઈ ગયો. ત્યાં સુલ્તાની હમ્મામ છે. હું તેમાંથી નહાયને બહાર

નીકળ્યો તો વાદળ જોયું અને હરમ શરીફ પહોંચતાં પહોંચતાં વરસવાનું શરૂ થયું. મને હદીષ યાદ આવી કે, ''જે વરસતા વરસાદમાં તવાફ કરે તે રહમતે ઈલાહીમાં તરે છે.'' તો તરત જ મેં સંગે અસ્વદનો બોસો લઈને વરસાદમાં જ સાત ફેરા તવાફ કર્યો. તાવ ફરીથી ઉઠલો મારીને આવ્યો. મૌલાના સૈયદ ઈસ્માઈલે ફર્માવ્યું, એક ઝઈફ હદીષના માટે તમે તમારા શરીરની નિષ્કાળજી કરી ?! મેં કહ્યું, હદીષ ઝઈફ છે પણ રબથી ઉમ્મીદ મજબૂત છે ! એ તવાફ બિહમ્દિહી તઆલા ખૂબ જ મજાનો હતો. વરસાદના કારણે તવાફ કરનારાઓની ભીડ ન હતી. *(અલ્મલ્ફૂઝ, ૨/૨૫)*

ઘણી બધી હદીષો પોતાની સનદોના હિસાબે મુહદ્દિષોની નજીક ઝઈફ છે, પણ ઈર્ફાનવાળાઓ તથા ઔલિયાએ કિરામની નજીક કશ્ફ તથા મુશાહિદાના કારણે કવી (મજબૂત) છે. ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ ''મુનીરુલ ઓયૂન ફી તક્બીલિલ ઈબહા''માં એનું વિગતે વર્ણન કર્યું છે.

એક ઝઈફ હદીષમાં આવ્યું કે બુધવારે નખ કાતરવું કોઢ પેદા કરે છે એક બુઝુર્ગ આલિમ (અલ્લામા અમીર બિન અલ્હાજ મક્કી, મુદખલના લેખક) સાહબે હદીષના ઝઈફ હોવાનો ખયાલ કરીને બુધવારે નખ કપાવ્યા તો કોઢ થઈ ગયા. રાતે જમાલે જહાંઆરા હુઝૂર ﷺની ઝિયારતથી મુશર્રફ થયા. સરકાર ﷺએ ફર્માવ્યું, તમે ન સાંભળ્યું હતું કે મેં એનાથી મના કર્યું છે ?! અર્ઝ કરી, મારી નજીક સેહતે પહોંચી (સહીહ) ન હતી. ફર્માવ્યું, તમારા માટે એટલુ પૂરતુ હતું કે હદીષ મારા નામે પાકથી તમારા કાનો સુધી પહોંચી હતી. આમ ફર્માવીને હુઝૂર ﷺએ પોતાનો હાથ મુબારક કે જે બંને જહાનની પનાહ તથા અપાર મદદગાર છે તેને તેમના શરીર પર ફેરવી આપ્યો તો તરત જ સાથ થઈ ગયા ! અને એ જ વખતે તૌબા કરી કે હવે કદી હદીષ સાંભળીને તેની વિરૂધ્ધ કરીશ નહીં. *(ફતાવા રઝવિય્યહ, ૨/૪૧૯)*

*(જો કે ૪૦ દિવસ ઉપર થતા હોય તો બુધવારે નખ કાપી શકાય. કેમ કે ૪૦ દિવસથી વધુ નખ થવા દેવા મકરૂહ છે. –સંપાદક)*

આ કારણે ઈમામ અહમદ રઝા قدس سرہને એ ઝઈફ હદીષો પર પણ મજબૂત વિશ્વાસ હોતો જે કોઈ શરીઅતની નસ (દલીલ)થી વિરૂધ્ધ ન હોતી અને ફઝાઈલે રિજાલ અને ફઝાઈલે આમાલમાં નિઃસંકોચ તેના પર અમલ કરતા. અલ્બત્ત મૌઝૂઅ (બનાવટી, ઘડી કાઢેલી) હદીષ કોઈ રીતે અમલને પાત્ર નથી, કેમ કે તે હદીષ જ નથી ! કોઈ બદબખ્તની મનઘડત છે. આ ઈલ્મી ચર્ચામાં ઈમામ અહમદ રઝા رضی اللہ عنہનો તસવ્વુફ તથા ઈર્ફાન જોવા મળે છે. દિલી યકીન તથા ઈમાનનો કમાલ તથા મજબૂતી આરિફો તથા અવલિયાએ કામિલીનના દર પર જ નસીબ થાય છે.

*(ઈમામ અહમદ રઝા ઔર તસવ્વુફ, અઝ : અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી, મુબારકપુરના સૌજન્યથી)*


**SMS કરી કે પોસ્ટકાર્ડ લખી મફત મંગાવો**

(કિતાબ) **ઈદે મીલાદુન્નબી ﷺ**
**કુર્આન હદીષની રોશનીમાં** (પર પેજીસ)
**લેખક** : અલ્લામા મુહમ્મદ સઈદ અહમદ મુજદિદી
**અનુવાદક** : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી દયાદરવી
**પ્રકાશક** : અંજુમને રઝાએ મુસ્તફા
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧


**નોંધ** : ઈદે મીલાદુન્નબી ﷺ મનાવવા વિશે અવાર નવાર આ મોકા પર જ વહાબી, ગૈર મુકલ્લિદ, દેવબંદી, મૌદૂદી... વગેરે વાંધા વચકા તથા બિદઅત, નાજાઈઝ, હરામ તથા તા'ઝીમે નબી ﷺને મઆઝલ્લાહ શિર્ક સુદ્ધાં દર્શાવતાં લખાણો પ્રદર્શિત કરતા રહે છે. તો એમના બદ્અકીદાનો રદિયો વાંચવા, સમજવા તેમના ફિત્નાથી બચવા તથા બચાવવા ઉપરોક્ત કિતાબ જરૂરથી મફત મંગાવો. *–તંત્રી*



# ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

## શૈખુલ ઈસ્લામકી નઝરમેં

અઝ : શયખુલ ઈસ્લામ હઝરત સૈયદ મુહમ્મદ મદની અશરફીયુલ જીલાની مدظلہ العالی
સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِيْمِ

આપ લોગ જિન ઈલાકોં મેં રહતે વહાં કા ક્યા દસ્તૂર હય, યે મુઝે નહીં માલૂમ. મગર મેં જિસ ઈલાકેકા કા રહનેવાલા હૂં વહાં બચ્ચા જબ ચાર સાલ, ચાર મહિને, ચાર દિનકા હોતા હૈ, તો ઉસકો મકતબમેં બિઠા દિયા જાતા હૈ. હમારે યહાં બગદાદી કાયદા પઢનેકા દસ્તૂર હૈ. તો ઈસ ઉમ્ર મેં સામને એક મોઅલ્લિમ લેકર બૈઠ જાતા હય. યે પુરાના દસ્તૂર ચલા આ રહા હૈ ઔર અબ ભી ચલ રહા હૈ. ઈસી દસ્તૂર કે મુતાબિક ઉસી દસ્તૂર વાલે ઈલાકે મેં એક બચ્ચેકા વાકિઆ મૈં સુનાઉં, કે જબ વો ચાર સાલ ચાર મહિને ચાર દિનકા હુઆ તો ઉસકો મક્તબમેં બિઠા દિયા ગયા. ઉસ્તાદકે સામને દો ઝાનૂં તહ કરકે બૈઠ ગયા. મજમા અજીબ લગા હુવા હૈ. બચ્ચે કે ઘરવાલે, દુસરી ભી કાબિલે એહતેરામ શખ્સિયતેં, ખાનદાનવાલે, દુસરે ભી અહબાબો અઈઝ્ઝા આ ચૂકે હૈં, તકરીબ મેં શિર્કત કે લિએ.

### યહ બચ્ચા પઢને આયા હૈ કે પઢાને ?!

આપ ખયાલ કરેં, ઔર ચાર સાલ ચાર મહિને ચાર દિનકે બચ્ચોંકો ઝહન મેં રખ્ખેં જિનકો આપ બાર બાર દેખતે હૈં. ઔર ઉનકી ઝહની ઉડાન, ઉનકી ઝહની ગહરાઈયોંકો આપ સોચેં તો મસ્અલે કો સમઝનેમેં આપકો ઔર આસાની હોગી. બચ્ચા બૈઠ ગયા. અબ ઉસ્તાદ એક એક લફ્ઝ કહતા જા રહા હૈ ઔર બચ્ચા ઉસકો દોહરા રહા હૈ. ઉસ્તાદને શુરૂ કિયા, ''બિસ્મિલ્લા હિર્રહ્મા નિર્રહીમ...'' બચ્ચેને ભી દોહરા દિયા. 'બિસ્મિલ્લાહ હિર્રમા નિર્રહીમ...' ઉસકે બાદ ઉસ્તાદ ને શુરૂ કિયા 'અલિફ' ઉસને ભી કહ દિયા 'અલિફ'. ઉસકે બાદ ફિર 'બે' ઔર 'તે' એક એક લફઝ ઉસ્તાદ કહતે જા રહા હય, બચ્ચા દોહરાતા જા રહા હૈ, ચલતે ચલતે એક ઐસી મંઝિલ આયી કે ઉસ્તાદ ને કહા 'લામ અલિફ' ! બચ્ચા ખામોશ હો ગયા ! ઉસ્તાદ કહતા હૈ, પઢો. બચ્ચા, ખામોશ ! એક હયરત કી કૈફિયત, એક સકતે કા આલમ ! ઐસી ભી બાત નહીં થી કે બચ્ચા તલફફુઝ કરને પર કાદિર નહીં થા. અગર કાદિર નહીં હોતા તો.... પૂરી કુદરત ઉસ બચ્ચે કો હૈ મગર ખામોશ હૈ. ઉસ્તાદ કહતા હય 'લામ અલિફ' મગર બચ્ચા ખામોશ ! ખામોશીકી વજહ ? બાપને ઈશારા કિયા બેટા, વજહ બતાઓ ?! બચ્ચા કહતા હૈ, અભી ઈસસે પેહલે હમારે ઉસ્તાદને 'લામ' કો ભી પઢા દિયા 'અલિફ' કો ભી પઢા દિયા. 'લામ' કા ભી ઝિક્ર હો ચુકા 'અલિફ' કા ભી ઝિક્ર હો ચુકા, અબ ઈસકી તકરાર કી ઝરૂરત ક્યા ? અબ ઉસકો દોહરાનેકી

ઝરૂરત ક્યા ? તો ઉસ્તાદને કહા, બેટે ! બાત યે હૈ કે જિસકો મૈંને 'અલિફ' કહા થા, વો 'અલિફ' નહીં હૈ, વો અસ્લ મેં 'હમ્ઝા' હૈ. ઈસ લિએ કે 'અલિફ' પર કોઈ હરકત નહીં હોતી. ઔર જિસ પર હરકત હો વો 'અલિફ' નહીં. 'અલ્હમ્દ' મેં આપ તો કહને પર 'અલિફ' કહતે હંય, મગર વો અસ્લમેં 'હમ્ઝા' હૈ ઔર વહી 'હમ્ઝા' જબ દરમિયાન મેં આતા હય તો ઝટકેસે પળ્હા જાતા હય. ઔર વહી 'હમ્ઝા' જબ દરમિયાન મેં આતા હય તો ઉસકો ઝટકેસે નહીં, અયસા પળ્હતે હંય જૈસે આપ 'અલિફ' પઢતે હંય. તો 'અલિફ' કે અંદર હરકત નહીં હોતી. તો જિસ લફ્ઝ મેં હરકત ન હો ઉસકી અદાયગી કૈસે કી જાએ ? ઈસ લિએ લામ લગા દિયા ગયા હય, 'લા' બચ્ચેકો તો 'લામ' અલિફ' કહતે હંય મગર વો હય 'લા' ઈસલિયે કે જો સાકિન હો વો જબ તક ઉસે કોઈ મુતહર્રિક મિલા ન હો ઉસકા તલફ્ફૂઝ હી નહીં હો સક્તા.

ઝરા ખ્યાલ કરેં, તો બચ્ચેને કહા, માલૂમ યે હુવા કે યે કોઈ નયી ચીઝ હૈ. યે 'અલિફ' હય યે નયી ચીઝ હય. પેહલે જો થા વો 'હમ્ઝા' થા. બચ્ચે કી સમઝમેં યે બાત આ ગઈ.

યહી બાત અગર હય તો 'લામ' કે લાને કી તખ્સિસ ક્યા થી ? અગર 'અલિફ' કા તલફ્ફૂઝ હી કરના થા તો 'લા' કી જગહ 'બા' ભી તો હો સકતા થા, 'જા' ભી તો હો સક્તા થા, કિસી ભી લફઝ કો મિલા દિયા જાતા, યે 'લામ' હી ક્યૂં લાયા ગયા ? અબ યે વક્ત થા કે ઉસ્તાદ ખામોશ થા ! મગર બાપ કે જિગરમેં મસર્રત કી લહરેં ઉઠ રહી થી, બાપ કે દિલો દિમાગમેં મસર્રત કી મૌજેં ઉઠ રહી થી. ઔર બાપને ઈસ રાઝકો ખોલા કે દેખો, 'લામ' મેં ઔર 'અલિફ' મેં એક કલ્બી મુનાસેબત હય. એક અંદરૂની રાબતા હય. ઉસકો અયસે આપ સમઝેંગે. ઝરા ઉર્દૂમેં લિખ્ખેંગે. ઔર ફિર 'લામ' ઉર્દૂમેં લિખ્ખેં તો 'લામ અલિફ–મીમ', 'અલિફ' જબ આપ લિખ્ખેંગે તો અલિફ–લામ–ફે'. તો 'અલિફ' (લફઝ) મેં 'અલિફ' જબ લિખતે હંય તો 'લામ' ભી બીચમેં આતા હૈ. ઔર 'લામ' (લફ્ઝમેં) લિખ્ખો તો 'અલિફ' બીચમેં આતા હૈ. ઔર 'લામ' (લફઝમે) લિખ્ખો તો 'અલિફ' બીચમેં. તો કહા કે ઈન દોનોંમેં ઈત્તેહાદે કલ્બી હૈ. યે દો હો કે ભી એક હૈ. (દુરૂદ શરીફ)

## ૧૪ સાલકી ઉમ્રમેં ૫૦ ઈલ્મો ફનકા ઈમામ !

બાત તો ખત્મ હો ગઈ, મગર મૈં આપસે પૂછતા હૂં યે બચ્ચા પળ્હને આયા હય યા પળ્હાને આયા હય ? ! માલૂમ હુવા કે યે આમ બચ્ચોંકી તરહ કોઈ બચ્ચા નહીં હય. ઔર ઝિંદગી કા મુસ્તક્બિલ ભી બતા રહા હય કે ઈસકા મુસ્તક્બિલ બહોત તાબનાક હય. યાદ રખ્ખો દોસ્તો ! ચાર સાલકો નિકાલ દો, ૧૪ સાલકી કી ઉમ્ર કે બચ્ચે દેખો. ૧૪ સાલકી ઉમ્ર કા બચ્ચા જો તહારત કા ભી સલીકા ન જાને, જો ઉઠને બૈઠને કા ભી તરીકા ન જાને, મગર યહી બચ્ચા જબ ૧૪ સાલ કા હોતા હય તો પચાસ ઈલ્મો ફન કા ઈમામ હોતા હય ! **પચાસ ઈલ્મોફન કા સિર્ફ જાનનેવાલા હી નહીં, ઈમામ હોતા હય !** તો ઈસ ઈમામત કો હાસિલ કરનેમેં આપકો માલૂમ હય કિતને સાલ લગે ? ચાર સાલ તો આપ નિકાલ હી દીજીએ. બચેંગે દસ હી સાલ. ઉસમેં ભી ચાર મહિના ચાર દિન કો ઉસમેં ભી અલગ કર દો. મગર, આપ દસ સાલ રખ્ખેં. **દસ સાલ કે અંદર કોઈ શખ્સ કિસી એક ફનમેં ભી માહિર નહીં હો સક્તા.**

મગર યે બચ્ચા દસ સાલકે અંદર પચાસ ફનમેં..... મૈંને હિસાબ લગાયા તો એક ફન કી ઈમામતમેં સિર્ફ ૭૨ દિન લગે હંય ! ૭૨ દિનમેં એક ફનકા ઈમામ હો જાએ ! **આજ હિન્દુસ્તાન હી નહીં, આજ પૂરી દુન્યામેં કોઈ ઐસા શખ્સ હૈ હી નહીં. હય (કોઈ) જો પચાસ ફન કા નામ સુના દે ! ઉસને તો ૫૦ ફન પર કિતાબ લિખ ડાલી !** (દુરૂદ શરીફ)

ઈસ લિએ દોસ્તો, જબ મેરે સામને 'ઈમામ અહમદ રઝા'કો કોઈ આલિમ કહતા હય, ફક઼ીહ કહતા હય, મેરે સામને જબ 'ઈમામ અહમદ રઝા'કો કોઈ સૂફી કહતા હય, મુફસ્સિર કહતા હય, મોહદ્દિષ કહતા હય, મુતકલ્લિમ કહતા હય, ખતીબ કહતા હય, મુસિન્નફ કહતા હય તો મૈં સમઝતા હૂં કે ઈસ ઝાતકા હક઼ અદા નહીં હો રહા હય, યે અલ્ફાઝ બળે હલ્કે હંય ! આલિમ તો, દસ સાલકે કોર્સવાલા ભી આલિમ હો જાતા હય, ચાહે ઉસે એક ફન મેં ભી કમાલ ન હો. આલિમ કહના ગલત ! મૈં ફક઼ીહ કહતા હૂં તો મુઝે ઈત્મિનાન નહીં હોતા. ઈસ લિએ કે અયસા ફક઼ીહ તો હમને નહીં દેખા હય, અયસા મોહદ્દિષ નઝર નહીં આતા, અયસા મુફસ્સિર નઝર નહીં આતા. ''ઈસ લિએ મેરી સમઝ મેં નહીં આતા કે **યે કયસા ફક઼ીહ હય જો ચાર સાલમેં અપને ઉસ્તાદસે અયસા સવાલ કરે કે ઉસ્તાદકી ઝુબાન ભી સાક્તિ હો જાએ !** તો ઉસકો હમ કયસે સિર્ફ આલિમ કહ કે ગુઝર જાએં, સિર્ફ ફક઼ીહ કહકે ગુઝર જાએં, સિર્ફ મુફસ્સિર કહ કે ગુઝર જાએં ?!

## ક્યા ઐસા ભી કોઈ મુફ્તી દુન્યામેં હૈ ?!

દોસ્તો, ફક઼ીહોં કો ભી હમને દેખા હય, આલિમોં કો ભી હમ જાનતે હંય, મુફસ્સિરીન કો ભી હમ જાનતે હંય. યાદ રખ્ખો ! એક ઈન્સાનસે એક હી વક઼્તમેં દો તરફ તવજ્જોહ નહીં હો સકતી. યહાં તક કિ હુકમાને તો ઝાબ્તા બના દિયા, ''અલવાહિદુ લાયસદુરુ મિનહુમ ઈલ્લલ વાહિદ'' વાહિદસે એક હી વાહિદ બાત હોતી હૈ, વાહિદસે એક હી તરફ તવજ્જોહ હો સક્તી હય. અયસા નહીં હો સક્તા કે આપકી તવજ્જોહ એક વક્તમેં મુખ્તલિફ તરફ હો. મગર ક્યા તુમને અયસે મુફ્તી કો સુના હય ? ક્યા અયસા મુફ્તી તુમ્હારે ઈલ્મો ખબર યા તુમ્હારી સમઝમેં આતા હય ? ક્યા દુન્યામેં અયસા ભી કોઈ મુફ્તી હો સકતા હય ? યે સાથ ખળે હૂએ હંય, ઈસ્તિફતા લિએ હૂએ ખળે હંય, એક નહીં દો નહીં દો દરઝન આદમી ખળે હૂએ હંય ઔર ઉસકે બાદ મુફ્તી અપની જગહ પર બૈઠા હુઆ હય. ઉસકે બાદ પેહલેસે પૂછા, તુમ્હારા સવાલ ક્યા હય ? ઉસને સુના દિયા. દુસરે સે કહા, તુમ્હારા સવાલ ક્યા હય ? ઉસને સુના દિયા. ફિર તીસરે સે કહા.........સબકા સવાલ સુન લિયા. યહાંસે વહાંસે વહાં તક સુન લિયા. અબ કહતે હંય અચ્છા તુમ યે જવાબ લિખ્ખો, તુમ યે લિખ્ખો, તુમ યે લીખ્ખો....! કિસીસે નહીં પૂછ રહે હંય, ક્યા સવાલ થા ! અબ કિસીસે યે નહીં પૂછ રહે હંય કે તુમ્હારા ક્યા સવાલ થા ? ઔર જબ યહાં તક બતા ચૂકે, તો કહા તુમ યે આગે બળ્હાઓ, તુમ યે આગે બળ્હાઓ, તુમ યે........ એક હર્ફ હમ લિખતે હંય તો બહત્તર (૭૨) મર્તબા પળ્હતે હંય ! પતા નહીં કોઈ લફ્ઝ સહીહ હય યા ગલત ! મગર યહાં...! ઉસમેં હવાલે ભી હંય, ઉસમેં અરબી ઈબારતેં ભી હંય, ઉસકે અંદર કિતાબોંકે હવાલે ભી હંય ઔર ઉસકે બાદ કિતના મુત્મઈન હય વો કે સુનતા ભી

નહીં હય કે ક્યા તુમને લિખ્ખા ? લે જાઓ ! લે જાઓ ! એક વક્તમેં ઈતની બાતોં કી તરફ તવજ્જોહ હોના....!

મૈં કહતા હૂં ઈમ્તેહાન કર લો. દો બિઠા દો, ખત લિખનેકે લિએ. દોનોં કો મઝમૂન બતાઓ. તો મુઝે યક઼ીન હય કે એક કો તુમ કોઈ મઝમૂન બતાઓગે, ઔર જબ દુસરે કો બતાઓગે તો કહોગે, ક્યા લિખ્ખા ? અચ્છા, તુમને ક્યા લિખ્ખા ? કહેગા, યે લિખ્ખા. તો અબ યે લિખ્ખો. ઈસકે બગૈર તુમ દો ખત મુકમ્મલ નહીં કર સક્તે. **તો ક્યા કોઈ અયસા ભી મુફ્તી હય જો યૂં ફત્વા બતાતા હો ? ક્યા કોઈ અયસા ભી મુફ્તી હય ?!**

મૈં આપકો બતાઉ, મામૂલી બાત નહીં હય. એક મસ્અલા આયા વો વરાસત કે તઅલ્લુક઼ સે થા. ઉસકો હલ કરનેવાલી શખ્સિયતેં ભી મામૂલી નહીં થી. હઝરતે સદરૂશ્શરીઅહ મુસન્નિફે બહારે શરીઅત ઔર દૂસરે મખ્દૂમુલ મિલ્લત હુઝૂર મોહદ્દિષે આઝમે હિન્દ. ઈન દોનોં કો વો સવાલ દે દિયા ઉસ મુફ્તીને, જિસકા ઝિક્ર મૈં કરના ચાહતા હૂં. સવાલ કા જવાબ ઈતના પેચીદા થા કે પૂરા દિન સર્ફ હો ગયા. સુબ્હસે શામ તક બૈઠે રહે, યે બુઝુર્ગવાર હલ કરતે રહે. વાલિદે બુઝુર્ગવાર કયૂં કે હિસાબમેં કુછ ઝયાદા તેઝ થે તો સદરૂશ્શરીઅહ કે જવાબ સે દો મિનટ પહલે ઉનકા જવાબ મુકમ્મલ હો ગયા ! ઔર દોનોં જવાબ લેકર આયે ઔર લાકર કે ઉસ મુફ્તીકે સામને (સવાલ) સુનાના શુરૂ કિયા. જૈસે હી સુનાના શુરૂ કિયા, મુકમ્મલ સવાલ હી એક સફાકા થા. ઔર જવાબ દો સફે પર હૂઆ. તો પેહલે સવાલ સુના, સુનને કે બાદ વો મુફ્તી કહતા હય, ઉંગલિયોં કા યૂં યૂં કુછ ઈશારા કિયા.... ઉન ઈશારોં મેં જિતને સેકંડ ભી લગે હોં, લગને કે બાદ કહા, આપને ફલાંકો ઈતના દિયા, ફલાંકો ઈતના દિયા, ફલાંકો ઈતના દિયા... નામ લે લે કર કે બતાતે ગએ, ઔર આપ ફર્માતે ગએ, હાં ઠીક હય મૈંને યહી કિયા, હાં ઠીક હય મૈંને યહી કિયા, હાં ઠીક હય મૈંને યહી કિયા.... મુકમ્મલ બતા દિયા. ફિર કહા અચ્છા, અયસા કિયા તો જવાબ સહીહ હય ! અબ યે સારે તો હયરાન ! મૈં તો દિનભર ઈસમેં લગા રહા યે ઉંગલીકે ઈશારે મેં ક્યા થા ? ! આપ ખ્યાલ કરો. સોચો, સમજો ! ક્યા અયસા ભી કોઈ મુફ્તી નઝર આતા હય ?

## એક માહમેં કુર્આન હિફ્ઝ કર લિયા !

દેખો ! હાફિઝેવાલે તો બહોત મિલતે હૈં મગર એક હાફિઝેવાલા અયસા ભી તો થા કે જિસને હઝરત મોહદ્દિષે સૂરતી સે એક અહંમ કિતાબ ઔર ઝખીમ કિતાબ લી થી, મુતાલિએ કે લિએ. સુબ્હસે શામ તક પૂરી કિતાબ દેખ ડાલી. કિતાબ દેખ લી ? કહાં, હાં ! અયસી દેખી હય, અયસી દેખી હય કે, ઈસકા મઝમૂન અબ ઉળકર નિકલ નહીં સક્તા, ઔર અરસએ દરાઝ તક તો ઈસકી ઈબારત કે હર હર્ફ કો ભી સુના સક્તા હૂં ! આપ ખયાલ કરે ! આપ સોચે ! ક્યા ઈસી તરાહ કા કોઈ મુફસ્સિર નઝર આયા ? ક્યા ઈસી તરહ કા કોઈ મોહદ્દિષ નઝર આયા ? ઈસ લિએ મૈં કહતા હૂં મૈં અપને મમદૂહ ઔર જિસ મહમૂદ કા ઝિક્ર કરને બૈઠા હૂં ઉસકો આલિમ કહતા હૂં તો મુઝે તસ્કીન નહીં હોતી, મુફસ્સિર કહતા હૂં તો મુઝે સુકૂન નહીં મિલતા. મોહદ્દિષ કહતા હૂં તો સમઝતા હૂં કે હક્ક઼ તો યહ હય કે હક્ક઼ અદા ન હૂવા. કોઈ ભી લફ્ઝ મૈં બોલતા

હૂં. ઈસ લિએ કે યે અલ્ફાઝ જિન જિન લોગોં પર બોલે જાતે હંય ઉન્હેં ભી મૈં જાનતા હૂં. ફિર મેરી તબીઅત કહતી હય કે આખિર યે ક્યા થા ?! તો અયસા જવાબ ઔર વો ભી એક ઈલ્હામી જવાબ આતા હય, નાદાન ! મોહદ્દિષ ઔર મુફસ્સિર કહકે તૂ ઉસ ઝાતકો નહીં પેહચાન સક્તા. સુન ! અચ્છી તરહસે સુન ! **વો ખુદાકી કુદરતકા શાહકાર થા, વો નબીકા મોઅજિઝા થા, વો ગૌષે આ'ઝમ કી કરામત થા.** (દુરૂદ શરીફ)

## આખિર આ'લા હઝરત હૈ ક્યા ?!

દોસ્તો ઔર મૈં તો સમઝતા હૂં દુસરી દર્સગાહોં મેં લોગ જાકર મૌલ્વી બનકર આતે હંય. મગર, **યે 'ઈમામ અહમદ રઝા' હી કી દર્સગાહ હય જહાં જાતે હંય તો આશિક઼ બનકે આતે હંય. ઈન્હોંને નબીકે આશિકોં કી ભીળ લગા દી હય,** હર તરફ 'મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ' પળ્હનેવાલોં કા એક મજમા લગા હય, એક ભીળ લગા દી હય, ઈસલિએ કે એક વજહ હય આશિક કયૂં બનાયા ? એક વજહ હય 'હઝરત ઈમામ અહમદ રઝા' સિર્ફ આકિ઼લ બનાકર ભી છોળ સકતે થે. મગર વો સમઝતે થે કે અક઼લ તો ફરેબ દે દેગી, ઈશ્ક઼ કભી ફરેબ નહીં દેગા. ઈશ્ક઼ કભી ધોકા નહીં દેગા, ઈસલિએ, તો હમ દેખતે હંય કે અક઼લવાલે મારે મારે ફિર રહે હય ! ઔર ઈશ્ક઼વાલે મદીનેસે લૌ લગાયે હૂએ હંય.

તો દોસ્તો, મેરી ઝુબાનમેં તાક઼ત નહીં હય કે રબ તબારકો તઆલા ને ઐસી ઝાતકો જિસે દીનકી હિદાયત કે લિએ હી ઉસને પૈદા કિયા હય. યે સિખનેવાલે નહીં હંય, સિખાનેવાલે હંય. ઔર વાક઼ઈ જબ વો સવાલ, વાલિદે બુઝુર્ગવાર (મોહદ્દિષે આ'ઝમ) ને જબ કિયા થા કે હુઝૂર ! મૈં તો દિન ભર ઈસ સવાલમેં લગા રહા જબ જા કે જવાબ સહીહ હૂઆ, આપકે પાસ યે ઉંગલિયોંવાલા કૌનસા ઈલ્મ હય ! યે ઉંગલિયાં હિલાકર આપને જવાબ કયસે દે દિયા ? ! તો ઉન્હોંને યે કહા થા, શાહઝાદે ! યે તો આપકે જદ્દે કરીમ ગૌષે આ'ઝમ رضی اللہ عنہ કી નઝર હય, ફયઝાન હય, યે ઉનકી દૈન હય.

ઝરા સા ખ્યાલ કરો, સોચો, સોચો ! ઈસ લિએ આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી કા તઆરૂફ કોઈ કરાના ચાહે તો ઈસ હયસિયતસે ન દેખેં કે વો એક આલિમ હય, એક મોહક્કિ઼ક઼ હંય એક મુજદ્દિદ હંય, એક અપને વક઼્તકા ઈમામ હંય, ફક઼ીહ હંય... ઈસ હયસિયતસે ન દેખેં. દેખના હય તો ઈસ હયસિયતસે દેખો કે વો ગૌષે આ'ઝમકી કરામત હય, અલ્લાહ કે રસૂલ કા મોઅજિઝા હય, વો ખુદાકી બેહતરીન કુદરત હય. (દુરૂદ શરીફ)

સલ્લલ્લાહુ અલન નબીય્યીલ ઉમ્મીય્યિ વ આલિહિ વ અસ્હ઼ાબિહિ અજમઈન, બિરહતમતિ–ક યા અર્રહ઼ર્મરાહિ઼મીન.

*–(હઝરત કે U.K.કે એક બયાનસે)*


## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**સુન્ની શેખ યુવાન** : ઉંમર : ૨૫ વર્ષ, એજ્યુ. HSC With ITI (RFM), ઉંચાઈ ૬ ફૂટ. હાલ : સઊદી અરબિયામાં જોબ : રેફ્રિજરેશન એન્ડ એરકંડિશનિંગ, U.K. તથા કેનેડાની સુન્ની યુવતી આવકાર્ય. યુવાન સ્માર્ટ પાતળો બાંધો ધરાવે છે. સંપર્ક નં. : (ઈન્ડિયા) 7096954771, (સઊદીમાં) 00966-536694187 (ખેડા તરફ)

## બરકાતે ખ્વાજાની ટપાલ...

કાર્યાલય

❒ **તાલાળા (ગીર)** : (જિ. સોમનાથ) અહીં માં સાહિબા યંગ કમિટી દ્વારા હઝરત માં સહિબા માં તથા આશિકે રસૂલ હઝરત સૈયદના બિલાલે હબ્શી رضی اللہ عنہની યાદમાં તા. ૨૬–૮–૨૦૧૭ શનિવારે રાત્રે ૧૦ : ૦૦ કલાકે રઝા નગર, સીદીવાડા, હુસૈની ચોકમાં પીરે તરીકત, ગુલઝારે મિલ્લત હઝરત અલ્લામા પીર ગુલઝાર અહમદ નૂરી સાહેબ (સજ્જાદાનશીન) ખાનકાહે રઝવિય્યહ નૂરીય્યહ–જુનાગઢ)ની સદારતમાં શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ. આ જલ્સામાં ગુજરાતના મશહૂર આલિમ હઝરત મુફતી મોહસિન રઝા સાહબ–ધ્રોલ તથા હઝરત અલ્લામા મુફતી હસીબુર્રહમાન સાહબે, હઝરત અલ્લામા પીર ગુલઝાર અહમદ સાહબ નૂરી વગેરે આલિમોએ આ જલ્સામાં ખાસ ઉપસ્થિત રહી શાનદાર તક્રીરો ફર્માવી હતી. બુલબુલે બાગે મદીના હઝરત સૈયદ હામિદ રઝા સાહબ–જાફરાબાદે નઅતે રસૂલ તથા મનક્બત પેશ કરી હતી. આ જલ્સામાં હાફિઝ સાબિર રઝા સાહબ –જુનાગઢ, હાફિઝ ક઼ારી અબ્દુલ ગફ્ફાર સાહબે–તાલાલા, વગેરે ખાસ ઉપસ્થિત હહ્યા હતા. *–અરાકિને માં સાહિબા યંગ કમિટી (તલાલા)*

❒ **જસદણ** : 'બરકાતે ખ્વાજા'માં દીની કિતાબોમાં સામાન્ય લોકોએ ન વાંચેલ તેમજ તકરીરોમાં ન સાંભળેલ વિવિધ દીની માહિતી રજૂ કરવામાં આવે છે. જેનાથી દીની મા'લૂમાતમાં ઔર ઉમેરો થાય છે. વાંચકો અવામ દર માસે 'બરકાતે ખ્વાજા' માટે ઈન્તેઝારીપૂર્વક અંકની રાહ જોતા હોય છે, ઉત્સુક હોય છે. આ બાબત જ 'બરકાતે ખ્વાજા'ની મક઼બૂલિયતનો લોકચાહના, લોકપ્રિયતાનો પુરાવો છે. તટસ્થ નિષ્પક્ષ અને નીડરતાથી હક઼ બાબતો શરીઅતની રોશનીમાં રજૂ કરે છે.

અંતમાં દુઆ છે કે 'બરકાતે ખ્વાજા' દીની ખિદમત ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિની મંઝિલ તરફ આગેકૂચ જારી રાખે તેવી શુભેચ્છા સાથે અહીં વીરમું છું. ફક્ત વસ્સલામ. *લિ. હબીબ એ તરકવાડિયા (બી.એ.)* જસદણ

### ★ દયાદરામાં જશ્ને શહીદે આ'ઝમ વ મુફ્તીએ આ'ઝમ (رضی اللہ عنہما) ★

**દયાદરા** : ખાતે મુહર્રમ શરીફ ચાંદ ૧ થી ૧૧ સુધી મુખ્તારુલ મસાજિદમાં ઈશા બાદ મેહફિલે દુરૂદ તથા ખત્મે યાસીન શરીફ શોહદાએ કર્બલાના ઈસાલે સવાબ અર્થે કરવામાં આવ્યો. ચાંદ ૬ થી ૯ સુધી મસ્જિદમાં ઈશા બાદ હઝરત મૌલાના તૌસીફ રઝા હલદરવીએ શોહદાની શાનમાં બયાન કર્યું. ૧૦ મીની રાત્રે મોટા ચકલા પર જશ્ને શહીદે આઝમ رضی اللہ عنہ શાનો શૌક઼તથી મનાવાયો જેમાં મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ શાનદાર બોધદાયક બયાન કર્યું હતું. બીજા દિવસે ૧૦ મુહર્રમની સવારે મસ્જિદમાં ૮ વાગે ક઼ારી મક઼સૂદ કાવીવાળા (પેશઈમામ) સાહબે મન્ક઼બત પેશ કરી અને મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે બયાન કર્યું. બાદમાં ૨ રકાત નફલ દરેકે પઢયા બાદ દુઆએ આશૂરા પઢાવાઈ છેવટમાં દુઆ સલાતો સલામ થઈ.

૧૪ મુહર્રમની રાત્રે પણ મોટા ચકલા પર જશ્ને હુઝૂર મુફતીએ આ'ઝમ رضی اللہ عنہ મનાવાયો જેમાં મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે મુફતીએ આ'ઝમ رضی اللہ عنہથી ઈસ્તિક઼ામત તથા શરીઅતની પાબંદી પર શાનદાર બોધદાયક બયાન કર્યું હતું.

### મનસુર જમાતનું ગૌરવ

**માંડવી** : (જિ. સુરત) : હાજી આસિફબાવા એફ. (ક઼મરી દરિયાઈ) લખી જણાવે છે કે મારો ભાણેજ સમીર મુહમ્મદ (ક઼મરી દરિયાઈ) જે હમારા પીરો મુર્શિદ હઝરત પીરે તરીક઼ત સૈયદ ક઼મરૂદ્દીન બાવા સાહેબ (કારંટવી)ની દુઆથી **S.V.N.I.T.** કોલેજ સૂરતમાં **E.C.** કોર્સમાં માસ્તર ડિગ્રીમાં **99%** મેળવી પ્રથમ નંબરે આવેલ છે. જેની ખુશીમાં રૂા. ૫૦૦/– લિલ્લાહ ઈમદાદ મોકલી છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં દીની દુનિયવી ઈલ્મોથી સમીરભાઈને માલામાલ કરે, દીનદારી અતા ફર્માવે. (અમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*